આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### રાજયની નવરચિત ૯ મહાનગરપાલિકાની હદમાં ઉમેરાયેલા વિસ્તાર અને ટ્રાન્ઝીશન ફેઈઝને ધ્યાનમાં લઈને નાગરિક સુવિધા ઉભી કરવા મુખ્યમંત્રીનો નિર્ણય

# વાપી અને નવસારી મનપાને ૧૧ પ્રોજેક્ટ માટે જમીન વિનામૂલ્યે ફાળવાશે

**કયા ૧૧ પ્રોજેકટો માટે જમીન મળશે ?**

- નગર સેવા સદન (કચેરી મકાન)
- ફાયર સ્ટેશન
- સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)
- વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP)
- ભૂગર્ભ ગટર ડ્રેનેજ
- પંપિંગ સ્ટેશન
- વોટર સપ્લાય પ્રોજેક્ટ
- સોલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ
- સ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરી
- બાલવાડી (આંગણવાડી)
- ટાઉન હોલ
- કોમ્યુનિટી હોલ - કન્વેન્શન સેન્ટર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓને મજબૂત બનાવીને નાગરિકોને ઝડપી અને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા એક મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ રાજ્યની નગરપાલિકાઓને આવા લાભ આપવાના અગાઉ કરેલા નિર્ણયમાં હવે આ નવી ૯ મહાનગરપાલિકાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અનુસાર રાજ્યની વાપી, મહેસાણા, પોરબંદર, મોરબી, ગાંધીધામ, નડિયાદ, આણંદ, નવસારી અને સુરેન્દ્રનગર એમ નવી રચાયેલી કુલ ૯ મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી જાહેર હિતની વિવિધ ૧૧ જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

આ મહાનગરપાલિકાઓ અગાઉની અ વર્ગની નગરપાલિકાઓમાંથી નવી મહાનગરપાલિકા બનેલી છે અને તેનો હાલ ટ્રાન્ઝિશન ફેઈઝ ચાલે છે. એટલું જ નહીં, નવી મહાનગરપાલિકાઓની હદમાં પણ મોટો વિસ્તાર ઉમેરાયો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ નવી મહાનગરપાલિકાઓમાં સર્વાંગી વિકાસ કામો ઝડપથી થઈ શકે તે હેતુસર જિલ્લા કક્ષાએ જમીન ફાળવણીની પ્રક્રિયા વધુ સરળ બનાવવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી મહાનગરપાલિકાઓને નાગરિક સુખાકારી માટે જે ૧૧ મહત્વના જાહેર પ્રોજેક્ટ્સ માટે વિનામૂલ્યે જમીન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે તેમાં નગર સેવા સદન (કચેરી મકાન), ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP), વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP), ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પંપિંગ સ્ટેશન, વૉટર સપ્લાય પ્રોજેક્ટ (પાણી પુરવઠાના કામો), સૉલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વૉટર ડ્રેનેજની કામગીરી (વરસાદી પાણીના નિકાલ માટે), બાલવાડી (આંગણવાડી) તેમજ ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીના આ દુરોગામી નિર્ણયને પરિણામે નવી મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં ફાયર સ્ટેશન, એસ.ટી.પી., સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને જાહેર બાગ બગીચા જેવી બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝનું ત્વરાએ નિર્માણ થઈ શકશે તથા શહેરી વિકાસ કામોમાં પણ નવી ગતિ આવશે.

## દમણ-દીવમાં SIR પ્રક્રિયા પૂર્ણ : ૪૧ હજારથી વધુ ફોર્મ બાકી

### ૧૧ સપ્ટેમ્બરે મતદાર યાદીનો અંતિમ રોલ જાહેર કરવામાં આવશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** દમણ અને દીવમાં મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR)ની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ પ્રક્રિયા દરમિયાન કુલ ૧,૩૬,૩૬૪ મતદાતાઓમાંથી ૯૫,૧૪૪ મતદાતાઓએ SIR ફોર્મ જમા કરાવ્યા છે,

જ્યારે ૪૧,૨૦૨ મતદાતાઓએ હજુ સુધી પોતાનું નામ નોંધાવ્યું નથી. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં ચૂંટણી નોંધણી અધિકારી તથા ઉપકલેક્ટર આરતી અગ્રવાલે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને પત્રકારોને SIR પ્રક્રિયાની માહિતી આપી હતી. બેઠકમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયા, જિલ્લા અધ્યક્ષ ભરત પટેલ સહિત અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.

ઉપકલેક્ટર આરતી અગ્રવાલે જણાવ્યું હતું કે મતદાર યાદીનો ડ્રાફ્ટ રોલ પ્રકાશિત કરવામાં આવ્યો છે. હવે ૯ ઓગસ્ટ સુધી બૂથ લેવલ ઓફિસરો પોતાના વિસ્તારમાં ઉપલબ્ધ રહેશે. જે મતદાતાઓ કોઈ કારણસર SIR પ્રક્રિયામાં રહી ગયા હોય તેઓ જરૂરી દસ્તાવેજો સાથે ફોર્મ-૬ ભરી પોતાનું નામ મતદાર યાદીમાં સામેલ કરાવવા અરજી કરી શકશે.તેમણે વધુમાં જણાવ્યું કે તમામ દાવા અને વાંધાઓની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૧ સપ્ટેમ્બરે મતદાર યાદીનો અંતિમ રોલ જાહેર કરવામાં આવશે.

## કપરાડાના લીખવડમાં ચર્ચ બનાવી ધર્માંતરણના પ્રયાસ સામે આવેદન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** કપરાડા તાલુકાના લીખવડ ગામે આદિવાસી સમાજની ખેતીલાયક જમીન પર ગેરકાયદેસર રીતે ખ્રિસ્તી ધર્મનું દેવળ ઊભું કરી, સ્થાનિક આદિવાસીઓનું મોટા પાયે ધર્માંતરણ કરાવવાનું ચાલી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ કરતું આવેદનપત્ર વલસાડ જિલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું છે.

કપરાડા તાલુકાના લીખવડ ગામના જાગૃત નાગરિક કિશનભાઈ કાશીરામ ચૌધરી અને અન્ય ગ્રામજનો દ્વારા વલસાડ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું કે, લીખવડ ગામના આદિવાસી પરિવારો પેઢીઓથી ખેતી-મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગામના કેટલાક ઈસમો દ્વારા આદિવાસી સમાજને લાલચ આપીને અથવા દબાણપૂર્વક ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરવાના - યાસો થઈ રહ્યા છે. આદિવાસીઓની વડીલોપાર્જિત ખેતીની જમીન પર દાદાગીરી અને ધાકધમકી આપીને દેવળ બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, લીખવડ ગામના સરપંચ લક્ષ્મીબેન કાળુભાઈ ભીંવરા અને ગ્રામ પંચાયતના સભ્ય ગોપાળ બુધિયાએ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને પાકું દેવળ બનાવવાની મંજૂરી કે સંમતિ આપી દીધી છે. પંચાયતના દફતરે આવી કોઈ મંજૂરીની કાયદેસર નોંધ ન હોવા છતાં, બિન-ખેતી કરાવ્યા વગર ખેતીની જમીન પર ચર્ચ બાંધવાની પરવાનગી કોણે અને કઈ રીતે આપી, તેવા અનેક સવાલો ગ્રામજનો દ્વારા ઉઠાવવામાં આવ્યા છે. આવેદનપત્રમાં ગામના જ કેટલાક સ્થાનિક ઈસમો તેમજ બહારના ખ્રિસ્તી પાસ્ટરોના નામોનો ઉલ્લેખ કરીને જણાવાયું છે કે, આ લોકો આજુબાજુના ગરીબ આદિવાસીઓને લલચાવીને ઝડપથી ખ્રિસ્તી ધર્મમાં વટલાવી રહ્યા છે. આ આખી પ્રવૃત્તિ પાછળ કેટલાક ચોક્કસ રાજકીય આગેવાનોનું પીઠબળ હોવાનો પણ સણસણતો આક્ષેપ કરાયો છે. ગામના અંદાજે ૭૦ ટકા જેટલા આદિવાસી લોકોનું ગેરકાયદેસર રીતે ધર્માંતરણ કરાવી દેવાયું હોવાનો દાવો પણ રજૂઆતમાં કરાયો છે. તેમની પરંપરાગત ધાર્મિક પૂજા પદ્ધતિ અને રીત-રિવાજોનું રક્ષણ થાય , ખેતીની જમીન પર બની રહેલું આ ગેરકાયદેસર દેવળ તાત્કાલિક અટકાવવામાં આવે, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારા તત્વો સામે કડકમાં કડક કાનૂની પગલાં લેવામાં આવે એવી ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો આ બાબતે વહીવટી તંત્ર દ્વારા તાકીદે યોગ્ય પગલાં ભરીને ન્યાય આપવામાં નહીં આવે, તો આગામી સમયમાં કોઈ પણ ઘટના બનશે તો તેની તમામ જવાબદારી પ્રશાસનની રહેશે.

## વાપીની સિટી સર્વે કચેરી બલીઠા ખસેડવા અંગે રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપી ટાઉનમાં વર્ષોથી કાર્યરત સિટી સર્વે કચેરીને બંધ કરીને બલીઠા સ્થિત મામલતદાર કચેરી ખાતે ખસેડવાના નિર્ણય સામે જમીનધારકો, ખેડૂતો અને મિલકત માલિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના મતે આ નિર્ણયથી વાપી શહેર તેમજ આસપાસના પાંચથી સાત ગામોના લોકોને રોજિંદા જમીન સંબંધિત કામકાજ માટે લાંબું અંતર કાપવું પડશે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થશે. જમીનના નકશા, માપણી, રેકોર્ડ સુધારા, મિલકત સંબંધિત દાખલા સહિતના કામો માટે અત્યાર સુધી વાપી ટાઉનમાં સરળતાથી સેવા મળતી હતી.

હવે તમામ કામગીરી બલીઠા ખાતે કેન્દ્રિત થતાં સામાન્ય નાગરિકો, ખેડૂતો, વકીલો અને દસ્તાવેજ નોંધણી કરાવવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડશે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિક ખેડૂત અને મિલકત ધારકોનું કહેવું છે કે વાપી શહેરની વધતી વસ્તી અને જમીન સંબંધિત કેસોની સંખ્યાને ધ્યાનમાં લેતાં સિટી સર્વે કચેરી બંધ કરવાને બદલે તેને ઝોન કચેરી તરીકે યથાવત કાર્યરત રાખવી જોઈએ. તેનાથી વાપી શહેર અને આસપાસના કુંતા મોરાઈ વટાર બલીઠા ચલા નામધા અને ચંડોર ગામોના લોકોને સરળતાથી સેવાઓ મળી રહેશે અને વહીવટી ભાર પણ ઘટશે.

વાપીના સ્થાનિકોએ સરકાર અને જિલ્લા વહીવટીતંત્રને આ નિર્ણય પર પુનર્વિચાર કરી વાપીની જૂની સિટી સર્વે કચેરીને ઝોન કચેરી તરીકે ચાલુ રાખવાની માંગ કરી રહ્યા છે.

## પારડી પાલિકાની સામાન્યસભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી નગરપાલિકાની સામાન્ય સભા આજરોજ પાલિકા સભાખંડમાં મળી હતી જે સામાન્ય સભામાં ખાસ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ ને બહાલી તથા કારોબારી સભાની કાર્ય નોંધ ને બહાલી આપી રસ્તા સાથે વિવિધ વિકાસના કાર્યોને લીલી ઝંડી આપવામાં આવી હતી આ સભામાં કોંગ્રેસ અને ભાજપના સભ્યોએ વિવિધ પ્રજાલક્ષી પ્રશ્નો રજૂ કર્યા હતા અને હિસાબ બાબતે ખુલાસો માંગ્યો હતો આ સામાન્ય સભા માં એજન્ડા ઉપર માત્ર બે જ મુદ્દા હતા. બંને ઠરાવ મંજૂર કરવામાં આવ્યા હતાં. સભામાં વિરોધ પક્ષના નેતા કોંગ્રેસના બીપીનભાઈ પટેલ કે જેમણે ગત સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવેલ હિસાબો બાબતે ખુલાસો માંગ્યો હતો અને બાબા સાહેબ આંબેડકરની સભાખંડમાં તકતી



અને ભગવાન બિરસા મુંડા સર્કલના નિર્માણના થયું હોય જેથી તાત્કાલિક કરવા માંગણી કરી હતી.

ભાજપના વોર્ડ નંબર ૭ ના સભ્ય અને શાસક પક્ષના નેતા નેહાબેન ભંડારીએ ભેંસલા પાડ ડમ્પિંગ સાઈડના તમામ મશીનો બંધ પડ્યા હોય એને બહારગામના લોકો પાસેથી કચરો નિકાલ કરવા માટે પૈસા લેવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ કર્યા હતા અને એની તપાસ માંગી હતી. કોંગ્રેસના વોર્ડ નંબર ત્રણના સભ્ય પરવેઝભાઈએ પણ ડમ્પિંગ સાઈડ કચરા નિકાલનો મુદ્દો ઉઠાવ્યો હતો.

જનતાના કામો કરાવવા માટે કોર્પોરેટરને ચીફ ઓફિસરની રાહ જોવી પડે એવો એમણે આક્ષેપ કર્યો હતો. સભ્ય વનિતાબેન પટેલે વોર્ડ નંબર ત્રણમાં પ્રિમોન્સૂન કામગીરી કરવામાં આવી નથી એવા આક્ષેપ કર્યો હતો. આ સિવાયના જે વિવિધ પ્રશ્નો સભ્ય તરફથી રજૂ કરવામાં આવ્યા હતા એનો નિકાલ કરવા માટે ચીફ ઓફિસર કોમલબેને તમામ સભ્યોને સભામાં ખાતરી આપી હતી.

## વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ

### પાણી પુરવઠા, ડ્રેનેજ અને આશ્રયસ્થાન સહિતના વિકાસકાર્યો અને ૨૫ મુદ્દાઓ મંજૂર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક ચેરમેન સતીષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શહેરના વિકાસલક્ષી કાર્યો, નાગરિક સુવિધાઓના વિસ્તરણ તેમજ વહીવટી અને નાણાકીય મુદ્દાઓને લગતા કુલ ૨૫ મહત્વના મુદ્દા પર ચર્ચા કરી સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકમાં પાણી પુરવઠા વિભાગની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે કન્સલ્ટન્સી ફી અને જરૂરી માલસામાનની ખરીદી માટેના બજેટમાં રૂ. ૨૫-૨૫ લાખનો વધારો મંજૂર કરવામાં આવ્યો હતો. ઉપરાંત, રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ સુલપડ ખાતે શહેરી બેઘર નાગરિકો માટે કાર્યરત આશ્રયસ્થાનનું સંચાલન કરતી એનજીઓ સહયોગ હેલ્પિંગ હેન્ડ ટ્રસ્ટ સાથેનો કરાર વધુ ત્રણ વર્ષ માટે રિન્યુ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ સિવાય પાણી પુરવઠા, બાંધકામ અને વહીવટી વિભાગના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જૂન-૨૦૨૫ દરમિયાન થયેલા ખર્ચાને મંજૂરી આપવાની સાથે પાણી પુરવઠા વિભાગના વિવિધ મરામત કાર્યો, શહેરના વિવિધ વિસ્તારોમાં આર.સી.સી. ડ્રેનેજ પાઈપલાઈન નાખવાના કામો તથા અન્ય વિકાસલક્ષી કાર્યોના ટેન્ડરોને પણ મંજૂરી આપવામાં આવી હતી. ચર્ચા દરમિયાન સભ્યોએ વિવિધ સૂચનો રજૂ કર્યા હતા.

જેને ધ્યાનમાં રાખીને તમામ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા. સ્થાયી સમિતિના ચેરમેન સતીષભાઈ પટેલે જણાવ્યું હતું કે મંજૂર કરાયેલા તમામ વિકાસ કાર્યો સમયમર્યાદામાં અને ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. અને ખાસ કરીને ચલા વિસ્તારના નાગરિકોને પૂરતું અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે હાલની પાણી પુરવઠા વ્યવસ્થાનું મૂલ્યાંકન કરીને પાણીના સ્રોતોમાં વધારો, વિતરણ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આયોજન કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા, વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ વાળંદ દ્વારા કરવામાં આવ્યું હતુ.

## દાનહ કોંગ્રેસમાંથી મહેશ ધોડીની હકાલપટ્ટી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૦ :** દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ભાજપમાં જોડાયેલા પ્રદેશ ઉપપ્રમુખ મહેશ ધોડીને તમામ હોદ્દાઓ પરથી દૂર કરીને પક્ષમાંથી તાત્કાલિક અસરથી હકાલપટ્ટી કરી છે. શુક્રવારે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયાએ ભાજપ તથા કેટલાક વહીવટી અધિકારીઓ પર કોંગ્રેસને નબળી પાડવાના પ્રયાસોના આક્ષેપ કર્યા હતા.

પત્રકાર પરિષદ બાદ મીડિયા સાથેની વાતચીત દરમિયાન પ્રભુ ટોકિયાએ વધુ એક ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું કે દાદરા અને નગર હવેલીમાં ભાજપના અનેક પદાધિકારીઓ સરકારી જમીન પરના મુખ્ય વિસ્તારોમાં કથિત રીતે ઓફિસો, દુકાનો અને અન્ય વ્યાવસાયિક એકમો ચલાવી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે આવા કથિત ગેરકાયદે કબજાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી, જ્યારે કોંગ્રેસના નેતાઓને પસંદગીપૂર્વક નોટિસો અપાઈ રહી છે. જોકે તેમણે આ દાવાને સમર્થન આપતા કોઈ ચોક્કસ ભાજપના પદાધિકારીનું નામ કે દસ્તાવેજ જાહેર કર્યા નહોતા.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

આજે વાંચો..... પા.નં. ૫ ઉપર
- નોખી - અનોખી : જીવન જીવવાની જડીબુટ્ટી
- વીણેલા ફૂલ : ગેંગરિન ● સંવેદન : 'આદર આપી આગળ વધજે
- પ્રીતનું ઝરણું : તારો અને મારો સાથ... પ્રીતનું અવિરત વહેતું ઝરણુ
- શબ્દથી શબ્દ સુધી : બધા ગામડાઓ ગામડીયા નહીં પણ શહેરી થઈ ગયા છે!

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

### પાણી પુરવઠા અને સ્વચ્છતા કામગીરીની

## નવસારી જિલ્લામાં કલેક્ટર દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ



**નવસારી, તા.૧૦ :** જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ (District Water and Sanitation Committee)ની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન નવસારી જિલ્લાના ૩૯૬ ગામોમાં કરવામાં આવેલા સર્વેક્ષણના આધારે પાણી પુરવઠા અને સ્વચ્છતા સંબંધિત વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા જળ અને સ્વચ્છતા એકમના યુનિટ મેનેજરએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં પાણીવેરાની વસૂલાત, ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓના દૈનિક સંચાલન દરમિયાન આવતી મુખ્ય સમસ્યાઓ, પાણી પુરવઠાથી વંચિત રહેલા ઘરોના Adequacy Gaps, પાણીની ગુણવત્તાના પરીક્ષણો (Water Quality Tests), પાણી સંરક્ષણ માટે હાથ ધરાયેલા પગલાં તેમજ જર્જરીત પાણીની ટાંકીઓની સ્થિતિ અંગે વિગતવાર રજૂઆત કરી હતી.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ સંબંધિત અધિકારીઓને પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક સંચાલન સુનિશ્ચિત કરવા, પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે નિયમિત પરીક્ષણો હાથ ધરવા, પાણી સંરક્ષણના પ્રયાસોને વધુ વેગ આપવા તેમજ જર્જરીત પાણીની ટાંકીઓ અંગેની જરૂરી કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી.

આ ઉપરાંત જૂન માસ દરમિયાન પાણી પુરવઠા વિભાગના રાજ્યસ્તરે કાર્યરત ટોલ ફ્રી નંબર પર જિલ્લામાંથી કુલ ૫૪ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી, જે પૈકી તમામ ફરિયાદોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હોવાનું બેઠકમાં જણાવાયું હતું.

જિલ્લા કલેક્ટરએ નાગરિકોને ગુણવત્તાયુક્ત અને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ થાય તેમજ પાણી પુરવઠા વ્યવસ્થામાં સતત સુધારો થાય તે માટે તમામ સંબંધિત વિભાગોએ પરસ્પર સંકલન સાથે કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, વાંસદા પ્રાયોજના વહીવટદાર સ્વપ્નીલ સિસેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ખ્યાતિ પટેલ, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમના યુનિટ મેનેજર ડી પટેલ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બીલીમોરામાં પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૦ :** જિલ્લા અધિકારી ડૉ. રંગૂનવાલા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મયંકભાઈ તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. અંજના મેડમના માર્ગદર્શન હેઠળ ગુરુવારે બીલીમોરાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફ દ્વારા સઘન એન્ટી લાર્વલ એક્ટિવિટી હાથ ધરવામાં આવી હતી. અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. રાજેન્દ્ર ગઢવી તથા ડૉ. ભૂમિ મેડમના સીધા સુપરવિઝન હેઠળ પાણી ભરાયેલા વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય તે માટે દવા વિતરણ, ઓ.પી.ડી., ટેમીફોસ કામગીરી, સ્લાઈડ એક્ટિવિટી તેમજ મચ્છરોના ઉપદ્રવને રોકવા ગપ્પી ફીશ એક્ટિવિટી જેવી વિવિધ આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ વેગવંતી કરાઈ હતી. આ સમગ્ર સેવાકીય કાર્યક્રમનું સફળ આયોજન કરનાર અર્બન હેલ્થ સેન્ટરના તમામ સ્ટાફ મિત્રોની કપરી પરિસ્થિતિમાં ઉમદા કામગીરીને બિરદાવી ડૉ. રાજેન્દ્ર એમ. ગઢવીએ અંતમાં સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકના હસ્તે

## આહવા સનસેટ પોઈન્ટ ખાતે વૃક્ષારોપણ કરાયું



**આહવા, તા.૧૦ :** ડાંગ જિલ્લા વન વિભાગના સંયુક્ત ઉપક્રમે આજરોજ આહવા સનસેટ પોઈન્ટ ખાતે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના એક પેડ મા કે નામ અભિયાન ૩.૦ અંતર્ગત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત, જિલ્લા કલેક્ટર એન.ડી.પરમાર, જિલ્લા પોલીસ વડ પૂજા યાદવ સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, એક પેડ માં કે નામ અભિયાનનો હેતુ માત્ર વૃક્ષારોપણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ વાવેલા દરેક વૃક્ષનું સંવર્ધન અને જતન કરીને આવનારી પેઢીઓને હરિયાળું, સ્વસ્થ અને પર્યાવરણને સંતુલિત રાખવાનો છે. વિજયભાઈ પટેલે વાવેલા તમામ વૃક્ષોનું જતન અને સંવર્ધન થાય તે માટે સંબધિત અધિકારીઓને ધ્યાન રાખવા માટે સુચવ્યું હતું. જિલ્લા કલેક્ટર એન.ડી, પરમારે જણાવ્યું હતું કે, આહવા સનસેટ પોઈન્ટ ઉપર એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વાવેલાં દરેક વૃક્ષોનુ જતન અને સંવર્ધન થાય તે સંકલ્પ સાથે સૌએ વૃક્ષારોપણ કર્યું છે. ત્યારે આપણે પણ સૌ આ ઉત્તમ ૠતુમાં પોતાના ઘર આંગણા કે ખાલી જગ્યામાં વૃક્ષ વાવવાનો સંકલ્પ લઈએ તેમજ વૃક્ષોનું જતન કરીએ. કલેક્ટર એ વૃક્ષારોપણ થી ગ્રીન કવરેજનો વ્યાપ વધારવા સૌને અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા શહેરો, ગામો, જાહેર સ્થળો અને ખાલી સરકારી જમીનો પર વનો વિકસાવીને હરિયાળા ગુજરાતના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે સંદર્ભે વહીવટી તંત્ર તેમજ વન વિભાગની આ કામગીરી દર્શાવે છે કે, વૃક્ષારોપણ એ માત્ર એક પ્રતીકાત્મક કાર્યક્રમ નથી, પરંતુ પર્યાવરણ સુરક્ષા અને ભાવિ પેઢી માટે સ્વચ્છ, હરિયાળું તેમજ સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરવાની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પહેલ છે.

આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના સદસ્ય મંગળભાઈ ગાવિત, આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિચંદભાઈ ભોયે તેમજ મદદનીશ વનસંરક્ષક જૈનિલ દેસાઈ, આરતી ડામોર, પરેશ ગાયકવાડ, રાહુલ પટેલ, આર.એફ.ઓ ઓ, બિડગાર્ડ સહિતના વનકર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિશિષ્ઠ સિધ્ધિઓ ધરાવતા બાળકો માટે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-૨૦૨૬' નોમિનેશન શરુ

### ડાંગમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા માર્ગદર્શન પુરુ પડાશે : તા. ૩૧, જુલાઈ-૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૦ :** ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૬ માટેના 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' માટેની નોમિનેશન પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા અને વિવિધ ક્ષેત્રોમાં વિશેષ સિધ્ધિ હાંસલ કરનાર બાળકો આગામી તારીખ ૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર ઓનલાઈન માધ્યમથી પોતાનું આવેદન પત્ર રજૂ કરી શકે છે. આ પુરસ્કારનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોની અસાધારણ પ્રતિભાને ઓળખી તેમને રાષ્ટ્રીય ફલક પર પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ખાસ કરીને એવા બાળકોને આપવામાં આવે છે, જેમણે સાહસિકતા, રમતગમત, સમાજ સેવા, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ, કલા અને સંસ્કૃતિ તેમજ નવીનતા (ઈનોવેશન) જેવા સાત મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હોય.આ યોજના અંતર્ગત બાળકોને તેમની વિશિષ્ટ કામગીરીના આધારે 'બાળ બહાદુરી એવોર્ડ અને બાળ શ્રેષ્ઠતા એવોર્ડ એમ બે મુખ્ય શ્રેણીઓમાં સન્માનિત કરવામાં આવે છે. આ પુરસ્કાર બાળકોના આત્મવિશ્વાસ માં વધારો કરવાની સાથે અન્ય બાળકો માટે પણ પ્રેરણારૂપ બને છે. પુરસ્કાર માટેની યોગ્યતા અંગેની વિગતો અનુસાર, આવેદન કરનાર બાળકની ઉંમર ૫ થી ૧૮ વર્ષની વચ્ચે હોવી અનિવાર્ય છે. આ ઉપરાંત, ઉમેદવારે છેલ્લા ૦૨ વર્ષ દરમિયાન જે-તે ક્ષેત્રમાં કરેલ શ્રેષ્ઠ પ્રદર્શન કે સેવા અંગેના આધાર-પુરાવાઓ સાથે નિયત સમયમર્યાદામાં નોમિનેશન કરવાનું રહેશે. લાયકાત ધરાવતા બાળકોએ સત્તાવાર વેબસાઈટ https://awards.gov.in/Home/AwardLibrary પર જઈને ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ પોર્ટલ પર પુરસ્કાર અંગેની અન્ય તમામ વિગતવાર માહિતી અને માર્ગદર્શિકા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ એવોર્ડ અને નોમિનેશન પ્રક્રિયા અંગે વધુ જાણકારી અથવા માર્ગદર્શન મેળવવા માટે ડાંગ જિલ્લાના નાગરિકોને જિલ્લા બાળ સુરક્ષા એકમ, ડાંગ-આહવાનો સંપર્ક કરવા જણાવાયું છે.

રસ ધરાવતા વ્યક્તિઓ જિલ્લા બાળ સુરક્ષા એકમ, ડાંગ-આહવા, પ્રથમ માળ, જૂની કલેક્ટર કચેરી, ડાંગ- આહવા ખાતે રૂબરૂ અથવા કચેરીના ટેલીફોન નંબર ૦૨૬૩૧ - ૨૨૦૧૦૬ પર સંપર્ક કરી શકે છે.

### વિશ્વ જનસંખ્યા દિવસ સંતુલિત જનસંખ્યા, સમૃદ્ધ સમાજનું પાયાનું પગથિયું

## ડાંગ જિલ્લાની જનસંખ્યા : વિકાસનું દર્પણ અને આયોજનનો આધાર

**અહેવાલ : મનોજ ખેંગાર**



દર વર્ષે તા.૧૦ મી જુલાઈના રોજ વિશ્વ જનસંખ્યા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વધતી જતી જનસંખ્યા, પ્રજા આરોગ્ય, માતા-શિશુ આરોગ્ય, પરિવાર કલ્યાણ, મહિલા સશક્તિકરણ અને ટકાઉ વિકાસ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.

વિશ્વની વધતી જનસંખ્યા વિકાસ માટે એક તરફ માનવશક્તિનું મોટું સાધન છે. તો બીજી તરફ ખોરાક, પાણી, આરોગ્ય, શિક્ષણ, રોજગાર, આવાસ અને પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં પડકારો પણ ઊભા કરે છે. તેથી જનસંખ્યા અને ઉપલબ્ધ સંશાધનો વચ્ચે સંતુલન જાળવવું અત્યંત જરૂરી બન્યું છે.

આ વેળા ગુજરાતના છેવાડે આવેલા અને સૌથી નાનકડા એવા ડાંગ જિલ્લાની જનસંખ્યા અને તેના રસપ્રદ આંકડા તરફ એક દ્રષ્ટિપાત કરી લઈએ.

આજના દિવસે ડાંગ જિલ્લાની જનસંખ્યાની વાત કરીએ તો વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ડાંગ જિલ્લામાં કુલ ૨,૨૮,૨૯૧ વસ્તી છે. જેમાં ૧,૧૩,૮૨૧ પુરુષો અને ૧,૧૪,૪૭૦ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જિલ્લાની ગ્રામ્ય વસ્તી ૨,૦૩,૬૦૪ છે, જ્યારે શહેરી વસ્તી માત્ર ૨૪,૬૮૭ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે ડાંગ જિલ્લો મુખ્યત્વે ગ્રામ્ય અને આદિવાસી જીવનશૈલી ધરાવતો વિસ્તાર છે. વસ્તીની ઘનતા -તિ ચોરસ કિલોમીટરે ૧૨૯ વ્યક્તિઓ જેટલી નોંધાય છે.

અનુસૂચિત જનજાતિની વસ્તી જિલ્લામાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કુલ અનુસૂચિત જનજાતિ વસ્તી ૨,૧૬,૦૭૩ છે, જે જિલ્લાની કુલ વસ્તીનો લગભગ ૯૪ ટકા જેટલો ભાગ બને છે. સાક્ષરતા દર ૭૫.૧૬ ટકા નોંધાયો છે, જે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ પ્રત્યે વધી રહેલી જાગૃતિ દર્શાવે છે.

ગુજરાતના રજીસ્ટ્રાર જનરલ તથા સેન્સસ કમિશનરની કચેરી તરફથી ઉપલબ્ધ થયેલી વિગતો અનુસાર, સને ૨૦૧૧માં ડાંગ જિલ્લાની નોંધાયેલી વસ્તીનું પૃથક્કરણ કરીએ તો અહીં જિલ્લાની કુલ ૨,૨૮,૨૯૧ ની વસતી પૈકી ૬,૫૦૫ મુખ્ય કામદારો (જેમાં ૯૨ ખેડૂતો, ૯૦૬ ખેતમજૂરો, ૨૨૮ ગૃહ ઉદ્યોગમાં કામ કરનારાઓ, અને ૫,૨૭૯ અન્ય કામ કરનારાઓ) અને ૮૬૬ સીમાંત કામદારો મળી કુલ ૭,૩૭૧ કામદારો સરકારી દફતરે નોંધાયેલા છે. જેની સામે ૧૭,૩૧૬ કામ નહી કરનારાઓ પણ નોંધાવા પામ્યા છે. ધર્મવાર વર્ગીકરણ જોઈએ તો ડાંગ જિલ્લામા સને ૨૦૧૧ માં ૨,૦૩,૫૪૫ હિન્દુ, ૩,૫૯૩ મુસ્લિમ, ૨૦,૦૨૯ ક્રિશ્ચિયન, ૬૯ શીખ, ૩૨ બૌદ્ધ, ૩૯ જૈન, અન્ય ધર્મ કે સંપ્રદાયના ૫૬૦, અને ૪૨૪ વ્યક્તિઓએ ધર્મ નહીં દર્શાવેલ કોલમમાં દર્જ કરાયા છે.

જિલ્લાના ગામોનું વસ્તીના પ્રમાણમાં વર્ગીકરણ જોઈએ તો અહીં ૩૧૧ ગામો પૈકી ૩ શહેરી વિસ્તાર (આહવા, વઘઈ, અને સાપુતારા) બાદ કરતા ૩૦૮ ગ્રામ્ય વિસ્તારની ૨,૦૩,૬૦૪ ની વસતી પૈકી ૨૦૦ થી ઓછી જનસંખ્યા ધરાવતા ૧૯ ગામો (૨,૭૩૪ વસતી), ૨૦૦ થી ૪૯૯ સુધીની વસ્તી ધરાવતા ૧૦૬ ગામો (૩૭,૦૬૦ વસતી), ૫૦૦ થી ૯૯૯ જનસંખ્યા ધરાવતા ૧૩૩ ગામો (૯૪,૯૫૬ વસતી), ૧૦૦૦ થી ૧૯૯૯ વસતી ધરાવતા ૪૭ ગામો (૬૧,૨૧૧ વસતી), ૨૦૦૦ થી ૪૯૯૯ વસ્તી ધરાવતા ૩ ગામો (૭,૭૪૩ વસતી) નોંધાવા પામ્યા છે.

જ્યારે ત્રણ શહેરી વિસ્તારોની નોંધાયેલી કુલ ૨૪,૬૮૭ શહેરી વસતી પૈકી આહવા ખાતે ૧૫,૦૦૪ અને સાપુતારા ખાતે ૨,૦૬૮ મળી આહવા તાલુકાની કુલ ૧૭,૯૭૨ શહેરી વસતી, અને વઘઈની ૬,૭૧૫ ની જનસંખ્યા નોંધાવા પામી છે.

સને ૧૯૬૧ થી જોઈએ તો ડાંગ જિલ્લામાં તે વખતે કુલ ૭૧,૫૬૭ જનસંખ્યા નોંધાઈ હતી. જ્યારે ૧૯૭૧માં અહીં ૯૪,૧૮૫ ની વસતી નોંધાવા પામી હતી. તેજ રીતે સને ૧૯૮૧માં અહીં ૧,૧૩,૬૬૪ અને ૧૯૯૧ માં ૧,૪૪,૦૯૧ તો ૨૦૦૧માં અહીં ૧,૮૬,૭૨૯ અને ૨૦૧૧ માં ૨,૨૮,૨૯૧ જનસંખ્યા નોંધવામાં આવી હતી.

જેના અભ્યાસ ઉપરથી અહીં ૧૯૬૧ થી ૭૧ ના દાયકાનો વસતી વૃદ્ધિ દર ૩૧.૬ ટકા, ૧૯૭૧ થી ૮૧ નો ૨૦.૬૮, ૧૯૮૧ થી ૯૧ નો ૨૬.૭૭, ૧૯૯૧ થી ૦૧ નો ૨૯.૫૯, અને ૨૦૦૧ થી ૧૧ નો વસતી વૃદ્ધિ દર ૨૨.૨૬ આંકવામાં આવ્યો છે. ડાંગ જિલ્લાની વિશેષતા માત્ર તેના જંગલો અને કુદરતી સૌંદર્યમાં જ નથી. પરંતુ અહીંની સંસ્કૃતિ, લોકજીવન અને વિકાસના પ્રયાસોમાં પણ સમાયેલી છે. મહેમાનોને સ્નેહપૂર્વક આવકારવાની પરંપરા, આદિવાસી સંસ્કૃતિની ઝલક અને પ્રકૃતિ સાથેનું સહઅસ્તિત્વ ડાંગને ગુજરાતનું અનોખું ઘરેણું બનાવે છે.

વાત કરીએ વિશ્વ જનસંખ્યા દિવસની તો તેની શરૂઆત વર્ષ ૧૯૮૯માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી. ૧૧ જુલાઈ, ૧૯૮૭ના રોજ વિશ્વની જનસંખ્યા ૫ અબજ સુધી પહોંચી હતી, જેને ફાઈવ બિલિયન ડે તરીકે ઓળખવામાં આવે છે. ત્યારથી દર વર્ષે ૧૧ જુલાઈએ વિશ્વ જનસંખ્યા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશોમાં અગ્રેસર છે. વધતી જનસંખ્યા સાથે આરોગ્ય સેવાઓ, શિક્ષણ, રોજગારી અને કુદરતી સંશાધનો પર ભાર વધે છે. આથી પરિવાર નિયોજન, જવાબદાર માતાપિતા બનવાની ભાવના અને મહિલાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવું સમયની જરૂરિયાત છે.

## ડાંગ જિલ્લામાં SGFI જિલ્લા/તાલુકા કક્ષાની શાળાકીય સ્પર્ધાઓ યોજાશે

**આહવા, તા. ૧૦ :** ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ડાંગ દ્વારા સંચાલિત SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) જિલ્લા/તાલુકા કક્ષાની શાળાકીય અંડર-૧૪, ૧૭ અને ૧૯ સ્પર્ધાઓનું તારીખ ૧૪ જૂલાઇ થી આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાઓ અંતર્ગત અંડર-૧૧માં ધોરણ ૩ થી ૫ સુધીના વિદ્યાર્થીઓ, જ્યારે અંડર-૧૪ (શાળાકીય બાળ રમતો), અંડર-૧૭ અને અંડર-૧૯ની શાળાકીય રમતોમાં ધોરણ ૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. તાલુકા કક્ષાએ એથ્લેટિક્સ, કબડ્ડી, ખો-ખો અને વોલીબોલ જેવી સ્પર્ધાઓ યોજાશે. જ્યારે જિલ્લા કક્ષાએ ચેસ, લોન ટેનિસ, સ્કેટિંગ, ફૂટબોલ, કુસ્તી, સોફ્ટબોલ, ક્રિકેટ, હોકી, ટેબલ ટેનિસ, જુડો, કરાટે, આર્ચરી, યોગાસન, શૂટિંગ, હેન્ડબોલ અને બાસ્કેટબોલ સહિત કુલ ૪૦ જેટલી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધાના નિયમો અનુસાર, ભાગ લેનાર તમામ ખેલાડીઓએ પોતાના પ્રવેશપત્રમાં વિદ્યાર્થીનો ૧૮ અંકનો આધાર ડાયસ નંબર ફરજિયાતપણે દર્શાવવાનો રહેશે. આ ઉપરાંત, કોઈ પણ ખેલાડી માત્ર એક જ વયજૂથની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સમયપત્રક અનુસાર, તાલુકા કક્ષાની સ્પર્ધાઓ આગામી તારીખ ૧૪ જુલાઈ થી જિલ્લા/તાલુકા કક્ષાની સ્પર્ધાઓ શરૂ થશે. ચોમાસાની ૠતુ હોઈ, વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખીને આ તારીખોમાં ફેરફાર થઈ શકે છે, જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા જિલ્લા રમતગમત અધિકારી, ડાંગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ડાંગમાં દારૂના જથ્થા સાથે ૨ ઈસમોને ઝડપી પાડ્યા

**સાપુતારા, તા.૧૦ :** ડાંગ જિલ્લા પોલીસે એક શંકાસ્પદ DD પાસીંગની ફોર વ્હીલ ગાડી વાંસદા તરફથી વઘઈ-આહવા રોડ ઉપર જનાર છે. આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમ તુરંત જ વઘઈ તરફ રવાના થઈ હતી. પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, બુટલેગરોએ ગાડી ઉભી રાખી ન હતી. ફિલ્મી ઢબે કારનો પીછો કર્યો હતો. પરંતુ પૂરઝડપે ભાગવા જતાં ચાલકે કાબૂ ગુમાવતા દારૂ ભરેલી કાર જંગલમાં પલટી મારી ગઈ હતી. ગાડી પલટી મારી જતાં તેમાં સવાર બે ઈસમો પકડી પાડ્યા હતા. પોલીસે કારમાં તપાસ કરતા તેમાંથી નાની-મોટી વિદેશી દારૂની કુલ ૫૪ બોટલો તથા ૨૮ નંગ બીયરના ટીન મળી આવ્યા હતા. કુલ કિંમત રૂ. ૫,૪૩,૪૨૪/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.પકડાયેલા ઉત્તર પ્રદેશ અને દાદરા નગર હવેલીના બંને બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, મુદ્દામાલ સાથે આગળની કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ તેઓને વઘઈ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા છે.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૧-૦૭-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** જેઠ, બારસ **સૂર્યોદય :** ૦૬ : ૦૫ **સૂર્યાસ્ત** ૦૭ :૨૪, **ચંદ્રોદય** - ૦૨:૨૧ **ચંદ્રાસ્ત** - ૦૪:૩૦ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - કૃતિકા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** તમારા માટે આ દિવસ મિશ્ર ફળદાયી રહેશે. કાર્યક્ષેત્રમાં થોડો સંઘર્ષ રહે, પરંતુ તમારી હિંમતથી પરિસ્થિતિ કાબૂમાં આવશે. સ્વાસ્થ્ય અંગે બેદરકારી ન રાખવી.

**વૃષભ (બ, વ, ઉ) :** ચંદ્રની સ્થિતિ તમને માનસિક શાંતિ આપશે. વેપારમાં લાભ અને આર્થિક પ્રગતિ થવાની સંભાવના છે. પરિવાર સાથે સારો સમય વિતશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. કોઈ અટકેલા સરકારી કામો પૂર્ણ થવાની સંભાવના.

**કર્ક (ડ, હ) :** આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વેપારીઓ માટે દિવસ ઉત્તમ રહેશે. અચાનક નાણાકીય લાભ થવાની શક્યતા છે.

**સિંહ (મ, ટ) :** તમારા અટકેલા કાર્યો ગતિ પકડશે. સમાજમાં માન-સન્માન વધશે. કાર્યક્ષેત્રમાં નવી જવાબદારીઓ મળી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આ દિવસે યાત્રાના યોગ બની રહ્યા છે. માનસિક તાણથી બચવું. કોઈ નવું રોકાણ સમજી-વિચારીને કરવું.

**તુલા (ર, ત) :** તમારા માટે દિવસ લાભદાયી છે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. કાર્યસ્થળ પર સહકર્મીઓનો પૂરો સહયોગ મળશે.

**વૃશ્ચિક (ન, ય) :** ભાગદોડ રહેવાની સંભાવના છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. તમારા કામ પર ફોકસ જાળવી રાખવું.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આવકના નવા સ્રોત ઉભા થશે. જૂના મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** તમારો દિવસ સારો રહેશે. કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં વડીલોની સલાહ મદદરૂપ સાબિત થશે. પારિવારિક જીવન સુખમય રહેશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વિદ્યાર્થીઓ માટે મહેનત કરવાનો સમય છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આ દિવસે કોઈ વિવાદમાં પડવું નહીં. ધીરજથી કામ લેવું. વેપારમાં ભાગીદારીથી લાભ મળી શકે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**શનિવાર/રવિવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | | | 3 | |
| | | | 1 | | | 7 | 8 | |
| 3 | | | | | | 1 | | 9 |
| | | | 4 | | 3 | | 9 | 7 |
| | | 1 | 7 | | 9 | 8 | | |
| 5 | 9 | | 8 | | 2 | | | |
| 7 | | 3 | 5 | | | | | 1 |
| | 8 | 9 | | | 6 | | | |
| | 2 | | | 4 | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 1 | 8 | 3 | 6 | 7 | 2 | 9 |
| 7 | 6 | 9 | 5 | 4 | 2 | 8 | 1 | 3 |
| 3 | 8 | 2 | 7 | 1 | 9 | 5 | 6 | 4 |
| 8 | 7 | 4 | 9 | 5 | 1 | 6 | 3 | 2 |
| 6 | 9 | 5 | 4 | 2 | 3 | 1 | 8 | 7 |
| 1 | 2 | 3 | 6 | 8 | 7 | 9 | 4 | 5 |
| 9 | 3 | 6 | 2 | 7 | 8 | 4 | 5 | 1 |
| 2 | 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 |
| 5 | 1 | 7 | 3 | 6 | 4 | 2 | 9 | 8 |

## વલસાડ પાલિકાના સભ્યોએ પ્રિ-મોન્સુન કામગીરી અંગે ચીફ ઓફિસરને રજૂઆત કરી

**સમસ્યાઓ તાકીદે નહીં ઉકેલાય તો ઉગ્ર આંદોલન કરવાની સભ્યોની ચીમકી અપાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**વલસાડ, તા.૧૦ :** વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ચોમાસાની શરૂઆત થતાં જ પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને નિષ્ફળતા સામે આવી છે. પાલિકા દ્વારા કરવામાં આવેલી પ્રિમોન્સુન કામગીરી અત્યંત નબળી અને અપૂરતી સાબિત થતાં વલસાડ નગરપાલિકાના જ જાગૃત સભ્યો દ્વારા પ્રમુખ અને ચીફ ઓફિસર ને એક સંયુક્ત લેખિત રજૂઆત કરી તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. સભ્યોએ આક્ષેપ કર્યો છે કે કરોડો રૂપિયાના ખર્ચે થતી પ્રિ-મોન્સુન કામગીરી માત્ર કાગળ પર જ રહી ગઈ છે, જેના કારણે પ્રજા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં ગટર અને મોટી ડ્રેનેજ લાઈનોની યોગ્ય સફાઈ કરવામાં આવી નથી. સામાન્ય વરસાદમાં પણ ઠેર-ઠેર પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે. ગટરો ઉભરાવાને કારણે કચરો અને કાદવ-કીચડ રસ્તાઓ પર આવી જતાં શહેરમાં ગંભીર રોગચાળો ફેલાવવાનો ભય ઊભો થયો છે.

ચોમાસાના પ્રારંભે જ શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક રસ્તાઓ ધોવાઈ ગયા છે અને મોટા-મોટા ખાડા પડી ગયા છે. ગટર અને અન્ય લાઈનોના ખોદકામ બાદ રસ્તાઓનું યોગ્ય સમતલીકરણ કે પેચવર્ક કરવામાં આવ્યું નથી, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનો ભય સતત મંડરાતો રહે છે. ચોમાસા દરમિયાન અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. વરસાદમાં શોર્ટ સર્કિટ થવાની કે ઝાડ પડવાની ઘટનાઓ વખતે પાલિકાની ઈમરજન્સી ટીમ સમયસર કામગીરી કરતી ન હોવાની વ્યાપક ફરિયાદ કરી છે. ચોમાસાના દિવસોમાં ગટરના ગંદા પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી જવાને કારણે અનેક વિસ્તારોમાં દૂષિત અને ગંદુ પાણી સપ્લાય થઈ રહ્યું છે, જે નાગરિકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં સમાન છે. નગરપાલિકાના સભ્યોએ રજૂઆતમાં જણાવ્યું છે કે વલસાડના નાગરિકો નિયમિતપણે પાલિકાના તમામ વેરા ભરે છે, તેમ છતાં તેમને ન્યૂનતમ પ્રાથમિક સુવિધાઓ મેળવવા માટે પણ વલખાં મારવા પડે છે. સભ્યો દ્વારા અગાઉ પણ મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ સંપૂર્ણ નિષ્ક્રિય રહ્યું છે. આ લેખિત રજૂઆતના અંતે સભ્યોએ સહીઓ કરીને પાલિકા તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો આગામી દિવસોમાં આ તમામ લોકહિતના પ્રશ્નો અને સમસ્યાઓનો તાકીદે અને યોગ્ય નિકાલ કરવામાં નહીં આવે, તો જનતાના હિત માટે સભ્યો દ્વારા નગરપાલિકા કચેરી ખાતે જ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે, જેની તમામ જવાબદારી પાલિકા વહીવટી તંત્રની રહેશે.

## કપરાડાના વડોલીને હિલસ્ટેશન તરીકે વિકસાવવાની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**વલસાડ, તા.૧૦:** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વડોલી ગામમાં આવેલા કુદરતી સૌંદર્યથી ભરપૂર ધોધ અને હિલસ્ટેશન વિસ્તારને સરકારી સ્તરે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબ તે નવ નિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોલી વત્સલભાઈ જાગરી અને અન્ય સભ્યો એ પ્રવાસીઓની સુવિધા અને સુરક્ષા માટે સાઈન બોર્ડ, વ્યુ પોઈન્ટ બેસવાની વ્યવસ્થા તેમજ સ્વચ્છતા માટે કચરાપેટીઓની વ્યવસ્થા કરવી, આ સ્થળનો સુનિયોજિત વિકાસ થવાથી સ્થાનિક આદિવાસી અને ગ્રામીણ લોકોને રોજગારીની નવી તકો મળશે.

## પરિયારી ગ્રા.પં. દ્વારા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની મુલાકાત લેવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)



**દમણ, તા.૧૦ :** વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અંગે માર્ગદર્શન મળી રહે અને તેઓ પોતાના ભવિષ્યના અભ્યાસ તેમજ કારકિર્દી અંગે યોગ્ય નિર્ણય લઈ શકે તે હેતુથી પરિયારી ગ્રામ પંચાયત દ્વારા શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૧૦માં અભ્યાસ કરતા તેમજ ધોરણ-૧૦ પાસ કરેલા વિદ્યાર્થીઓને દમણની સરકારી નર્સિંગ કોલેજ, સરકારી એન્જિનિયરિંગ કોલેજ, પોલિટેકનિક અને આઈટીઆઈની મુલાકાત કરાવવામાં આવી. વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા, ઉચ્ચ શિક્ષણની તકો તેમજ રોજગારલક્ષી કારકિર્દી અંગે વિગતવાર માહિતી આપી.

શૈક્ષણિક મુલાકાત દરમિયાન પરિયારી ગ્રામ પંચાયતના સરપંચ ભાવિક હળપતિ તથા જિલ્લા પંચાયતના પ્રમુખ ધરમભાઈ પટેલ વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધવા અને પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે પ્રેરિત કર્યા. આયોજકોના જણાવ્યા મુજબ, આવા શૈક્ષણિક પ્રવાસોથી વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને કારકિર્દીના વિકલ્પોની નજીકથી જાણકારી મળે છે, જે તેમના ભવિષ્યના અભ્યાસ માટે યોગ્ય દિશા પસંદ કરવામાં મદદરૂપ સાબિત થાય છે.

### ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે

## ધરમપુરમાં ભાજપ યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**ધરમપુર, તા.૧૦ :** ભારતીય જનતા યુવા મોરચા, ધરમપુર શહેર દ્વારા ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના ૧૨૫મા જન્મજયંતિ વર્ષ સ્મૃતિ પખવાડિયા નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોજાયેલી શિબિરમાં યુવાનો અને કાર્યકર્તાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી કુલ ૪૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વલસાડ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પ્રભાકર યાદવ, ધરમપુર શહેર પ્રમુખ અમિતભાઈ ચોરેરા, શહેર મહામંત્રી અક્ષય ચૌધરી અને જીગ્નેશ કાપડિયા, નગરપાલિકા પ્રમુખ મયંક મોદી, કારોબારી અધ્યક્ષ મહેશ ગાયકવાડ, બાંધકામ સમિતિના ચેરમેન સમીપ રાંચ, શહેર યુવા મોરચા પ્રમુખ પ્રેમ મહલા, મહામંત્રી સોહમ દેસાઈ, પ્રીતેશ ગાંગોડે સહિત સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આયોજકોએ જણાવ્યું હતું કે, રક્તદાન એ મહાદાન છે અને સમાજસેવાના આ પવિત્ર કાર્યમાં સહભાગી બનેલા તમામ રક્તદાતાઓ તથા કાર્યકર્તાઓનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

### જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## ગોવાડા પ્રા. શાળાના વિદ્યાર્થીઓને રેનકોટ વિતરણ કરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**ઉમરગામ, તા.૧૦ :** ઉમરગામ તાલુકામાં છેલ્લા ૧૫ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલા જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગોવાડા પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રેનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ પૂજા શાહ, પૂર્વ પ્રમુખ અનિલભાઈ જૈન તથા તેમના પરિવાર દ્વારા જનસેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને સાકાર કરતાં વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં ભારે વરસાદને કારણે ઉમરગામ ખાતે અટવાયેલા ટ્રેન મુસાફરોને ફૂડ પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ગોવાડા પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટના સભ્યોએ વિદ્યાર્થીઓને રેનકોટ અર્પણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાપીની કેબીએસ કોલેજ ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશિપમાં ગ્રેપલર્સે ૧૪ મેડલ મેળવ્યા




**વાપી, તા.૧૦ :** અત્રે ચણોદ કોલોની સ્થિત વાપીની KBS કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજે ૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ નવસારીની સર સી.જે.એન.ઝેડ. સ્કૂલ ખાતે યોજાયેલી ૬ઠ્ઠી ગુજરાત સ્ટેટ ગ્રેપલિંગ ચેમ્પિયનશિપ અને સિલેક્શન ૨૦૨૬ માં પ્રભાવશાળી દેખાવ કરી ૧૪ મેડલ મેળવીને તેની રમતગમત સિદ્ધિઓમાં વધુ એક ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેર્યું છે. કોલેજના ખેલાડીઓએ નો-જી અને જી બંને કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રતિભા, નિશ્ચય અને શિસ્તનું પ્રદર્શન કર્યું, તેમના નોંધપાત્ર પ્રદર્શન માટે પ્રશંસા મેળવી. નો-જી કેટેગરીમાં, અનુરાગ મિશ્રા (ટી.વાય.બી.કોમ.) અને નીતિન દુબે (ટી.વાય.બી.કોમ.) એ ગોલ્ડ મેડલ જીત્યા, પ્રિયાંશુ સિંઘ (એસ.વાય.બી.કોમ.) એ સિલ્વર મેડલ જીત્યો, જ્યારે યશ પાટીલ (ટી.વાય.બી.કોમ.), નીરવ યાદવ (એસ.વાય.બી.કોમ.), અને તુષાર દુબે (ટી.વાય.બી.કોમ.) એ બ્રોન્ઝ મેડલ મેળવ્યા. જી- કેટેગરીમાં, અનુરાગ મિશ્રા અને નીતિન દુબેએ ફરી એકવાર ગોલ્ડ મેડલ જીત્યા. પ્રિયાંશુ સિંઘ, નીરવ યાદવ અને તુષાર દુબેએ સિલ્વર મેડલ જીત્યા, જ્યારે યશ પાટીલ, આદિત્ય સિંઘ (ટી.વાય.બી.કોમ.), અને ક્રિશ ચૌમાસા (એસ.વાય.બી.કોમ.) એ બ્રોન્ઝ મેડલ જીત્યા. રમતની તાલીમ, માર્ગદર્શન અને પ્રેરણા રમત-ગમતના મદદનીસ પ્રાધ્યાપક ડૉ.મયુર પટેલ અને શ્રી રોહિત સિંહ દ્વારા આપવામાં આવ્યું હતું. આમ રાજ્ય સ્તરે કોલેજનું નામ રોશન કરવા બદલ મેડલ વિજેતાઓને અભિનંદન આપતા, પ્રિન્સિપાલ ડૉ. પૂનમ બી. ચૌહાણે તેમના સમર્પણ, શિસ્ત અને ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી ભવિષ્યની સ્પર્ધાઓમાં તેમની સતત સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

## કપરાડાના સુથારપાડામાં નવી બેંક શાખા અને ATM શરૂ કરવા રજૂઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લાના અંતરિયાળ એવા કપરાડા તાલુકામાં આવેલા સુથારપાડા વિસ્તારમાં વસતા હજારો નાગરિકોની સુવિધા માટે નવી બેંક શાખા તેમજ ATM શરૂ કરવા માટે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવી છે. કપરાડાના વડોલી તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા અને સદસ્ય ઉત્તમભાઈ મુળ્યાભાઈ પવાર દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટરને આ અંગે એક પત્ર પાઠવી રજૂઆત કરાઈ છે.

સુથારપાડા એ મોટો વિસ્તાર ધરાવે છે, પરંતુ આટલા મોટા ક્ષેત્રમાં હાલ માત્ર એક જ બેંક કાર્યરત છે. આ વિસ્તારમાં અંદાજે ૫૬,૦૦૦ જેટલા બેંક ખાતેદારો છે. એક જ શાખા હોવાને કારણે સ્થાનિક લોકોને અને ખાતેદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.વિસ્તારમાં પૂરતી બેંકિંગ સુવિધાઓ કે ATM ન હોવાથી લોકોને નાણાકીય વ્યવહારો માટે દૂર સુધી ધક્કા ખાવા પડે છે. પત્રમાં જણાવ્યા અનુસાર, જો સુથારપાડા વિસ્તારમાં અન્ય એક નવી બેંક શાખા તેમજ ATM ની સુવિધા તાકીદે પૂરી પાડવામાં આવે તો સ્થાનિક જનતા અને ખાતેદારોને મોટી રાહત મળશે.

આ બાબતે કલેક્ટર કચેરી દ્વારા સકારાત્મક પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકોમાં પ્રબળ માંગ ઉઠી છે.

## વાપીમાં ૩૮૦ વિદ્યાર્થીઓને રેનકોટ વિતરણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**વાપી, તા.૧૦ :** ચોમાસાની ઋતુ દરમિયાન સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વરસાદમાં અવરજવર કરવામાં મુશ્કેલી ન પડે તે હેતુથી વાપીના સમાજસેવક કિરણ રાવલ દ્વારા વિવિધ વિસ્તારોમાં રહેતા આશરે ૩૮૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રેનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય અભિયાન હેઠળ વાપીના વિવિધ વિસ્તારો ઉપરાંત વલસાડ જિલ્લાના ગાડરિયા હેથલા ફળિયા સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ રેનકોટ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કિરણ રાવલ સાથે તેમના ટ્રસ્ટ ગ્રુપના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષના પ્રારંભે પણ કિરણ રાવલ દ્વારા અનેક સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રેનકોટ મળતા વિદ્યાર્થીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો અને વાલીઓ તેમજ શિક્ષકોએ પણ આ સેવાકીય પહેલને આવકારી હતી.

## વલસાડમાં ‘કેશડોલ’ ચૂકવવા માજી પાલિકા પ્રમુખની કલેક્ટરને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં પડેલા મુશળધાર વરસાદના કારણે નીચાણવાળા શહેરી વિસ્તારો તેમજ આજુબાજુના ગ્રામ્ય પંથકોમાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે. પૂર જેવા વરસાદી પાણી ઘરો અને દુકાનોમાં ઘૂસી જતાં સ્થાનિક રહીશો અને વેપારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ કપરી પરિસ્થિતિમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની વહારે આવીને વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ રાજેશભાઈ મંગુભાઈ પટેલ (રાજુ મરચા ) દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટર તેમજ મામલતદારને એક લેખિત પત્ર પાઠવીને અસરગ્રસ્તોને તાત્કાલિક ધોરણે ‘કેશડોલ’ ચૂકવવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.માજી પાલિકા પ્રમુખે રાજ્ય સરકારનું ધ્યાન દોરતા જણાવ્યું છે કે, દક્ષિણ ગુજરાતના અન્ય પૂરગ્રસ્ત વિસ્તારો જેવા કે સુરત અને નવસારીની રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ રૂબરૂ મુલાકાત લીધી છે અને ત્યાં પૂર પ્રભાવિત લોકોને તાકીદે આર્થિક નુકસાની વળતર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ જ રીતે વલસાડ જિલ્લામાં પણ કુદરતી આફતે ભારે ખાનાખરાબી સર્જી હોવાથી, અહીંના અસરગ્રસ્તોને પણ સરકાર દ્વારા સત્વરે આર્થિક સહાય મળવી જોઈએ.?આ વિસ્તારોમાં ઘરવખરી અને દુકાનોને થયું ભારે નુકસાન અંગે કલેક્ટર ને સુપરત કરાયેલા પત્રમાં જણાવ્યું કે , ગત તારીખ ૦૩/૦૭/૨૦૨૬ના રોજ પડેલા ધોધમાર વરસાદના કારણે વલસાડના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાં એમ.જી. રોડનો વેપારી વર્ગ, ધોબીતળાવ અને મોગરાવાડી, સેમા ચાલ અને ધનભુરા રોડ, તરીયાવાડ છીપવાડ, હનુમાન ભાગડા અને સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

આ તમામ વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ જવાથી અનાજ, કપડાં અને ઘરવખરીનો સામાન સંપૂર્ણપણે નાશ પામ્યો છે, જ્યારે વેપારીઓની દુકાનોમાં પાણી ઘૂસતા લાખો રૂપિયાનો માલસામાન બગડી ગયો છે. પત્રના અંતે રાજેશભાઈ પટેલે વહીવટી તંત્રને પોતાની જવાબદારી નિભાવવા અનુરોધ કર્યો છે કે, તંત્ર દ્વારા વિલંબ કર્યા વિના પ્રભાવિત વિસ્તારોમાં ટીમો મોકલીને નુકસાનીનો સાચો સર્વે કરવામાં આવે. જે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો ખરેખર નિરાધાર બન્યા છે, તેમને શોધી કાઢીને વહેલી તકે સરકારી ધારાધોરણ મુજબ કેશડોલ ચૂકવવામાં આવે જેથી તેઓ ફરીથી બેઠા થઈ શકે.

## માંકડબન સીટ જી.પં. સભ્યની ખોટી ઓળખ આપી ધાક-ધમકી અપાતી હોવાની ડીડીઓને ફરિયાદ

**વલસાડ, તા.૧૦ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલ માંકડબન જિલ્લા પંચાયત સીટના સભ્ય તરીકેની ખોટી ઓળખ આપી લોકો અને સરકારી કર્મચારીઓને ધાક-ધમકી આપવા બાબતે વલસાડ જિલ્લા વિકાસ અધિકારી ને એક લેખિત અરજી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

માંકડબન સીટના રહીશ જેહીરામભાઈ રામાભાઈ ગાંગોડા માંકડબન બેઠક પર હાલમાં જિલ્લા પંચાયત સભ્ય હીનાબેન નાનુભાઈ દીવા છે. છેલ્લા કેટલાક સમયથી તુત્તરખેડ મંદિર ફળિયા ધરમપુર ના રહીશ વિપુલકુમાર શંકરભાઈ રાઉત નામના વ્યક્તિ પોતાની જાતને આ સીટના જિલ્લા પંચાયત સભ્ય તરીકે ઓળખાવી રહ્યા છે. આક્ષેપ કરાયો છે કે, આ ત્રાહિત વ્યક્તિ વિસ્તારના ગામડાઓમાં ફરીને લોકો તથા સરકારી કર્મચારીઓને ધાક-ધમકી આપી રોફ જમાવે છે. આ ઉપરાંત, પોતાના ખોટા વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરી રહ્યા છે. આ વ્યક્તિ પોતે બીટ કોઈન નો કારોબાર કરી લોકોના કરોડો રૂપિયાની છેતરપિંડી કરી ચૂક્યો છે. એટલું જ નહીં, તુત્તરખેડ ગામે આવેલી ૩ એકર જેટલી રેવન્યુ સીર પડતર સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો કરી વાડી પણ ઊભી કરી દીધી છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૨ મહિનાથી ખોટા આક્ષેપો કરી સ્થાનિકોને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે, જેના કારણે ગ્રામજનો અને આગેવાનોમાં ભારે આક્રોશ છે. આ મામલે કાયદાકીય ગુનો બનતો હોઈ, DDO ને આ સમગ્ર પ્રકરણમાં ત્રાહિત વ્યક્તિ વિરુદ્ધ જરૂરી તપાસ કરી તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા નમ્ર વિનંતી કરવામાં આવી છે.

## સલવાવની શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરને સક્ષમ શાળા પુરસ્કારમાં બે કેટેગરીમાં પ્રથમ સ્થાન

**વાપી, તા. ૧૦ :** વાપી તાલુકાના સલવાવ સ્થિત શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિર પ્રાથમિક શાળા (ગુજરાતી માધ્યમ)એ શિક્ષણ અને સ્વચ્છતા ક્ષેત્રે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.




યુનિસેફ, સમગ્ર શિક્ષા ભારત, જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વલસાડના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરમાં સક્ષમ શાળા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. સર્વેના આધારે શ્રેષ્ઠ કામગીરી કરનાર શાળાઓને વિવિધ કેટેગરીમાં ક્રમ આપવામાં આવ્યો હતો.

આ સર્વેમાં શ્રી ઘનશ્યામ વિદ્યામંદિર, સલવાવે "Water" તેમજ "Disaster Risk Reduction" એમ બંને કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પ્રતિષ્ઠિત સક્ષમ શાળા પુરસ્કાર મેળવ્યો છે. સર્વે દરમિયાન શાળાએ બાળકોમાં સ્વચ્છતા, હરિયાળી, પાણીનું સંરક્ષણ, શૌચાલયનો યોગ્ય ઉપયોગ, આરોગ્ય જાગૃતિ, જમીનનું સંરક્ષણ, સલામતી તથા વર્તન પરિવર્તન જેવા મૂલ્યોનું સફળ સંવર્ધન કર્યું હતું. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ શાળાને તાલુકા કક્ષાએ બે કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મંડળના સભ્યોને અભિનંદન પાઠવી શાળા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બને તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તેમજ સમગ્ર શાળા પરિવારે શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલ અને સમગ્ર શિક્ષકગણને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ધરમપુર ધોડીયા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૧ હજાર વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું

**વલસાડ, તા. ૧૦ :** ધરમપુર ધોડિયા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધરમપુર તાલુકાના ઓઝરપાડા, બિલપુડી, ખારવેલ, બારસોળ, રાનપાડા, બામટી, નાની વહીયાળ, કાકડકુવા, નાની ઢોલડુંગરી, મોટી ઢોલડુંગરી, વિરવલ, રાજપુરી તલાટ, તેમજ અન્ય આસપાસના ગામોની સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટીકાથી લઈ ધો. ૮ સુધીના દરેક વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ તબક્કે સમાજના ટ્રસ્ટીગણ, ગામના આગેવાનો અને શિક્ષકગણ સાથે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ ટ્રસ્ટ દ્વારા



સમાજહિતને લગતી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે.

ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ પાનેરિયા, ટ્રસ્ટીઓ કાર્તિકભાઈ ગરાસિયા, રાહુલભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, આશાબેન પટેલ, અભેસિંહભાઈ પટેલ, હસુમતીબેન પટેલ, સુનિલભાઈ પટેલ, કમલેશભાઈ, નરેશભાઈ, ધીરજભાઈ, રિતેશભાઈ સાથે અન્ય ટ્રસ્ટી ઉત્તમભાઈ, સુભાષભાઈ અને જયંતિભાઈ સહિત મહાનુભાવોના હસ્તે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામના આગેવાન જિજ્ઞેશભાઈ, રાજેશભાઈ, ધીરુભાઈ, જયેશભાઈ અને પ્રમોદભાઈ વગેરેએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ ખુશીની લાગણી અનુભવી હતી.


દમણગંગા ટાઈમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# કાશ્મીરની ધરતી પર ફરી પ્રગટે છે શિવસંસ્કૃતિના પુરાવા












## ચશ્મે બદૂર કશ્મીર


ડો. રાધિકા ટીક્કુ, વલસાડ


### રુદ્ર શિવલિંગમ

કાશ્મીરની ધરતી પર મહતમ જગાએ પુષ્કળ શિવાલયો છે .આજે પણ ઠેર ઠેર જગ્યાએ પુરાતત્વ ખાતાઓને શિવલિંગ ,શિવ મંદિરો મળી રહ્યાં છે. જયાં ફક્ત શૈવિઝમની અમૃતધારા વહેતી હોય અને કાશ્મીરી પંડિતો શિવની પરમ ઉપાસના કરતાં હોય ત્યાં માત્ર અને માત્ર શિવની સૃષ્ટિનું સર્જન જ હોય છે. જે નિર્વિવાદ છે .

કાશ્મીરના પાટનગર શ્રીનગરમાં કરણનગર ખૂબ વૈભવી વિસ્તાર ગણાય છે. શ્રીનગરના આવા વૈભવી વિસ્તારોમાં મુખ્યત્વે ધનાઢ્ય કાશ્મીરી પંડિતોના આલિશાન બંગલાનું અસ્તિત્વ હતું.

### કરણનગરનું શિવાલય મંદિર

કશ્મીરના શ્રીનગર શહેરના ઐતિહાસિક કરણનગર વિસ્તારમાં આવેલું શિવાલય મંદિર ડોગરા શાસનકાળમાં સ્થાપિત થયેલા મહત્વપૂર્ણ શિવ મંદિરોમાંનું એક છે. આ મંદિર માત્ર પૂજાનું સ્થળ નહોતું, પરંતુ આધ્યાત્મિકતા, સામાજિક સુધારણા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને લોકસેવાનું મહત્વપૂર્ણ કેન્દ્ર પણ બની ગયું હતું. કશ્મીરના ઈતિહાસની અનેક મહત્વપૂર્ણ ઘટનાઓનું આ મંદિર સાક્ષી રહ્યું છે અને આજે પણ રામકૃષ્ણ મિશન આશ્રમના સંચાલન હેઠળ પોતાની સમૃદ્ધ પરંપરા જાળવી રાખે છે.

### શિવાલય મંદિરની સ્થાપના

ડોગરા શાસન દરમિયાન શ્રીનગરમાં નવી રહેણાંક વસાહતો વિકસાવવાની જરૂરિયાત ઉભી થઈ હતી. એ જ સમયગાળામાં કરણનગર વિસ્તારનો વિકાસ શરૂ થયો.

મહારાજા ગુલાબસિંહના પુત્ર અને ઉત્તરાધિકારી મહારાજા રણબીરસિંહ (૧૮૫૭-૧૮૮૫) પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર તથા નવા મંદિરોના નિર્માણ માટે પ્રસિદ્ધ હતા. તેમના સમયમાં શ્રીનગરના વિવિધ વિસ્તારોમાં નાના-નાના શિવાલયોની સ્થાપના કરવામાં આવી હતી. કરણનગરના ગુરુ બજાર અને છોટા બજારના જંકશન નજીક આવેલું હાલનું શિવાલય મંદિર પણ એ જ સમયગાળામાં નિર્માણ પામ્યું હોવાનું માનવામાં આવે છે.

સ્થાનિક પરંપરા મુજબ, મંદિરના પવિત્ર રુદ્ર શિવલિંગની પ્રાપ્તિ નજીકના એક મકાનના ખોદકામ દરમિયાન થઈ હતી. ત્યારબાદ આ શિવલિંગની અહીં સ્થાપના કરવામાં આવી અને તેની આસપાસ મંદિરનું નિર્માણ થયું. ધીમે ધીમે આ સ્થાન શિવાલય તરીકે પ્રસિદ્ધ બન્યું.

દાયકાઓ સુધી આ મંદિર કરણનગર, હબ્બા કદલ તથા શ્રીનગરના અન્ય વિસ્તારોના કશ્મીરી હિંદુઓ માટે ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક જીવનનું કેન્દ્ર રહ્યું. ખાસ કરીને સવારના સમયે અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શન અને પૂજા માટે આવતા. ૧૯૯૦ સુધી આ મંદિર શ્રદ્ધા અને સામૂહિક જીવનનું જીવંત પ્રતિક હતું.

### સમાજ સુધાર સમિતિની સ્થાપના

૧૯૪૭માં ભારતના સ્વાતંત્ર્ય પછી કશ્મીરમાં અશાંત પરિસ્થિતિ સર્જાઈ. પાકિસ્તાન સમર્થિત કબાયલી આક્રમણ દરમિયાન બારામુલ્લા જિલ્લાના અનેક ગામો પર હુમલા થયા. અસંખ્ય લોકોના જીવ ગયા અને હજારો પરિવારોને પોતાના ઘર છોડીને શ્રીનગર તથા ભારતના અન્ય ભાગોમાં આશરો લેવો પડ્યો. તમે વિચારી જુઓ કે, પંડિતો માટે કેવી ભયભીત પરિસ્થિતિ રહી હશે. આ મુશ્કેલ સમયમાં પંડિત ગોપી કૃષ્ણજી તથા તેમના કશ્મીરી પંડિત સાથીઓએ શિવાલય મંદિરને કેન્દ્ર બનાવી સમાજ સુધાર સમિતિની સ્થાપના કરી. સમિતિએ વિસ્થાપિત પરિવારોને આશ્રય, રાહત અને પુનર્વસન માટે અવિરત સેવા આપી. તેમની માનવતાવાદી કામગીરીએ અનેક પરિવારોને ફરીથી જીવન શરૂ કરવામાં મદદ કરી.

### શિવાલય સાથે જોડાયેલી મહાન વ્યક્તિઓ

સમય જતાં શિવાલય મંદિર માત્ર ધાર્મિક કેન્દ્ર જ નહીં પરંતુ સામાજિક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બન્યું.આ શિવાલય સાથે ઘણાં મુખ્ય કાશ્મીરી પંડિતોનું યોગદાન રહ્યું હતું.

પ્રખ્યાત વકીલ પંડિત અમરનાથ કાકે સમાજમાં સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો. શ્રી અમરનાથ કાક, માતા મથુરા દેવી, શ્રી નિરંજનનાથ ડાંગ્રૂ તથા અન્ય સેવાભાવી વ્યક્તિઓએ નિરાધાર મહિલાઓને હસ્તકલા અને અન્ય કૌશલ્ય શીખવવા માટે કેન્દ્ર સ્થાપ્યું. જેના કારણે અનેક મહિલાઓ આત્મનિર્ભર બની શકી. યુવાનોમાં કલા અને સંસ્કૃતિનો વિકાસ થાય તે માટે અહીં કલા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. નાટ્ય, સંગીત અને લલિતકલાના ક્ષેત્રમાં યુવાનોને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળી. સમય જતાં કલા કેન્દ્ર સમગ્ર પ્રદેશના કલાકારો, ચિત્રકારો, સંગીતકારો અને કલાપ્રેમીઓનું અગત્યનું કેન્દ્ર બન્યું.

માતા મથુરા દેવી મંદિર પરિસરમાં જ રહેતા હતા અને સમગ્ર જીવન સનાતન ધર્મના સિદ્ધાંતોના પ્રચાર અને આધ્યાત્મિક માર્ગદર્શન માટે સમર્પિત કર્યું. રળથી આવેલા સ્વામી નારાયણાનંદજીએ પણ અહીં સેવા આપી. ભક્તોના સહયોગથી તેમણે શિવાલય મંદિરનું જીર્ણોદ્ધાર કરાવ્યું અને આ પવિત્ર સ્થાનના સંરક્ષણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

વિખ્યાત રંગભૂમિ અને ફિલ્મ અભિનેતા પૃથ્વીરાજ કપૂર સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો પણ આ મંદિરની મુલાકાતે આવ્યા હતા, જે તેની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રતિષ્ઠાનો પુરાવો છે.

રામકૃષ્ણ આશ્રમનો ઈતિહાસ

શ્રીનગરના રામકૃષ્ણ આશ્રમનો ઈતિહાસ સ્વામી વિવેકાનંદની ૧૮૯૮ની કશ્મીર યાત્રાથી પ્રેરિત છે. તેમની આધ્યાત્મિકતા, સેવા અને સર્વધર્મ સમભાવની વિચારધારાએ કશ્મીરના લોકો પર ઊંડી અસર કરી. ૧૯૫૪માં શ્રીનગરમાં રામકૃષ્ણ મિશનનું પ્રથમ કેન્દ્ર શરૂ થયું હતું, પરંતુ બે વર્ષ પછી બંધ થઈ ગયું. ત્યારબાદ ૧૯૫૫માં કેટલાક યુવાનો દ્વારા શ્રી રામકૃષ્ણ આશ્રમની સ્થાપના કરવામાં આવી અને ૧૯૭૧માં તેની સોસાયટી તરીકે નોંધણી થઈ.

પ્રોફેસર બ્રિજનાથ કૌલના નેતૃત્વમાં આશ્રમ આધ્યાત્મિક, શૈક્ષણિક, આરોગ્ય અને સામાજિક સેવાઓનું અગત્યનું કેન્દ્ર બન્યો. કશ્મીરના કપરા સમયમાં પણ આશ્રમે સમાજસેવાનું કાર્ય સતત ચાલુ રાખ્યું. માર્ચ ૨૦૦૮માં આશ્રમ સત્તાવાર રીતે રામકૃષ્ણ મિશનની શાખા બન્યો. આજે પણ અહીં દૈનિક પૂજા, નિ:શુલ્ક આરોગ્ય સેવા, શિક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમૃદ્ધ પુસ્તકાલય દ્વારા શ્રી રામકૃષ્ણ, માતા શારદા દેવી અને સ્વામી વિવેકાનંદના આદર્શોને આગળ વધારવામાં આવે છે.

### વર્તમાન સ્થિતિ

હાલમાં શિવાલય મંદિરનું સંચાલન રામકૃષ્ણ મિશન આશ્રમ કરે છે. મંદિર પરિસર સ્વચ્છ, શાંત અને સુંદર રીતે જાળવવામાં આવ્યું છે. રંગબેરંગી ફૂલોથી સજાયેલું બગીચું મંદિરની સુંદરતામાં વધારો કરે છે. ખરેખર, આ મંદિરની મુલાકાતથી ઘણું બધું પામી શકાય તેવું છે.

મંદિરની અંદર પવિત્ર રુદ્ર શિવલિંગ, શ્રી રામકૃષ્ણ, સ્વામી વિવેકાનંદ અને પવિત્ર માતા શારદા દેવીની પ્રતિમાઓ સ્થાપિત છે. ઉપરાંત અનેક પ્રાચીન નાના શિવલિંગો, ભગવાન હનુમાન અને શ્રી ગણેશજીની મૂર્તિઓ તથા ભક્તિમય ચિત્રો મંદિરના આધ્યાત્મિક વાતાવરણને વધુ દિવ્ય બનાવે છે. મંદિર પરિસરમાં ભક્તો અને યાત્રાળુઓ માટે સારી રીતે સંચાલિત ધર્મશાળાની પણ વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ મંદિરમાં હનુમાનની વિશાળ હનુમાનજીની પ્રતિમા અને મા પાર્વતી દેવી પણ સ્થિત છે. મંદિરની સ્વચ્છતા પણ ઊડીને આંખે વળગે તેવી છે.

### સાંસ્કૃતિક સ્મૃતિ

પેઢીઓ સુધી શિવાલય માત્ર એક મંદિર નહોતું. તે કાશ્મીરી પંડિતોના ધર્મ, ધાર્મિક વિધિઓ ઉપરાંત તહેવારો, સમાજના વિવિધ પાસાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સામાજિક ચર્ચાઓનું જીવંત કેન્દ્ર રહ્યું હતું. કશ્મીરના આધુનિક ઈતિહાસના અનેક મહત્વપૂર્ણ પ્રસંગોનું આ મંદિર સાક્ષી રહ્યું છે અને મુશ્કેલ સમયમાં પણ શ્રદ્ધા, એકતા અને અડગ વિશ્વાસનું પ્રતિક બન્યું છે.

આજે ભલે કશ્મીરનું સામાજિક પરિદૃશ્ય ઘણું બદલાઈ ગયું હોય, પરંતુ આ મંદિર હજુ પણ હજારો ભક્તોની પ્રાર્થનાઓ અને ઉજવણીઓની યાદોને સંભાળી રહ્યું છે. દરેક મંદિરની પોતાની એક કથા હોય છે અને દરેક પથ્થરમાં ત્યાં પૂજા કરનાર ભક્તોની સ્મૃતિઓ વસેલી હોય છે. તેથી માત્ર મંદિરના ભૌતિક સંરક્ષણ પૂરતું નથી, પરંતુ તેની સાથે જોડાયેલી યાદો અને ઈતિહાસનું દસ્તાવેજીકરણ પણ એટલું જ જરૂરી છે. આ બંને મળીને કશ્મીરની જીવંત સાંસ્કૃતિક વારસાનું નિર્માણ કરે છે.

કાશ્મીર પંડિત સમુદાયના જીજ્ઞાસુ અને ધાર્મિક આસ્થા સાથે વધુ નજીક સંકળાયેલા પંડિતો આ મંદિર સાથે જોડાયેલી પોતાની સ્મૃતિઓ, પ્રસંગો, જૂના ફોટોગ્રાફસ અને ઐતિહાસિક માહિતીનું સંકલન કરીને તેનું યોગ્ય રીતે સંરક્ષણ અને દસ્તાવેજીકરણનું કાર્ય પણ કરી રહ્યાં છે.

જેથી પોતાની માતૃભૂમિ કશ્મીરની આ અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર કશ્મીરી પંડિતોની આવનારી પેઢીઓ સુધી સુરક્ષિત રીતે પહોંચાડી શકાય અને આવા પ્રયાસો થકી જ પોતાની ભવ્ય સંસ્કૃતિનું રક્ષણ થઈ શકે . પંડિતો પોતાની સામાજિક અને નૈતિક પ્રામાણિકતા માટે પ્રતિબદ્ધ પણ છે.

# પાપડ તારા સંભારણા....!




જે શબ્દનો પહેલો અને બીજો અક્ષર લેતા 'પાપ' શબ્દ બને. બીજો ને ત્રીજો અક્ષર લેતા 'પડ' શબ્દ બને, અને પહેલો ને ત્રીજો અક્ષર લેતા 'પાડ' શબ્દ બને, આવો ડેન્જર શબ્દ એટલે પાપડ..! પણ રસીલો..! દાઢે એવો વળગેલો કે, જમણવારમાં પાપડ ના હોય તો, મૂર્તિ વગરનાં મંદિરમાં દર્શને આવ્યા હોય એવું લાગે..! પાપડ વગર પેટ જાણે કોઈને 'એન્ટ્રી' ના આપતું હોય એમ, પાપડી-પાપડીનું જોડકું તો જમણવારમાં રાખવું જ પડે. નહિ તો છણકા કરે કે, ફટીચર પાપડમાંથી પણ ગયો..! પાપડ એટલે સંપૂર્ણ ભોજનનો ટ્રેડમાર્ક..!

ઘણાની દાઢમાં બળતરા નીકળશે કે, આજે પાપડનાં પાયે બેઠી કે શું..? પાપડ તે હાસ્યનો વિષય કહેવાય..? એના બદલે એમ નહિ કહે કે, હસાવવા માટે લેખકે કેવા કેવા વિષયોની પગચંપી કરવી પડે છે? પાપડ જેવા પાપડને પણ પનારે પડવું પડે છે..! મુદ્દાની વાત તો એ છે કે, આ તો પડ્યા એટલે પગે લાગ્યા, બાકી બંદાને પાપડ તો શું પાપડીના પણ સંભારણા નહિ આવે..! તંઈઈઈઈ..? આ તો શૈલીએ પાપડનાં કારણે છેડો વાળ્યો, એટલે હું પાપડના રવાડે ચઢી ગયો. બાકી હું તો એવી ફિરાકમાં હતો કે, લાવ આજે બાકી 'ડોનાલ્ડ ટ્રમ્પ' ને યુધ્ધ-પત્ર લખું. અને ધરપત આપવી હતી કે, મારી પાસે મિસાઈલ તો નથી, પણ ૧૦૦ મિસાઈલનો ફૂંક મારીને કચ્ચરઘાણ વાળે એવા ઘણા ચમનીયા છે..! એક તો મારી પડખે જ બેઠો છે. જરૂર પડે તો કહેજે, ચમનીયાને મોકલી દઈશ..! અમારે વધારેનો જ છે..! પણ શૈલીનું ગૃહયુદ્ધ એવું ફાટ્યું કે, દેશ દેશાવરના યુદ્ધ હાંસિયામાં ચાલી ગયા, 'ડોનાલ્ડ' છટકી ગયો, ને બંદા પાપડમાં ભેરવાયા..! પત્ની હોય કે પાપડ લાગે હળવી પણ, એમનું સ્થાન કોઈ ના લઈ શકે..! આડા ફાટે તો, મૃગજળને પણ સરોવર માનવું પડે..! શું કહો છે ચમનીયા..? જે હોય તે..! 'ખુદા દેતા હૈ તો અણધારેલા દેતા હૈ' એમ આજે મારી અડફટે પાપડ આવી ગયો. વાત સાવ નાજુક હતી. ઘટના એવી ઘટેલી કે, શૈલીએ મારા માટે થાળી તો પીરસી, પણ મતદાર યાદીમાંથી કોઈ મતદાર ગાયબ થઇ જાય એમ, થાળીમાંથી પાપડ જ ગાયબ થઇ ગયેલો..! એમાંથી રકઝક એવા મુકામ ઉપર પહોંચી કે, થઇ કે, છુટ્ટા પાપડની મારામારી જ બાકી રહી..! ત્યારે ખબર પડી કે, પતિ કરતા પાપડની વેલ્યુ કેટલી ઉંચી છે..? એમાં આપણે રહ્યા ગુજરાતી, પત્ની વગર તો બેચાર દિવસ ચલાવી પણ લઈએ, પણ પાપડ વગર નહિ..! ગુજરાતીઓમાં પાપડની જાહોજલાલી એટલે, બંગાળની વાઘણ જેવી. થાળીમાં ભલે ૫૬ ભોગ પીરસાયા હોય, પણ પાપડ વગર થાળી અધુરી...! પાપડ વગરની થાળી પણ વિધવા લાગે મામૂ..! વાઈફ તે વાઈફ ને સાળી તે સાળી..! નવોઢા ગમે એટલી રૂપાળી કે સજાવટવાળી હોય, પણ ગળામાં મંગળસૂત્ર ના હોય તો નવોઢા પણ સુકાયેલી નદી જેવી લાગે..! એમ પાપડ વગરની થાળી પણ, લુખ્ખી લાગે..! પાપડની કાનીયાત ભલે ફૂંક મારો તો ઉડી જાય એવી હોય, પણ ભારે રસીલો..! શકુંતલાને જોઈને દુષ્યંતઋષિ પત્ની ગયે લા, એમ ભોજનની થાળીમાં પાપડ ના હોય તો, મોંઢામાં ઝરા જ નહિ ફૂટે..! ખાધેલા ઉપર પણ ખાધ ઉપાડે એનું નામ પાપડ..! અમુક તો પાપડ જોઈને એવા તલપાપડ થઇ જાય કે, 'સ્ટેટસ' ને તો મારો ગોળી, રેંકડી ઉપર પણ પાપડ દર્શન થાય તો ઝાપટી નાંખે..! એટલે તો પાપડને ગુજરાતી ખાધની પરંપરા નો કંચી રસથાળ કહ્યો છે. આ પાપડના જનમ વિષે કોઈએ મને પૂછવું નહિ. મને એની ખબર નથી. ભણવામાં પણ નહિ આવેલું. આ તો અનુમાન છે કે, 'દાળપ્રભાત બનાવ્યા બાદ વધેલી દાળને કોઈ રસોઈયાએ પાતળી અને ગોળાકાર વણીને સુકવ્યા બાદ, તેલમાં તળીને જોયું હશે કે, આ તો બહુ 'ટેસ્ટી' વાનગી બની લાગે છે, એમાંથી આ પાપડનો જન્મારો થયો હોવો જોઈએ..! શિઈઈઈટ..! આ લોકોના દમામ પણ કેવા..? શિયાળો બેસે એટલે 'પાપડી' નો ઉબાડીયાના નામે દમદમો હોય, ને ઉનાળો ફૂટે એટલે પાપડ-પાપડી વણવાનો દમદમો હોય..! એકની શિયાળામાં હાક વાગે, ને બીજાની ઉનાળામાં..!

જો કે, હવે તો વિકાસ એવો ફાટ્યો છે કે, લગનની માફક પાપડ પાપડી પણ બારમાસી બની ગઈ..! ઉનાળો આવે એટલે મહીલા સશક્તિકરણમાં ભરતી આવી હોય એમ, પાપડ,પાપડી અને વેફરનાં ઠેર ઠેર ઉપાર્જન થવા માંડે. આ લોકો ગરમીને વેડફવા નહિ દે. પતિ જો હાથમાં આવી ગયો તો, એને પણ લોટ બાંધવાનું શીખવી દે..! પતિ લોટ બાંધવાની ના પાડે તો ટોણા પણ સાંભળવા પડે કે, શાહજહાએ તો મુમતાઝ માટે તાજમહાલ બાંધેલો, તમે પાપડનો લોટ તો બાંધી આપો..? એટલે ડબલ એન્જીનની સરકારની જેમ પ્રવૃત્તિ તરત ધમધમવા માંડે. એને કામ કઢાવવાની કુનેહ કહેવાય..! શૈલી તો મને એવી ફોસલાવે કે, 'નાથ..! (હજી અનાથ થઈને ફરું છું એ જુદી વાત છે..!) 'જ્યારે જ્યારે તમે લોટ બાંધો છો, ત્યારે ત્યારે પાપડનો ઉતારો ખુબ વધી જાય..! એટલો ઉતારો અમે લોટ બાંધીએ ત્યારે આવતો જ નથી..! ખલ્લાસ..! બંદા રંગાખુશ..! ઉનાળાનાં વેકેશનમાં વધારાની સ્પેશયલ ટ્રેન ઉપડે, એમ પછી સિઝનમાં ચાર-પાંચ રજા તો મારે પાપડનો લોટ બાંધવા માટે જ અનામત રાખવી પડે. જેવો ઉનાળો બેસે એટલે શૈલી પૂછવા માંડે, 'આ વખતે 'પાપડ-સ્પેશ્યલ લીવ' ક્યારે મુકવાના..? હસો છો શું યાર..? અનુભવ થાય તો જ સમજાય કે, ખબર ઘર ભાંગવા, એના કરતા પાપડના લોટ બાંધવા સારા..!

એમાં આ વરસે તો અંબેલાલકાકાએ પણ આગાહી કરી છે કે, ધોધમાર ગરમી પડવાની હોવાથી, પાપડ પાપડી વેફર બનાવવાના યોગ આ વખતે ઉત્તમ છે..! બીજે ભલે બરફના કરા પડે, પણ આપણે ત્યાં સળગતા દેવતા પડવાના હોય એટલી ગરમી ફાટવાની છે. વાત પણ સાચી..! ટાઈઢ વાગે તો એનો ઉપાય થાય, બેચાર કપડા ઔર ચઢાવી દેવાય..! ગરમીમાં તો કપડા ઉતારવા પડે. સંસ્કારી હોવાથી નાગડા-પુગ્ડા તો થવાય નહિ..!

પણ સવારે ઉઠીને માંડ ચા-નાસ્તો કરતા હોય, ત્યારથી આકાશમાંથી અંગારા વરસવા માંડે. મોંઘુદાટ ફેસિયલ કરાવ્યું હોય તો એ પણ ધોવાય જાય. ક્યાં તો મોંઢા ઉપર મંકોડા ફરી ગયા હોય તેવો ચહેરો થવા માંડે..! દિવસ પૂરો થાય એટલે, માણસની હાલત રૂ વગરના ગાભા જેવી થઇ જાય..! પંખા પણ સાલા ટાઢક આપવાને બદલે, હીટરની જેમ વરતે, અને હિટલરની જેમ ત્રાસ પાડે..! ચિંતા આપણને પેલા ફાટેલા જીન્સ પહેરવાવાળની થાય કે, એમના ફાટેલા ભાગે તો ચામડી ઉપર જજેલા જ પડતા હશે..? શિયાળાનાં મૂહર્ત ચુકી ગયેલા હોય તેમ અમુક વરરાજાઓ, વરઘોડા કાઢે..! વરઘોડામાં નાચવાવાળા પણ નાચવાને બદલે પરસેવો કાઢીને ડામર-રોડ ભીનો કરવા આવ્યા હોય એવું લાગે..! વરઘોડાના ઘોડા સમજુ એટલે તે ઉઘાડા જ નીકળે..! સાલી સમજ નહિ પડે કે, આ લોકો ગરમીને લેવા જાય છે કે મુકવા..?

આવી લ્હાયમાં લગનમાં જમવાનું તો હોય જ..! અને તે પણ બુફે સિસ્ટમમાં..! હાલત એવી કફોડી બને કે, સાલી થાળી પકડવા જાય કે, ગરમીમાં બગલ ઘવડવા જાય..? બીજી બાજુ દેવ ઝાઝા ને વૈકુંઠ નાનું હોય એમ, પેટ કરતા થાળીનો ઘેરાવો ઓછો હોય..! વાનગી તો અનેક પ્રકારની બનાવી હોય, પણથાળી નાની હોવાથી, અમુક તો ખાવા પહેલા જ થાળીમાંથી આપઘાત કરવા માંડે. શાકના રસાની રેલ એવી ફરી વળે કે, પાપડ અને પૂરીનો રંગ બદલાય જાય. એમાં પાપડ તો બોળાવા આવ્યો હોય એવું જ લાગે..! એવો વિકલાંગ બની જાય કે, પાપડને ખાવા કરતા એના ઉપર દયા વધારે આવી જાય. પણ કકડીને ભૂખ લાગી હોય એટલે, હાજર સો હથિયાર સમજીને, જે હાથમાં આવ્યું તે ઝાપટવું પડે. શીખંડને પીવો પડે, એવું પણ બને..! કહેવાય નહિ..!

**લાસ્ટ બોલ -**

લગનના માંડવે જમણવાર ચાલતો હતો. ત્યાં એક ભાઈ હાંફતા હાંફતા આવીને કહે કે, કાકા..! આજે શીખંડ ખૂટી પડવાનો. શીખંડનાં કાઉન્ટર ઉપર બહુ પડાપડી થાય છે, કંઈ કરો...!

કાકાએ તરત ઈવેન્ટ મેનેજરને બોલાવીને કહ્યું, 'શીખંડના કાઉન્ટર ઉપર કોણ ઉભું છે?

ઈવેન્ટ મેનેજર કહે, 'પેલી રૂપ સુંદરી રમીલા..!

તાત્કાલિક એને ત્યાંથી ઉપાડીને પાપડના કાઉન્ટર ઉપર મૂકી દો. અને પાપડનાં કાઉન્ટર પર મુકેલી કદરૂપી કમરીને પાપડના કાઉન્ટર પર લાવો..!

ફરક એવો પડ્યો કે, શીખંડના કાઉન્ટર ઉપર, તરત ભીડ ઓછી થઇ ગઈ અને પાપડના કાઉન્ટર ઉપર ડાયવર્ટ થઇ ગઈ..!

શું મેનેજમેન્ટ છે યાર..?

એના કપાળમાં કાંદા ફોડું...!

# બી.કોમ.પછી શું ? અને જીવનલક્ષી બે પ્રશ્નો..

## અભિવ્યક્તિ




ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ


હવે ખૂબ ટૂંકા સમયમાં તમે વાણિજયના સ્નાતક બનશો યાને બી.કોમ.ની ડિગ્રી પ્રાપ્ત કરશો. ત્યારે તમારી સમક્ષ હવે પછીની કારકિર્દી માટે તમારા મનમાં ત્રણ વૈકલ્પિક પ્રશ્નો ચોકકસપણે ઉપસ્થિત થતા હશે. પ્રથમ વિકલ્પે તમે બી.કોમ.ની ડિગ્રી બાદ આગળ વધુ અભ્યાસ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું હશે. બીજા વિકલ્પમાં સ્નાતકની ડિગ્રી બાદ સર્વિસ યાને નોકરી માટે વિચારતા હશો અને ત્રીજો વિકલ્પ એ પણ ઉપલબ્ધ છે કે નાના-મોટા બિઝનેસ કે વ્યવસાય માટે પણ તમારા મનમાં વિચાર આવે એ ખૂબ જસ્વાભાવિક બાબત છે.

જો તમે વધુ અભ્યાસ માટે વિચારતા હોય અને એકાઉન્ટીંગમાં વધુ રસ હોય તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ ફિનાશ્યલ એનાલીસીસ, ચાર્ટર્ડ સેક્રેટરી કે કોસ્ટીંગના અભ્યાસ ICWA કોર્સ માટે વિચારી શકો છે. મેનેજમેન્ટના અભ્યાસ માટે એમ.બી.એ. ઈન માર્કેટીંગ, ફાયનાન્સ, એચ.આર. અંગે વિચાર કરી શકાય. સરકારી ક્ષેત્રમાં આગળ ઉપર નોકરી માટેની ઈચ્છા હોય તો યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપીને તૈયારી કરી શકો. જો તમને ટીચીંગની કારકિર્દીમાં રસ હોય તો એમ.કોમ., બી.એડ્., એમ.એડ્. કે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ કે સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટની પરીક્ષા આપીને કે એમ.ફીલ., પી.એચ.ડી. કરી શકો છો. આ ઉપરાંત પણ માસ્ટર્સ ડિગ્રી મેળવવા માટે સ્ટેટીસ્ટીક્સ, ઈકોનોમિક્સ, લેબર વેલ્ફેર, સોશિયલ વેલ્ફેર, હયુમન રિસોર્સ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન જેવા વિષયો લઈને અનુસ્નાતક ડિગ્રી પણ મેળવી શકો છો. બીજો વિકલ્પ છે નોકરીનો પરંતુ ગ્રેજયુએટ્સ, પોસ્ટ ગ્રેજયુએટ્સ થયેલા નોકરી વાંછુ ઉમેદવારોનો સ્ટોક આપણા દેશમાં એટલો બધો છે કે, નોકરી સહેલાઈથી મળતી નથી. અલબત્ત, નાની-મોટી નોકરી શોધો તો મળી રહે કારણ કે ઈન્ડસ્ટ્રીને પણ પોતાની જરૂરિયાત મુજબના માણસો મળતા નથી. નોકરી માટે જરૂરી Skills ડેવલપ કરવી પડે ત્યારે તમારે નોકરીમાં એન્ટ્રી મેળવીને તમારી જાતને પુરવાર કરીને આગળ વધી શકો છો. નોકરીની સાથે સાથે તમે Online કે ડિસ્ટન્સ લર્નીંગ મોડમાં અભ્યાસ ચાલુ રાખી શકો અને ત્રીજો વિકલ્પ ધંધો અથવા વ્યવસાયનો છે. અલબત્ત ધંધામાં ગળાકાપ સ્પર્ધા પ્રવર્તે છે. છતાં તમારું બિઝનેસ માઈન્ડ હોય તો નાના પાયે ધંધો શરૂ કરીને અથવા વ્યવસાય શરૂ કરીને ક્રમશ: તમે આગળ વધી શકો છો.

હમણાં બે દિવસ પહેલાં જ એક સરસ મજાનો આર્ટિકલ વાંચ્યો. અમેરિકાના ગ્રેગરી સ્ટોક્સ નામના લેખકે એક પુસ્તક લખ્યું છે એ પુસ્તકનું નામ છેઁ "The Book of Questions." આ પુસ્તક વાર્તા નથી, નવલકથા નથી, કવિતા નથી કે કોઈ પ્રેરણાત્મક પુસ્તક પણ નથી. પરંતુ ફક્ત પ્રશ્નોનું જ આ પુસ્તક છે. પ્રશ્નો એટલે તમારી આગામી બી.કોમ.ની પરીક્ષામાં -'પત્ર આવે છે તેવા પ્રશ્નોનું આ પુસ્તક નથી. પુસ્તકમાં પ્રશ્નો જરૂર છે, પરંતુ આ પુસ્તકમાં જે પ્રશ્નો છે તે જીવનલક્ષી છે કે સ્વનિરીક્ષણલક્ષી છે. આ પ્રશ્નો વાંચીને અને મનોમન ઉત્તરો મેળવીને ચોકકસપણે તમારામાં પરિવર્તન લાવી શકો અથવા તમારા જીવન અંગે તમને વિચારવા મજબૂર કરે એવા અનેક પ્રશ્નો આ પુસ્તકમાં છે. આ પુસ્તકના ઘણા પ્રશ્નો પૈકી મારે ફક્ત બે જ પ્રશ્નોની ચર્ચા આપની સમક્ષ કરવી છે.

પુસ્તકમાં એક પ્રશ્ન એવો છે કે તમારા જીવનની કઈ બાબત માટે તમે વધુમાં વધુ આભારની લાગણી અનુભવો છો. આ પ્રશ્નનો જવાબ દરેક વિદ્યાર્થી અલગ અલગ વિચારી શકે છે. જેમ કે પરમકૃપાળુ પરમાત્માએ મનુષ્ય તરીકે તમને જન્મ આપ્યો છે એટલું જ નહીં સુંદર હાથ, પગ, કાન, આંખ સાથે તમે જીવો છો તે શું પૂરતું નથી? એક સ્ટેપ આગળ વિચારીએ તો તમારી વયજૂથના એકસોમાંથી ફકત પચ્ચીસ જેટલા જ યુવાન-યુવતીઓ ઉચ્ચશિક્ષણ મેળવવા સદ્ભાગી બને છે. તે પૈકીના તમે પણ એક છો. આવી તો અનેક બાબતો છે. શાંતિથી વિચારજો અને આભારની લાગણીઓની આખી યાદી બનાવશો તો દુનિયાના સૌથી ભાગ્યશાળી હોવાનું તમને સમજાશે.

વિદ્યાર્થી મિત્રો, સાચી લાગણીથી આભારના બે શબ્દો બોલવામાં કચાશ રાખશો નહીં. એક વાર્તા છે. એક વખત એક ફકીર રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એમની સાથે કેટલાક સાથીઓ પણ હતા. અચાનક ફકીરને રસ્તાના પથ્થરથી પગમાં ઠોકર વાગે છે. પગની આંગળીઓમાં લોહી નીકળે છે. તેણે પગે પાટો બાંધીને ઉપરવાળાનો આભાર માન્યો. ત્યારે સાથી મિત્રોએ પૂછ્યું કે તમને પગમાં વાગ્યું અને લોહી નીકળ્યું છતાં પરમાત્માનો આભાર કેમ માન્યો? ત્યારે ફકીરે આપેલો જવાબ સાંભળવા જેવો છે.

આ પુસ્તકમાં બીજો એક પ્રશ્ન છે તમે કોઈની સિદ્ધિની કે સારી બાબતોનો બીજા સમક્ષ પ્રચાર કરો છો કે માત્ર તેની નકારાત્મક બાબતોને જ વેગ આપો છો? મારી દૃષ્ટિએ આ પણ એક ખૂબ જ મહત્વનો પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉત્તર જ તમારી માનસિકતા દર્શાવે છે. ચિંતક ઈમર્સન જણાવે છે વ્યકિત કે જે શુદ્ધ અને સારા વિચાર સંસારમાં ફેલાવે છે તેનાથી સંસારમાં પરિવર્તન આવે છે. નકારાત્મક બાબતોને વેગ આપનાર બીજાની નિંદા કરવા સિવાય બીજું કંઈ કરી શકતા નથી. જે માણસ બીજાની સિદ્ધિઓને બિરદાવે છે તે જ માણસ પ્રગતિ કરી શકે છે. સ્વામી સચ્ચિદાનંદજીએ પણ આજ વાત કરી છે. જે સમાજ એના ગુણીજનોનું અભિવાદન નથી કરતો તે સમાજ કાળક્રમે નષ્ટ પામે છે. એમ કહેવાય છે કે નકારાત્મક બાબતોને વેગ આપવાથી રૂમેટિઝમ યાને સંધિવા થાય છે. કોઈના વિષે ફરિયાદ કરવી કે તેની ખરાબ વાત કરવી ખૂબ જ સહેલી છે, ખામીઓ બતાવવી પણ ખૂબ જ સહેલી છે પરંતુ કોઈની સારી વાતનો પ્રચાર કરવો ખૂબ જ મુશ્કેલ છે. દુર્જનોની દુર્જનતા કરતાં સજ્જનોનું મૌન સમાજને વધારે નુકશાન કરે છે. એક માણસ એવો હતો કે તેને દરેક વાતમાં કંઈને કંઈ ખામી જ દેખાય. એક દિવસ એ માણસ ચાલતાં ચાલતાં થાકી ગયો. આરામ કરવા વડના ઝાડ નીચે બેઠો. એની નકારાત્મક વૃત્તિને પરિણામે એ વડની ઉપર વળગેલા નાના નાના ટેટાને જોઈને હસવા લાગ્યો અને ભગવાનની પણ ભૂલ કાઢીને બોલ્યો આ ભગવાન પણ કેવો મૂર્ખ છે કે આટલા મોટા વૃક્ષ ઉપર આવા નાના નાના ટેટા? ભગવાને કેટલી મોટી ભૂલ કરી છે એમ બોલીને પોતાની નકારાત્મકતાનું પ્રદર્શન કરતો હતો. બન્યું એવું કે આવું વિચારીને ભગવાન પર હસતો હતો અને ઉપરથી એક ટેટો તૂટીને એના માથા પર પડયો. તરત જ એનો વિચાર બદલાયો કે સારું થયું વડ પરના ટેટા નાના છે જો નાળિયેર જેવા ટેટા હોત તો આજે મારું માથું જફૂટી ગયું હોત! મિત્રો, વાતનો સાર એટલો જ છે કે જીવનમાં પોઝીટીવ એટીટ્યૂડ ધરાવનારા માણસો જ જીવનમાં આગળ વધી શકે છે કારણકે આવા માણસોથી જ દુનિયા ટકી રહી છે. બીજાના દોષ કે છિદ્ર કે ભૂલો જોનાર વ્યકિત જયાં પણ જાય છે ત્યાં તેને કંઈ સારું દેખાતું નથી. અન્ય લોકો સાથે તેને ફાવતું પણ નથી. વાસ્તવમાં જે વ્યકિતના અંતરમાં બુરાઈ છુપાયેલી છે તેને આખો સંસાર ખરાબ દેખાય છે. એક વખત યુધિષ્ઠિર અને દુર્યોધન એક મોટી સભામાં બેઠા હતા ત્યારે દુર્યોધનને પૂછવામાં આવ્યું કે તમને અહીં કેટલા સારા માણસો દેખાય છે. દુર્યોધને જવાબ આપ્યો કે મને અહીં એક પણ સારો માણસ દેખાતો નથી. આજ પ્રશ્ન જયારે યુધિષ્ઠિરને પૂછવામાં આવ્યો તો એમણે જવાબ આપ્યો મને અહીં બેઠેલા બધાજ માણસો સારા લાગે છે. કોઈ ખરાબ દેખાતો નથી. જીવન પરત્વેનો તમારો દૃષ્ટિકોણ કેવો છે તે ખૂબ જ મહત્ત્વનું છે. સારા કામનો પ્રચાર કરતા રહેવું જોઈએ. ટી.વાય.બી.કોમ.ના મારા તમામ વિદ્યાર્થીઓને આગામી યુનિવર્સિટી પરીક્ષા માટે હૃદયપૂર્વક શુભકામના પાઠવું છું.

આગામી ઉનાળું વેકેશન દરમ્યાન તમારે life skillsના વર્ગો કરવા હોય તો આપણે ૧૪/૬/૧૮ સુધી વિવિધ વર્ગો ચલાવીશું. જેનો લાભ લેવા અનુરોધ કરું છું.

# વિશેષ વાંચન

## ગેંગરિન

### વીણેલા ફૂલ
- આશા વીરેન્દ્ર - વલસાડ





આજે શનિવાર હોવાથી વિશાખા ઑફિસેથી વહેલી ઘરે આવીને થોડી વાર આડી પડી ત્યાં તો ડીંગ-ડોંગ, ડીંગ-ડોંગ ઉપરાઉપરી વાગી રહેલી ડૉરબેલે એની બપોરની ઊંઘ ઉડાડી દીધી.

'કોણ હશે અત્યારે? માંડ જરાવાર આંખ મળી ન મળી ત્યાં... બબડતાં એણે દરવાજો ખોલ્યો. આગંતુકને જોતાંની સાથે એની રહીસહી ઊંઘ પણ ઊડી ગઈ./

શુભી તું? શા માટે આવી છે? એણે કઠોરતાથી પૂછ્યું. 'કેમ, કંઈ કારણ હોય તો જ દીકરી માને ઘરે આવે? તું ય શું મા? આટલી બધી રીસ ? કેટલા દિવસ પછી આવી છું પણ મને અંદર આવવાનું ય નથી કહેતી ! એ આગળ વધીને એને ભેટી પડી પણટ્ટ વિશાખાએ ખાસ ઉમળકો ન બતાવ્યો. દીવાનખંડમાં સોફા પર શુભી બેસી પડી ત્યારે વિશાખા એને જોઈ રહી. કેવી ફિક્કી પડી ગઈ છે ને સુકાઈ પણ કેટલી ગઈ છે ! ખેર! હાથે કર્યા હૈયે વાગે તો ખરાં જ ને ?

મમ્મી, ઑફિસેથી સીધી જ આવી છું. બહુ ભૂખ લાગી છે. તારા સ્પેશિયલ કાંદા-પૌઆ અને સાથે સ્ટ્રોંગ નેસ્કેફે મળી જાય તો મજા આવી જાય.'

ભલેને એની પર ગમે તેટલો ગુસ્સો હોય, પણ દીકરી ખાવાનું નામ લે તો કઈ મા ના પાડી શકે ? નાસ્તો-કૉફી પત્યા પછી શુભી બગાસું ખાતાં ઊભી થઈ. બેડરૂમ તરફ જતાં જતાં બોલતી ગઈ, 'મમ્મી, મારા રૂમમાં એ.સી. ચાલુ કરીને થોડીવાર સૂઈ જાઉં છું. સખત ઊંઘ આવે છે. વિશાખા એને જતી જોઈ રહી પણ અટકાવી ન શકી.શુભી - એનું અને સુધાકરનું એકમાત્ર સંતાન. એનો જન્મ થયો ત્યારે સુધાકરને એવું લાગેલું કે પૃથ્વી પરનો સૌથી સુખી માણસ એ જ છે. દીકરીને લાડ-કોડથી ઉછેરીટ્ટ શકાય, એને કોઈ વાતની ખોટ ન લાગે એ માટે એણે ઓવરટાઈમ કરવા માંડિલો. એમ તો શુભી ત્રણ મહિનાની થઈ ન થઈ ત્યાં એની સાર-સંભાળ માટે નંદુબાઈને રાખીને વિશાખાએ પણ નોકરીએ જવાનું ચાલુ કરી દીધેલું. ડગુમગુ ચાલતાં શીખેલી ઢીંગલીને ગર્વથી સૌને બતાવતાં સુધાકર કહેતો,છે ને મારી પ્રિન્સેસ ? કેટલી ક્યૂટ છે નહીં ? એને માટે તો હું મારો આખો ખજાનો લુટાવી દેવા તૈયાર છું. શુભીને સૂવડાવવા એને હીંચકે લઈને બેસે ત્યારે એ ગાતો,

સો જા રાજકુમારી સો જા.

પછી તો શુભીના મોંમાંથી જે નીકળે એ તમામ વસ્તુ હાજર થઈ જતી. આટલા બધા લાડ-પ્યારથી વિશાખા ક્યારેક અકળાતી પણ પછી હસવામાં કાઢી નાખતી. જેમ જેમ એ મોટી થતી ગઈ એમ માતા-પિતાને સમજાતું ગયું કે એમની લાડલી ઉદંડ અને સ્વચ્છંદી બનતી જાય છે. પણ પાણી વહી નીકળ્યા પછી પાળ બાંધવાનો કશો અર્થ નહોતો.

શુભીની ખાસ સખી રીમા પાસેથી વિશાખાને જાણવા મળ્યું હતું કે, લગભગ રોજ જ એ કૉલેજમાંથી પીરિયડ બંગ કરીને વહેલી નીકળી જાય છે. પૂછપરછ કરતાં એણે સંકોચ વિના કહી દીધું,

સતીષ અને હું એકબીજાને ચાહીએ છીએ અને અમે લગ્ન કરવાનાં છીએ. 'લગ્ન ? હજી ગઈકાલ સુધી તો તું ઢીંગલા-ઢીંગલીથી રમતીતી ને આજે લગ્ન કરવા તૈયાર થઈ ગઈ ? કંઈ ભાન છે કે લગ્ન એટલે શું? સુધાકર એકદમ ઉશ્કેરાઈ ગયો. 'નથી તને એની ન્યાત-જાતની ખબર કે નથી તું એના કામ-ધંધા વિષે જાણતી.

મને એવી ખબર પડી છે કે, બે રૂમની નાનકડી ખોલીમાં એનો ને એના કાકાનો ચૌદ માણસનો પરિવાર રહે છે. જિંદગીભરનો સવાલ છે બેટા ! સરખી તપાસ તો કરવી પડે ને ? વિશાખાએટ્ટ સમજાવટના સૂરમાં કહ્યું. માતા-પિતાને કંઈપણ જવાબ આપવાને બદલે એક દિવસટ્ટ શુભી લાલચટાક સાડી પહેરી, સેંથીમાં સિંદૂર લગાવી અને ગળામાં ચાંદીનું મંગળસૂત્ર પહેરીને આવી પહોંચી. એની પાછળ જ ઊભો હતો સતીષ. એની કરતાં નહીં નહીં તોયે આઠેક વર્ષ મોટો તો હશે જ. પાકો રંગ, સાવ સસ્તાં લાગતાં કપડાં અને પગમાં કેન્વાસના શૂઝ. વિશાખા અને સુધાકરનાં હૈયાં જાણે ધબકવાનું ભૂલી ગયાં. અમારી વ્હાલસોયી દીકરીનો આ જીવનસાથી ? અમારા લાલન-પાલન અને કેળવણીનું આ પરિણામ ?

ઘરમાં દાખલ થવાની તકલીફ ન લેશો. ઉંબરેથી પાછાં વળો. વિશાખાએ સત્તાવાહી અવાજે કહ્યું હતું.

'પપ્પા, આ મમ્મી જુઓને, મને.. શુભીને વચ્ચેથી જ ફરિયાદ કરતી અટકાવીને સુધાકરે કહ્યું હતું, મમ્મી જે કહે છે એ બરાબર છે. આજ પછી આ ઘરમાં તારો પગ નહીં જોઈએ.''તમારો જો આ જ જવાબ હોય તો મારે માટે લીધેલો બધો દાગીનો, મારાં કપડાં, મારા કોસ્મેટીક્સ બધું મને આપો.તે દિવસે હૃદય પર પથ્થર મૂકીને બંનેને આંગણેથી કાઢી મૂક્યા પછી આજે શુભી એકદમ અચાનક કેમ આવી પહોંચી એ વિશાખાને! સમજાતું નહોતું. થોડીવારમાં સુધાકર પણ આવી પહોંચ્યો.

એને હજી તો શુભી માટે કંઈ વાત કરવા જાય ત્યાં જ એ રૂમમાંથી આવી ને પપ્પા પાસે બેસવા જાય ત્યાં સુધાકર ઊભો થઈને કહેવા લાગ્યો, 'પોણા સાત વાગવા આવ્યા. તારે ઘરે જવાનું મોડું થતું હશે. હવે તારે નીકળવું જોઈએ.

મમ્મી-પપ્પા, તમે ભલે રોકાવાનું ન કહો પણ આજે રાત્રે હું અને સતીષ અહીં જ રોકાવાનાં છીએ, તમને બંનેને કંપની આપવા.

અમને કોઈની કંપનીની જરૂર નથી. ને કોની રજાથી તેં અહીં રહેવાનું નક્કી કર્યુંને સતીષને પણ બોલાવ્યો? પોતાના ઘરમાં રોકાવા માટે વળી પરમિશન કોની લેવાની ? આ ઘર પર મારો પણ હક્ક છે. અચ્છા, હવે સમજાયું. તું તારો હક્ક માગવા અને અમને કાયદો શીખવવા આવી છે ? સુધાકરનો અવાજ ફાટી ગયો. ત્યાં જ ડોરબેલ વાગી.

વિશાખાએ બારણું ખોલ્યું તો હાથમાં બેગ સાથે સતીષ ઊભો હતો.

સુધાકરે તેને કહ્યું., 'ત્યાં જ ઊભા રહેજો. અંદર આવવાની મનાઈ કરી હતી એ બહુ જલદી ભૂલી ગયા લાગો છો.

ઠીક છે, હવે હું પણ જોઈ લઈશ.' પગ પછાડતી શુભી બહાર નીકળી. અત્યાર સુધી મક્કમ રહેલી વિશાખાથી ડૂસકું મુકાઈ ગયું. સુધાકરે કહ્યું, જે વિશુ, શરીરનું કોઈ અંગ સડી જાય, ગેંગરિન થઈ જાય તો એને કાપવું જ પડે છે. શુભી પણ આપણું અંગ જ છે, પણ એનામાં સડો લાગી ગયો છે. આના સિવાય બીજો કયો રસ્તો લઈ શકીએ ?એણે પાણીનો ગ્લાસ આપીને વિશાખાને કહ્યું, શાંત થઈ જા.

(મધુબાલા કિર્તનીની મરાઠી વાર્તાને આધારે)

## જીવન જીવવાની જડીબુટ્ટી

### અહમને ઓગાળવો અને સંબંધોને જીતાડવા

#### નોખી-અનોખી
- કિંજલ પંડ્યા, પારડી





આપણે બધા એક અજીબ દોડમાં જીવી રહ્યા છીએ. સવારે જાગવાથી લઈને રાત્રે સૂવા સુધી આપણી આસપાસ માણસોનો મેળો છે, છતાં આપણી ભીતર એક એકલતાનો સન્નાટો પણ છે. આ સન્નાટો કેમ છે? કારણ કે આપણે સંબંધો બાંધતા તો શીખી ગયા, પણ એ સંબંધોમાં આવતી તિરાડોને સાંધવાની કળા ભૂલી ગયા છીએ. તાજેતરમાં ખૂબ જ ચર્ચામાં આવેલી એક વેબ સિરીઝ પ્રીતમ એન્ડ પેડ્રોના અંતમાં એક ગીત આવે છે,

જેની પંક્તિઓ મનને ઝંઝોળી જાય છે. એ ગીતનો આખો મર્મ માત્ર બે જ સ્તંભ પર ટકેલો છે - માફી માંગતા શીખો અને માફ કરતા શીખો.

આ વાત સાંભળવામાં બહુ સરળ લાગે છે, જાણે કોઈ શાળાના બોર્ડ પર લખેલો સુવિચાર! પણ જ્યારે આ વાતને જીવનના વાસ્તવિક પટલ પર ઉતારવાની આવે છે ત્યારે ખબર પડે છે કે આ દુનિયાનું સૌથી અઘરું કામ છે. હકીકતમાં, આપણું જીવન એ ક્ષણોનો એક એવો સરવાળો છે જેમાં કેટલીક ક્ષણો મધપૂડા જેવી મીઠી હોય છે, તો કેટલીક લીમડા જેવી કડવી. આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ, પણ માનવસહજ સ્વભાવને કારણે આપણાથી ભૂલો થાય છે અને સામેવાળાથી પણ થાય છે. મનદુઃખ થાય ત્યારે મનની અંદર અદ્રશ્ય ગાંઠો બંધાઈ જાય છે. આ ગાંઠો સમય જતાં એટલી મજબૂત થઈ જાય છે કે તે આપણા માનસિક સ્વાસ્થ્યને અંદરથી કોતરી ખાય છે.

અહીં એક બહુ સુંદર મનોવૈજ્ઞાનિક સત્ય સમજવા જેવું છે. અંગ્રેજીમાં કહેવાય છે કે "When you forgive, you heal! When you let go, you grow!" (જ્યારે તમે માફ કરો છો ત્યારે તમે સાજા થાઓ છો, અને જ્યારે તમે પૂર્વગ્રહોને છોડી દો છો ત્યારે તમારો વિકાસ થાય છે). ઘણીવાર આપણે માફીને નબળાઈ માની લઈએ છીએ. આપણને એવું લાગે છે કે જો હું નમી જઈશ અથવા કોઈને માફ કરી દઈશ, તો હું નાનો સાબિત થઈશ. પરંતુ વાસ્તવમાં, માફી એ નબળાઈ નથી પણ આંતરિક શક્તિની સર્વોચ્ચ નિશાની છે.

તબીબી વિજ્ઞાન પણ કહે છે કે જ્યારે આપણે કોઈના પ્રત્યે લાંબા સમય સુધી ગુસ્સો, કડવાશ કે દ્વેષ રાખીએ છીએ, ત્યારે આપણું શરીર સતત તણાવમાં રહે છે. આ નકારાત્મકતા શરીરમાં કોર્ટિસોલ નામના સ્ટ્રેસ હોર્મોનનું સ્તર વધારે છે, જે ધીમે-ધીમે હાઈ બ્લડ પ્રેશર, હૃદયની બીમારીઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ તરફ દોરી જાય છે. મન પર રાખેલો આ વેરભાવ કોઈ બીજાનું નુકસાન કરે કે ન કરે, પણ આપણા પોતાના શરીર અને મન માટે ઉધઈ જેવું કામ કરે છે જે આપણને અંદરથી ખોખલા કરી નાખે છે. લોકો અવારનવાર એક બહુ મોટી ગેરસમજમાં જીવે છે કે જો હું સામેવાળાને માફ કરીશ, તો એ તેના પર ઉપકાર ગણાશે. પણ સત્ય તદ્દન વિપરીત છે. માફી એ સામેની વ્યક્તિ માટે નથી, એ પોતાના માટે છે. જ્યારે તમે કોઈને દિલથી માફ કરી દો છો, ત્યારે તમે એ વ્યક્તિ અથવા એ કડવી ઘટનાના જેલમાં બંધાયેલા કેદી મટી જાઓ છો. તમે તમારી જાતને એ નકારાત્મક ઉર્જાના બંધનમાંથી આઝાદ કરો છો. આ આઝાદી આપણને માનસિક હળવાશ અને પરમ શાંતિનો અનુભવ કરાવે છે, સંબંધોની તિરાડો આપોઆપ પુરાવા લાગે છે અને આપણો આત્મવિશ્વાસ વધે છે.જેમ કોઈને માફ કરવા માટે ઉદારતા જોઈએ, તેમ પોતાની ભૂલ સ્વીકારીને માફી માંગવા માટે અપ્રતિમ હિંમત જોઈએ. એક નાનકડો શબ્દ સોરી વર્ષો જૂની અદાવતને એક પળમાં ઓગાળી શકે છે. માફી માંગવાથી વ્યક્તિ નાનો નથી થતો, પણ તેના મનની મોટાઈ સાબિત થાય છે. આ સાથે જ, એક વાત સ્વ-માફીની પણ છે. ઘણીવાર આપણે બીજાને તો માફ કરી દઈએ છીએ, પણ ભૂતકાળમાં આપણાથી થયેલી કોઈ ભૂલ માટે પોતાની જાતને જિંદગીભર કોસતા રહીએ છીએ. આ આત્મ-ગ્લાનિ પણ એક ઝેર છે. આપણે માણસ છીએ, ભગવાન નહીં. આપણી જાત પ્રત્યે પણ થોડી કરુણા રાખવી જરૂરી છે. ભૂતકાળમાંથી શીખીને, પોતાની જાતને માફ કરીને જ આગળ વધી શકાય છે.

જીવનની સાચી ઉજવણી મોંઘી ગાડીઓ, આલીશાન બંગલા કે વૈભવી પાર્ટીઓમાં નથી, પણ રાત્રે ઓશીકે માથું મૂકતી વખતે મળતી શાંતિમાં છે. જો આપણે મનમાં વેરઝેર અને અહંકારના પોટલાં બાંધીને ફરીશું, તો ક્યારેય વર્તમાન ક્ષણનો આનંદ નહીં માણી શકીએ. સંકલ્પ બહુ નાનો કરવાનો છે - જો કોઈની ભૂલ હોય તો એને મુક્ત હસ્તે માફ કરીએ અને જો આપણી ભૂલ હોય તો અહમ ઓગાળીને માફી માંગી લઈએ.

અંતમાં, એક વિચાર જે તમારી ભીતર લાંબા સમય સુધી ગૂંજતો રહેશે...

જરા શાંતિથી વિચારી જુઓ... આજે આપણે જે વ્યક્તિ સાથે બોલતા નથી, જે વ્યક્તિ પ્રત્યે આપણા મનમાં તીવ્ર નફરત કે અણગમો છે, જો આવતીકાલની સવાર જોવા માટે એ વ્યક્તિ કે આપણે પોતે દુનિયામાં ન હોઈએ... તો એ વેરભાવ, એ અહંકાર, અને એ ન બોલવાની જીદનું મૂલ્ય શું રહેશે?

શું આપણા અહમનું કદ કોઈના આયુષ્ય કરતાં પણ મોટું છે? સમય રેતીની જેમ સરકી રહ્યો છે, પળનો ભરોસો નથી. તો પછી મનમાં આટલો બધો ભાર લઈને ક્યાં સુધી ચાલવું છે? નિર્ણય આપણો છે - કાં તો અહમને જીતાડીએ, કાં તો સંબંધને!

## તારો અને મારો સાથ... પ્રીતનું અવિરત વહેતું ઝરણુ

### પ્રીતનું ઝરણું
જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ



લગ્નના બંધનમાં બંધાઈને આજે છવ્વીસ વર્ષ પૂર્ણ થયા. વર્ષો કેલેન્ડરમાં બદલાતા ગયા, ઋતુઓ બદલાતી રહી, સંજોગો બદલાયા, જવાબદારીઓ વધી... પરંતુ એક વસ્તુ ક્યારેય બદલાઈ નહીં - તારો અને મારો સાથ.

પ્રીત માત્ર શબ્દ નથી; તે એક એવો અહેસાસ છે, જે સમય સાથે જૂનો થવાને બદલે વધુ ઊંડો, વધુ મીઠો અને વધુ અર્થસભર બનતો જાય છે. લગ્નના આટલા વર્ષો પછી પણ આજે જ્યારે પાછળ વળી જોઈએ છીએ, ત્યારે લાગે છે કે જાણે ગઈકાલની જ વાત હોય.

એક તેવીસ વર્ષની યુવતી પોતાના માતા-પિતાનું આંગણું, બાળપણની યાદો અને ઓળખીતી દુનિયા છોડીને એક અજાણ્યા પરિવારમાં પ્રવેશે છે. મનમાં અસંખ્ય સપનાઓ, થોડી શંકાઓ, ઘણી આશાઓ અને એક જ ઈચ્છા—પ્રેમ અને સ્વીકાર. જો તેને એ ઘર પ્રેમ, સમજણ અને સન્માનથી સ્વીકારે, તો પછી જીવનના મોટા મોટા સંઘર્ષ પણ સહેલા લાગવા લાગે. ભૌતિક સુખ-સગવડો કરતાં પ્રેમ અને વિશ્વાસનું ઘર વધુ સમૃદ્ધ લાગે છે.

આજે પણ યાદ આવે છે તે દિવસો, જ્યારે બાઈકની પાછળની સીટ પર બેસીને ખુલ્લા રસ્તાઓ પર પવન સાથે વાતો કરતાં દરિયાકિનારે નીકળી પડતા. ખભા પર રાખેલો વિશ્વાસભર્યો હાથ જાણે આખા જીવનનો આધાર બની ગયો હતો. એ નાની નાની ક્ષણોમાં જ તો જીવનની સૌથી મોટી ખુશીઓ વસતી હતી.

સમય સાથે સંઘર્ષ આવ્યા. જવાબદારીઓ વધી. માતા-પિતા બનવાનો આનંદ મળ્યો. સંતાનોની સ્મિતમાં પોતાની દુનિયા વસાવી દીધી. નવા સંબંધો જોડાયા, કેટલાક સાથ છૂટી ગયા. ઘરમાં નવા લોકો આવ્યા, જીવનના અનેક રંગો બદલાયા. પરંતુ આ બધા પરિવર્તનોની વચ્ચે એક સંબંધ એવો રહ્યો, જે દરરોજ વધુ મજબૂત બનતો ગયો—તારો અને મારો સાથ.

આજે આપણે એકબીજાના માત્ર જીવનસાથી નથી રહ્યા; આપણે એકબીજાના મિત્ર, માર્ગદર્શક, હિંમત, આશરો અને મૌનને પણ સમજી લેતા સાથી બની ગયા છીએ. હવે શબ્દો કરતાં આંખો વધુ વાતો કરે છે, અને હાજરી જ સૌથી મોટો વિશ્વાસ બની ગઈ છે.

છવ્વીસ વર્ષ પહેલાં શરૂ થયેલી આ સફર આજે પણ એટલી જ સુંદર લાગે છે. પ્રેમનું સાચું સૌંદર્ય કદાચ એ જ છે કે તેમાં સમયનો ભાર નથી પડતો; તે દરેક સવાર સાથે ફરીથી ખીલી ઊઠે છે.

મારી જીવનયાત્રાની સૌથી સુંદર ઓળખ જો કોઈ હોય, તો એ માત્ર એટલી જ છે—તારો અને મારો સાથ. આ સાથ જ મારી -ીત છે, મારી શક્તિ છે અને મારા જીવનનું સૌથી અમૂલ્ય આશીર્વાદ છે.

## 'આદર આપી આગળ વધજે, ના કરજે તકરાર હવે



ભીતર છે અંધાર હવે તો
ખોલો મનના દ્વાર હવે તો.
આગળ વધવા સાંકળ થા તું
જોડી તારે તાર હવે તો .
તડકો છાંયો સઘળું જગમાં
સુખ દુઃખનો સંસાર હવે તો.

દાન ધર્મ કરજે જીવનમાં
પાપ ટળે પળવાર હવે તો ?.
અંત થાશે જ્યાં દુર્યોધનનો
ના રહેશે અહંકાર હવે તો?.
આદર આપી આગળ વધજે
ના કરજે તકરાર હવે તો .

**ભારતી કાંતિલાલ ગડા મુંબઈ**

### સંવેદન
- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા



ગઝલ એ માત્ર ભાવપ્રકાશનું માધ્યમ નથી, પરંતુ જીવનદર્શનને સરળ શબ્દોમાં રજૂ કરતી કાવ્યવિધા પણ છે. ભારતી કાંતિલાલ ગડાની હવે તો... ગઝલ જીવનને સકારાત્મક દિશામાં આગળ વધારવાનો સંદેશ આપે છે. ગઝલનો દરેક શેર માણસને આત્મચિંતન, સદાચાર, પરોપકાર અને વિનમ્રતા તરફ દોરી જાય છે. હવે તો રદીફના પુનરાવર્તનથી કવયિત્રી જાણે જીવનમાં પરિવર્તન લાવવાનો તાકીદભર્યો અવાજ ઉઠાવે છે.

ગઝલના -થમ શેરમાં કવયિત્રી લખે છે–

*ભીતર છે અંધાર હવે તો,*
*ખોલો મનના દ્વાર હવે તો.*

આ શેરમાં બહારના અંધકારની નહીં પરંતુ મનના અજ્ઞાન, અવિશ્વાસ અને નકારાત્મકતાના અંધકારની વાત છે. કવયિત્રી કહે છે કે જો જીવનમાં પ્રકાશ જોઈએ તો મનના દ્વાર ખોલવા પડશે. મન ખુલ્લું હશે તો જ જ્ઞાન, પ્રેમ અને સદભાવનો પ્રકાશ અંદર પ્રવેશશે. આ શેર આત્મજાગૃતિનું સુંદર આહ્વાન છે.

બીજા શેરમાં કવયિત્રી કહે છે–

*આગળ વધવા સાંકળ થા તું,*
*જોડી તારે તાર હવે તો.*

આ શેર એકતા અને સહયોગનું મહત્ત્વ સમજાવે છે. એકલતામાં પ્રગતિ શક્ય નથી. સમાજમાં એકબીજાના હાથ પકડીને, સંબંધોના તાર જોડીને આગળ વધવું જોઈએ. સાંકળ અને તાર બંને પ્રતીકો માનવીય સંબંધોની મજબૂતાઈ દર્શાવે છે. વિખૂટા પડવાને બદલે જોડાવાનો સંદેશ અહીં અત્યંત અસરકારક રીતે વ્યક્ત થયો છે. ત્રીજા શેરમાં જીવનનું યથાર્થ દર્શન થાય છે–

*તડકો છાંયો સઘળું જગમાં,*
*સુખ દુઃખનો સંસાર હવે તો.*

જીવનમાં સુખ અને દુઃખ બંને અનિવાર્ય છે. જેમ દિવસ પછી રાત આવે છે અને તડકા પછી છાંયો મળે છે, તેમ જીવનમાં આનંદ અને પીડા બંને આવે છે. માત્ર સુખની અપેક્ષા રાખવી યોગ્ય નથી. સુખમાં અતિઉલ્લાસ અને દુઃખમાં નિરાશ થયા વિના સમતાભાવ રાખવો એ જ જીવનની સાચી સમજ છે. આ શેર જીવનદર્શનને અત્યંત સરળ ભાષામાં રજૂ કરે છે.

ચોથા શેરમાં કવયિત્રી માનવધર્મ તરફ દોરી જાય છે–

*દાન ધર્મ કરજે જીવનમાં,*
*પાપ ટળે પળવાર હવે તો.*

અહીં દાન અને ધર્મનો અર્થ માત્ર આર્થિક દાન નથી, પરંતુ સેવા, કરુણા, સહાનુભૂતિ અને પરોપકાર પણ છે. જે વ્યક્તિ નિઃસ્વાર્થ ભાવથી બીજાનું ભલું કરે છે, તેનું જીવન પવિત્ર બને છે. સદ્કર્મો જીવનમાંથી અનેક પ્રકારના દોષોને દૂર કરે છે. આ શેર માણસને કર્મયોગી બનવાનો સંદેશ આપે છે.

પાંચમા શેરમાં કવયિત્રી ભારતીય મહાકાવ્યનો સુંદર સંદર્ભ આપે છે–

*અંત થાશે જ્યાં દુર્યોધનનો,*
*ના રહેશે અહંકાર હવે તો.*

અહીં દુર્યોધન માત્ર મહાભારતનું પાત્ર નથી, પરંતુ અહંકાર, અન્યાય અને દુષ્ટતાનું પ્રતીક છે. જ્યાં અહંકાર હોય ત્યાં અંત નિશ્ચિત છે. મહાભારત આપણને શીખવે છે કે ગર્વ અને અહંકારનો અંત હંમેશાં વિનાશમાં થાય છે. કવયિત્રી આ પૌરાણિક સંદર્ભ દ્વારા આજના માનવીને વિનમ્રતા અને સદાચારનો પાઠ ભણાવે છે.

અંતિમ શેરમાં કવયિત્રી જીવનવ્યવહારની સુંદર શીખ આપે છે–

*આદર આપી આગળ વધજે,*
*ના કરજે તકરાર હવે તો.*

આ શેર સમગ્ર ગઝલનો સાર કહી શકાય. માન-સન્માન, પ્રેમ અને પરસ્પર આદરથી સંબંધો મજબૂત બને છે. વિવાદ અને તકરાર કોઈ પ્રશ્નનો સ્થાયી ઉકેલ નથી. જો આપણે સૌને આદર આપીને આગળ વધીએ તો જીવન વધુ સુખમય બની શકે. આ શેર સમાજમાં સૌહાર્દ અને માનવતાના મૂલ્યોને મજબૂત બનાવે છે.સમગ્ર ગઝલની ભાષા અત્યંત સરળ, સહજ અને પ્રાસાદિક છે. સામાન્ય શબ્દોમાં ઊંડું જીવનદર્શન વ્યક્ત થયું છે. હવે તો રદીફ દરેક શેરમાં પરિવર્તનની તીવ્ર જરૂરિયાતનો અનુભવ કરાવે છે. કવયિત્રી ઉપદેશ આપતી નથી, પરંતુ પ્રેમાળ રીતે સાચા માર્ગે ચાલવા પ્રેરણા આપે છે. ગઝલમાં પ્રતીકો, જીવનસત્ય અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોનું સુંદર સંકલન જોવા મળે છે.આ ગઝલનું વિશેષ સૌંદર્ય એ છે કે તેમાં વ્યક્તિગત વિકાસથી લઈને સામાજિક જવાબદારી સુધીના અનેક પાસાં આવરી લેવાયા છે. મનના અંધકારને દૂર કરવો, સંબંધોને મજબૂત બનાવવું, સુખ-દુઃખને સમભાવથી સ્વીકારવું, પરોપકાર કરવો, અહંકારનો ત્યાગ કરવો અને સૌને આદર આપવો—આ બધા સંદેશો આજના સમયમાં અત્યંત પ્રાસંગિક છે.અંતમાં કહી શકાય કે ભારતી કાંતિલાલ ગડાની હવે તો... ગઝલ માત્ર કાવ્યરચના નથી, પરંતુ જીવનને ઉજ્જવળ, સંસ્કારી અને માનવતાસભર બનાવવાનો માર્ગદર્શક સંદેશ છે. દરેક શેર વાચકને આત્મચિંતન કરવા પ્રેરે છે અને વધુ સારા મનુષ્ય બનવાની દિશામાં આગળ વધવા પ્રોત્સાહિત કરે છે. આ ગઝલનું વાંચન માત્ર આનંદ આપતું નથી, પરંતુ જીવનને નવી દિશા અને નવી દૃષ્ટિ પણ પ્રદાન કરે છે.

## ગિગ કામદારોની અપ્રતિમ સેવાઓ

**અ**મુક વાચકો માટે ગિગ કામદાર શબ્દ તદ્દન નવો હશે અને એમની સેવાઓ વિશે પણ માહિતી નહીં હોય. ગિગ કામદારો એટલે એવા કામદારો જે પોતાની કંપની વતી પોતાનાં ગ્રાહકોને ઉત્તમ અને ઉમદા સેવા પૂરી પાડે છે. ગિગ કામદારો કંપનીના વફાદાર સેવકો ગણાય છે. આવાં ગિગ કામદારો પુષ્કળ ઠંડી, આકરી ગરમી કે ભયંકર વરસાદમાં પણ પોતાનાં ગ્રાહકોને સેવા પૂરી પાડે છે. ગિગ કામદારો કોને કહેવાય? આની વ્યાખ્યા આપવી હોય તો કુરીયર સર્વિસના, ગેસ એજન્સીના, ઝોમેટો, સ્વિગી, એમેઝોન વિગેરેના ડીલીવરી બોય્ઝ, ઓલા ઉબેરના ડ્રાઈવરો વિગેરેને ગિગ કામદારો તરીકે ઓળખવામાં આવે છે. આવા કામદારો પોતાની ફરજ પ્રત્યે બિલકુલ ફરજપરસ્ત હોય છે. રાતે બે વાગે કોઈ માલની ડીલીવરી કરવાની હોય કે કોઈને એરપોર્ટ કે રેલવે સ્ટેશન પહોંચવુ હોય તો ગિગ કામદારો તરતજ હાજર થઈ જાય છે. શિયાળાની હાડ થીજાવતી ઠંડી હોય, ઉનાળાનો બળબળતો બપોર હોય કે સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો હોય તો પણ આવા ગિગ કામદારો પાછીપાની કરતાં નથી. ગિગ વર્કસની નજરમાં ગ્રાહકોને સંતોષ આપવો એ જ એમનો મુદ્રાલેખ હોય છે. ગિગ કામદારો રવિવારે તથા અન્ય સરકારી રજાઓમાં પણ પોતાની સેવા પૂરી પાડે છે. અન્ય કામદારોનાં પગાર કરતાં ગિગ કામદારોનો પગાર પ્રમાણમાં ઘણો ઓછો હોય છે છતાં પણ તેઓ હસતાં મોંઢે અવિરતપણે એમની સેવાઓ બજાવતાં રહે છે.

આવી ઉત્તમ, ઉમદા અને અપ્રતિમ સેવાઓ બજાવતાં ગિગ કામદારોની આપણે સૌએ કદર કરવી જોઈએ અને સરકારશ્રીના શ્રમ મંત્રાલયે પણ ગિગ કામદારોનું વેતન વધારવા માટે સરકારનું ધ્યાન દોરવું જોઈએ.

**-યોગેશભાઈ આર જોશી, હાલોલ**

## બધા ગામડાઓ ગામડીયા નહીં પણ શહેરી થઈ ગયા છે!

### શબ્દથી શબ્દ સુધી
રમેશ પટેલ, સુરત

ગામડાની શેરીઓ શોધે છે ગિલ્લી ડંડા રમતા, હૂ..તૂ..તૂ અને કબડ્ડી લંગડી નાના બાળકોને. શેરીની ધૂળને ગળી ગયો છે શહેરી આસફાલ્ટનો અજગર. દેશી નળિયાવાળા મકાનોએ કરાવી લીધી છે આર.સી.સી.ની પ્લાસ્ટિક સર્જરી. એઓ નવું રૂપ લઈને ઊભા છે ,ગામ હવે બદલાઈ ગયું છે!

કૂવા શોધે છે હવે પનિહારીઓને. ગામને પાદર ઊભેલા મંદિરમાં હવે મધમાખીઓના મધપૂડા જોવા મળે છે. વડની વડવાઈઓ શોધે છે... લટકીને હીંચકા ખાતાં ગામડીયા બાળકોને.

કેટલાંક ઘરો હવે ખંડિયેર જેવા બની ગયા છે. જ્યારે કેટલાંક ઘરોમાં ખેત મજૂરો વસવાટ કરે છે કારણ માલિકો એન .આર. આઈ. બની ગયા છે!

ધૂળમાં ન્હાતી ચકલીઓ હવે... અલોપ થઈ ગઈ છે, મોબાઈલ ટાવરના કારણે! ભજન મંડળીઓના સ્થાને ડિસ્કો દાંડિયા રમતાં આધુનિક મહિલા પુરુષો જોવા મળે છે.

ગામના તળાવમાં કમળના સ્થાને ઊગી ગયા છે નવા ગગનચુમ્બી મકાનો! ગામના કાન હવે સાંભળવા આતુર છે બળદના ડોકની રાણકતી ઘંટડીઓના રણકારને બદલે હવે સંભળાય છે ગાડીઓના ચીસ પાડતાં હોર્ન. ગામડાની શુદ્ધ હોવાને પ્રદૂષિત કરે છે... કારખાના અને મિલોમાંથી નીકળતો ધુમાડો.

હવે ગામડાઓ શહેરમાં જઈને વસ્યા છે. ખેતી છોડીને ખેડૂતો બન્યા છે... શેઠિયાઓ... વેપારીઓ..! હવે ભોળા માણસોને બદલે પ્રપંચી માણસોનું વર્ચસ વધી રહ્યું છે. ગામડાના મનમાં હવે ઈર્ષાભાવ પેદા થયો છે. શેરીમાં બેસીને જમતા માણસો હવે... બુફે ડિનર આરોગતા થયા છે!

હવે ધોતી, કફની અને ટોપીએ વિદાય લીધી છે ગામમાંથી. ગામની શેરી જુએ છેં શેરીમાં ક્રિકેટ રમતા બાળકોને.

ગામના વૃક્ષો હવે ફર્નિચર બની ગયા છે! ગામ હવે કોઈ મહેમાનને ચા પાણી કરાવતું નથી! રેડિયોને બદલે ઘરે ઘરે ટી.વી. આવી ગયા છે. હવે ગામડાના હાથમાં જોવા મળે છે સ્માર્ટફોન! ગામડું હવે ચાહને બદલે કોફી પીતું થયું છે. રોટલાને બદલે આરોગે છે પીઝા- બર્ગર... વગેરે. ગામડાએ ગુમાવ્યું છે ભોળપણ. ગામડાને સાંભળવો છે કોયલનો ટહુકો પણ સંભળાયું છે ઘોંઘાટ. સવારે ગામડાના મોઢામાં દાતણને બદલે ટૂથબ્રશ જોવા મળે છે! જમીન માલિકોએ જમીન વેચી છે તેથી ચાડિયાની આંખોમાં આંસુઓ છલકે છે!!!

હવે ગામડું બળદ ગાડામાં મુસાફરી નથી કરતું પણ પ્લેનમાં મુસાફરી કરી પરદેશને જોવા ઊપડ્યું છે!

ગામડાની શેરીમાં વરસાદના ફોરાં હવે નથી દોરતા વર્તુળો. હવે ગામડાની શેરી કૂતરાના ભસવાનો અવાજ સાંભળવા આતુર છે! ગામડાને શહેરીકરણનું કેન્સર થયું છે. મારુ ગામ શહેરમાં આવી શોધે છે મારું સરનામું! હું હવે હું નથી રહ્યો બદલાઈ ગયો છું! ગામડાએ હવે પહેરી લીધા છે શૂટ- બુટ! ગામડું હવે માટલાનું ઠંડુ પાણી નહીં પરંતુ ફ્રીજનું પાણી પીએ છે. ગામડું સાંજે છાશને બદલે પીએ છેં રમ -વિસ્કી -બિયર બ્રાન્ડી વગેરે. ઉઘાડપગું ગામડું હવે... બુટ -ચંપલ પહેરે છે. દૂધ આપતી ગાય ભેંસને બદલે હવે પેટ્રોલ પીતી ફોરવ્હિલર ગાડીઓ આંગણામાં જોવા મળે છે! ગામડામાં હવે ભાડુઆત વસતા જોવા મળે છે. ગામડાના ઓટલાઓ હવે પાર્કિંગ બની ગયા છે... ગાડીઓ માટેના. ગામડું હવે નથી સળગાવતું ફાનસ પણ સ્વીચ પાડી ઉજાસ કરે છે... ઈલેક્ટ્રીક બલ્બનો. ગામડું સૂણે છે.. જુના ઘરોમાં ડોશા -ડોશીનો ખાંસવાનો અવાજ. ખેતરોમાં હવે છાણિયું ખાતર નહીં પરંતુ રાસાયણિક ખાતર ઠલવાતું જોવા મળે છે. હવે ગામડું બીડીને બદલે સિગારેટ પીએ છે. ગામડું હવે પડોશીઓને પણ ઓળખતું નથી! ગામડું હવે ફ્રિંફૂને પૂછીને રસ્તો શોધે છે! ગામડું શોધે છેં પંખીઓ- વૃક્ષો અને ટહુકાને!પણ....!

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 11, July 2026


## ડિજિટલ મીડિયા કંપની જવાબદારી ખંખેરે છે

ત્યાયનના આધુનિક ક્ષેત્ર એવા સોશિયલ મીડિયા તરીકે ઓળખાતા મંચનું સંચાલન કરતી કંપનીઓ જ પોતાના ઉત્તરદાયિત્વથી જવાબદારી ખંખેરી રહી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે અને તે પહેલીવાર નથી. વિવાદિત સામગ્રી ઉપર નજર રાખવાનું અમારા માટે શક્ય નથી તેમ કહીને તેઓ હાથ ખંખેરી રહી છે. બનાવટી, ભ્રમિત કરનારી અને વૈમનસ્ય ફેલાવનારી, ઉત્તેજક સામગ્રી-સમાચારો પ્રત્યે સભાન હોવાથી પોતાની જવાબદારી ખંખેરતી હોવાનું કંપનીઓનું વલણ યોગ્ય નથી. આવી કોશિશ તેમના તરફથી સતત થતી રહી છે. ડિજિટલ કંપનીના ઉત્તરદાયિત્વનો મુદ્દો ફક્ત દેશ-દેશની જનતાને કેટલીક બાબતોની ટેવ પાડવા પૂરતો મર્યાદિત નથી. બાળકો-કિશોરો એટલે કે દેશનું ભવિષ્ય કહી શકાય તે પેઢીનું માનસિક સ્વાસ્થ્યને પણ નકારાત્મક અસર પહોંચી રહી છે તે પણ અગત્યનું છે. આ કંપનીઓને જવાબદાર બનાવવા માટે દુનિયાભરના દેશોએ અલગ અલગ પગલાં ભરવા પડી રહ્યાં છે. ક્યાંક બાળકો માટે સોશિયલ મીડિયા ઉપર જ પ્રતિબંધ છે, તો ક્યાંક કેટલીક સાઈટ્સ વાલીઓના નિયંત્રણમાં રહે છે. ડિજિટલ કંપનીઓ પોતાનો વ્યાપ વધારવા, લોકો સુધી પોતાની પહોંચ વધારીને પૈસા કમાવા અનેક તરકીબ અજમાવે છે. કિશોરવયે આ માધ્યમનો ઉપયોગ ઘટે, તે માટે વિવિધ દેશની સરકાર પ્રયત્નશીલ છે. અશ્લીલ અને આપત્તિજનક સામગ્રી આપવામાં ડિજિટલ કંપનીઓને છોછ નથી. આ એક એવી સમસ્યા છે, જેનો છેડો ક્યાં છે તે કહી શકાય તેમ જ નથી. થોડા દિવસો પૂર્વે જ ભારતનાં માહિતી અને પ્રસારણ મંત્રાલયે મેટા કંપનીને યૌન શોષણને ઉત્તેજન આપતી તમામ જાહેરખબરો દૂર કરવા આદેશ કર્યો હતો તે પૂર્વે ટેલિગ્રામને પણ પાયરેટેડ ફિલ્મો અને ઓટીટી કન્ટેન્ટનો પ્રસાર રોકવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી. નવી રિલીઝ થતી ફિલ્મ કે સ્ટ્રીમ થતી વેબસિરીઝ ગણતરીના કલાકો-દિવસોમાં ટેલિગ્રામ ઉપર જોવા મળે છે. લાખો લોકો સુધી તે તરત પહોંચી જાય છે. નીટની પરીક્ષાનું પેપર ક્યાંક ફરીથી લીક ન થઈ જાય તેવી દહેશતથી જ ટેલિગ્રામ ઉપર થોડા દિવસો પહેલાં પ્રતિબંધ મૂકાયો હતો. આ બધું જાણે ઓછું હોય તેમ ચિંતાજનક વાસ્તવિકતા તો એ છે કે, આતંકી સંગઠન, અપરાધી ટોળકીઓ પણ ડિજિટલ પ્લેટફોર્મનો ભરપૂર દુરુપયોગ કરે છે.


દમણગંગા ટાઈમ્સ

NEWS

CORPORATE NEWS


## નથિંગે ફોન (૪બી)નું અનાવરણ કર્યું

**સુરત, તા. ૧૦ :** લંડન સ્થિત અગ્રણી કન્ઝ્યૂમર ટેક્નોલોજી બ્રાન્ડ નથિંગે આજે, (બી)સીરિઝના પ્રથમ અને નથિંગ પ્રોડક્ટની ઈકોસિસ્ટમના નવા એન્ટ્રી પોઈન્ટ એવા ફોન (૪બી) સ્માર્ટફોનનું અનાવરણ કર્યું હતું.

નવાફોન (૪બી) માં નથિંગની વિશિષ્ટ આગવી ડિઝાઈન,સ્માર્ટ સૉફ્ટવેર અને લાંબાગાળાની વિશ્વસનીયતા નો ઉત્કૃષ્ટ સમન્વય કરાયો છે.

ફોન (૪બી)નું વેચાણ ૧૪ જુલાઈ ૨૦૨૬થી શરૂ થશે. તે ફિલપકાર્ટ, ક્રોમા, રિલાયન્સ ડિજિટલ તેમજ વિજય સેલ્સ જેવા મુખ્ય રિટેલ સ્ટોર્સ પર ઉપલબ્ધ બનશે.

નીતિ આયોગનો રિપોર્ટ

# ભારતમાં ૧૦ વર્ષમાં ૯૪,૦૦૦ સરકારી સ્કૂલોને ખંભાતી તાળા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૦ :** નીતિ આયોગ દ્વારા ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંગે તાજેતરમાં જાહેર કરવામાં આવેલો એક અહેવાલ ભારે ચોંકાવનારો છે. સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઈન ઈન્ડિયા: ટેમ્પોરલ એનાલિસિસ એન્ડ પોલિસી રોડમેપ ફોર ક્વોલિટી એનહાંસમેન્ટ શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશભરમાંથી ૯૪,૦૦૦ જેટલી સરકારી શાળાઓ નામશેષ થઈ ગઈ છે. શિક્ષણ જગતમાં ચિંતાની લહેર જગાડતા આ આંકડા સ્પષ્ટ કરે છે કે, ગ્રામીણ ભારતમાં શાળાકીય શિક્ષણ અત્યારે એક મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.

**દરરોજ સરેરાશ ૨૫ સરકારી શાળાઓ બંધ થઈ**

રિપોર્ટના ચોંકાવનારા આંકડા દર્શાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં દરરોજ સરેરાશ ૨૫ શાળાઓ બંધ થઈ છે, જેમાં સૌથી મોટો હિસ્સો સરકારી શાળાઓનો છે.સરકારી શાળાઓમાં ઘટાડો: વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે.

સરકારી સહાયતા મેળવતી સ્કૂલો: આ જ ગાળામાં સરકારી સહાયતા મેળવતી શાળાઓની સંખ્યા પણ ૮૩,૦૦૦થી ઘટીને ૭૯,૦૦૦ થઈ ગઈ છે.

ખાનગી શાળાઓમાં ઉછાળો: આનાથી તદ્દન વિપરીત, આ ૧૦ વર્ષના ગાળામાં ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખ પર પહોંચી ગઈ છે.

એડમિશનમાં મોટો ઘટાડો: શાળાઓ બંધ થવાના કારણે વિદ્યાર્થીઓનો કુલ એડમિશન આંકડો ૨.૨૬ કરોડ જેટલો ઘટી ગયો છે.

**બાળકોની સંખ્યા ઘટવા પાછળના મુખ્ય કારણો**

નીતિ આયોગના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૪-૧૫માં દેશની શાળાઓમાં કુલ ૨૬.૯૫ કરોડ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૨૪.૬૯ કરોડ થઈ ગયા છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં આવેલા આ ઘટાડા પાછળ આ મુખ્ય કારણો જવાબદાર છે:

ઘટતો પ્રજનન દર: દેશમાં પ્રજનન દર ઘટવાના કારણે શાળાએ જવા યોગ્ય ઉંમરના બાળકોની વસ્તી ઓછી થઈ રહી છે.શાળાઓનું મર્જર: ઓછી સંખ્યાવાળી શાળાઓને એક કરી દેવાની નીતિ.

ડ્રોપઆઉટ રેટ: ઊંચા ધોરણોમાં બાળકોને શાળામાં ટકાવી રાખવાના પડકારો પણ આ સ્થિતિ માટે જવાબદાર ગણાવવામાં આવ્યા છે.

**શાળાઓનું વિલીનીકરણ (મર્જર): ફાયદો કે નુકસાન?**

કેન્દ્ર સરકાર અને નીતિ આયોગ દ્વારા ઓછી સંખ્યા ધરાવતી આસપાસની શાળાઓને એકબીજા સાથે જોડવા માટે સ્કૂલ કન્સોલિડેશન એટલે કે શાળાઓના વિલીનીકરણની નીતિ અપનાવવામાં આવી છે.

સરકારનો તર્ક: આ નીતિથી સ્કૂલ બિલ્ડિંગ અને શિક્ષકો જેવા સંસાધનોનો વધુ સારો ઉપયોગ થઈ શકે છે.

સામાજિક કાર્યકરોનો દાવો: આ નીતિના કારણે જ બાળકોના એડમિશન ઘટ્યા છે. જ્યારે ઘરની નજીકની શાળા બંધ થઈ જાય છે, ત્યારે અંતર વધી જવાના કારણે ઘણા બાળકો (ખાસ કરીને છોકરીઓ) અભ્યાસ છોડી દે છે.

રિપોર્ટ અનુસાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં સૌથી મોટા પાયે શાળાઓનું વિલીનીકરણ થયું છે, જ્યાં બંને રાજ્યોમાં મળીને અંદાજે ૪૦,૦૦૦ શાળાઓ બંધ કે મર્જ કરવામાં આવી છે. **મોટા ધોરણોમાં આવતા જ ડ્રોપઆઉટ રેટમાં મોટો ઉછાળો**

પ્રાથમિક શિક્ષણ બાદ વિદ્યાર્થીઓ દ્વારા ભણવાનું છોડી દેવાના ટ્રેન્ડ પર રિપોર્ટમાં ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે:

પ્રાઈમરી ક્લાસ (ધોરણ ૧થી ૫): શાળા છોડવાનો દર માત્ર ૦.૩% છે.અપર પ્રાઈમરી (ધોરણ ૬થી ૮): આ દર વધીને ૩.૫% થઈ જાય છે.

માધ્યમિક સ્તર (ધોરણ ૯ અને ૧૦): અહીં પહોંચતા જ ડ્રોપઆઉટ રેટ ૧૧.૫%ના જોખમી સ્તરે પહોંચી જાય છે.

એટલું જ નહીં, ધોરણ ૮માંથી ૯માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનો દર પણ વર્ષ ૨૦૧૪-૧૫ના ૯૧.૫૮%થી ઘટીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૬.૬% રહી ગયો છે. પુડુચેરી અને કેરળ જેવા રાજ્યોમાં આ દર ૯૯.૬% જેટલો ઉત્તમ છે, પરંતુ બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં આ સ્થિતિ ઘણી ચિંતાજનક છે.શાળાઓ બંધ થવાની સાથે સાથે શિક્ષણની ગુણવત્તા પર પણ આ રિપોર્ટમાં ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે ધોરણ ૯માં ભણતા ઘણા વિદ્યાર્થીઓ માત્ર બીજગણિત અને ભૂમિતિ જેવા અઘરા વિષયોમાં જ નહીં, પરંતુ ટકાવારી, અપૂર્ણાંક અને ગુણોત્તર જેવી ગણિતની પાયાની બાબતો સમજવામાં પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે શરૂઆતના ધોરણોમાં રહી ગયેલી કચાસ આગળના મોટા ધોરણો સુધી સતત ચાલુ રહે છે, જે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સામે એક મોટો પડકાર છે.

## ભારતીય મૂળના અનિલ મેનન ૮ મહિના માટે અવકાશમાં જશે



(જી.એન.એસ) તા. ૧૦

ભારતીય મૂળના નાસા અવકાશયાત્રી અનિલ મેનન ૧૪ જુલાઈના રોજ પોતાનું પહેલું અવકાશ મિશન શરૂ કરવા માટે તૈયાર છે, જ્યારે તેઓ આઠ મહિનાના રોકાણ માટે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (જીજી) પર પ્રક્ષેપણ કરશે.મીડિયા સૂત્રો દ્વારા અહેવાલ મુજબ, અનિલ મેનન રશિયન અવકાશયાત્રીઓ પ્યોત્ર ડુબ્રોવ અને અન્ના કિકિના સાથે કઝાકિસ્તાનના બાયકોનુર કોસ્મોડ્રોમથી રોસકોસ્મોસ સોયુઝ સ્જી-૨૯ અવકાશયાનમાં મુસાફરી કરશે.૪૯ વર્ષીય અવકાશયાત્રી, એક ઈમરજન્સી મેડિસિન ફિઝિશિયન અને યુએસ સ્પેસ ફોર્સમાં કર્નલ, અવકાશમાં આરોગ્યસંભાળ સુધારવા અને ભવિષ્યના ઊંડા-અવકાશ મિશનને ટેકો આપવાના હેતુથી સંશોધન કરવા માટે ભ્રમણકક્ષા પ્રયોગશાળામાં મહિનાઓ વિતાવશે.યુદ્ધભૂમિના ડૉક્ટરથી અવકાશયાત્રી મિનિયાપોલિસમાં જન્મેલા ભારતીય અને યુક્રેનિયન ઈમિગ્રન્ટ માતાપિતા સુધી, મેનને દવા, લશ્કરી અને અવકાશ સંશોધનમાં કારકિર્દી બનાવી છે.

નાસામાં જોડાતા પહેલા, તેમણે યુએસ એરફોર્સ સાથે સેવા આપી હતી અને ઓપરેશન એન્ડ્યુરિંગ ફ્રીડમ દરમિયાન અફઘાનિસ્તાનમાં ફ્રન્ટલાઈન પર કામ કર્યું હતું. તેમણે હિમાલયન રેસ્ક્યુ એસોસિએશન સાથે પણ સ્વયંસેવા આપી હતી, માઉન્ટ એવરેસ્ટ પર પર્વતારોહકોને તબીબી સંભાળ પૂરી પાડી હતી.

અનિલ મેનન ભારત સાથે મજબૂત સંબંધો જાળવી રાખ્યા છે. તેમણે રોટરી એમ્બેસેડરિયલ સ્કોલર તરીકે દેશમાં એક વર્ષ વિતાવ્યું, પોલિયો રસીકરણ પહેલનો અભ્યાસ અને સમર્થન કર્યું.

ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછા ફરી શકે છે

## મારી ધરપકડ કે હત્યા પણ થઈ શકે : શેખ હસીના

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦ : બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના ડિસેમ્બર મહિનામાં બાંગ્લાદેશ પાછા ફરી શકે છે. રોયટર્સના એક રિપોર્ટ મુજબ દેશ પાછા ફર્યા બાદ પોતાના સહયોગીઓને મળીને શેખ હસીના કોર્ટ સામે સરન્ડર કરી શકે છે. તેમને બાંગ્લાદેશની એક કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે. તેમની પાર્ટી અવામી લીગ ઉપર પણ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ વર્ષે થયેલી સંસદીય ચૂંટણીમાં શેખ હસીનાની પાર્ટીને ચૂંટણી લડવા દેવાઈ નહતી.

રોયટર્સના જણાવ્યાં મુજબ શેખ હસીના અને તેમની પાર્ટીના વરિષ્ઠ નેતા ડિસેમ્બરની આસપાસ ભારતથી બાંગ્લાદેશ પાછા ફરીને સરન્ડર કરવાની યોજના ઘડી રહ્યા છે. દક્ષિણ એશિયાઈ દેશ બાંગ્લાદેશના સૌથી લાંબા સમય સુધી સત્તામાં રહી ચૂકેલા શેખ હસીનાએ કહ્યું કે તેઓ અને તેમની પાર્ટીના સભ્ય સ્વચ્છાએ બે વર્ષ પહેલા જે દેશને છોડીને આવ્યા હતા ત્યાં પાછા ફરવા માંગે છે અને કોર્ટમાં હાજર થવા ઈચ્છે છે. જેનાથી ખબર પડશે કે બાંગ્લાદેશ પોતાના સૌથી પ્રમુખ રાજનીતિક વિરોધીના કેસને કેવી રીતે સંભાળે છે.

શેખ હસીનાએ ગુરુવારે મોડી રાતે લગભગ એક કલાક સુધી રોયટર્સ સાથે ફોન પર વાત કરી. તેમણે કહ્યું કે હું પાછી ફરું તો તેઓ મારી ધરપકડ કરી શકે છે,એટલે સુધી કે હત્યા પણ કરી શકે છે. તેમણે વધુમાં કહ્યું કે, આમ છતાં મારે જવું છે. મારી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ વધુ પડતા દમનનો સામનો કરવો પડી રહ્યો છે. જો મોત આવવાનું જ હશે તો હું ઈચ્છું છું કે તે મારી પોતાની જમીન પર આવે જ્યાં મારા માતા પિતા દફન છે અને જ્યાં તેમનું લોહી વહ્યું હતું.

## વૈશ્વિક હવાઈ શક્તિમાં ભારત ત્રીજા સ્થાને

(જી.એન.એસ) તા. ૧૦

નવી દિલ્હી, વર્લ્ડ ડિરેક્ટરી ઓફ મોર્ડન મિલિટરી એરક્રાફ્ટ ગ્લોબલ એર પાવર્સ રેન્કિંગમાં ભારત ૨૦૨૬ માટે વિશ્વની ત્રીજી સૌથી શક્તિશાળી લશ્કરી ઉડ્ડયન શક્તિ તરીકે ઉભરી આવ્યું છે, જ્યારે દેશ દ્વારા લશ્કરી ઉડ્ડયન શક્તિનું મૂલ્યાંકન કરવામાં આવે છે ત્યારે ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને રશિયા પાછળ છે. જોકે, વ્યક્તિગત સેવા શાખા રેન્કિંગમાં, ભારતીય વાયુસેના વૈશ્વિક સ્તરે છઠ્ઠા સ્થાને છે, જ્યારે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી એર ફોર્સ તેની પાછળ સાતમા સ્થાને છે.૨૦૨૨ પછી આ પાંચમી વખત છે જ્યારેં છઠ્ઠ એં નછછઠ્ઠ ને પાછળ છોડી દીધું છે અને એકંદરે છઠ્ઠી વખત છે જ્યારે તે ફક્ત યુએસ એરફોર્સ, યુએસ નેવી, રશિયન એરફોર્સ, યુએસ આર્મી અને યુએસ મરીન કોર્પ્સ પાછળ છે.ભારત દેશ દ્વારા ત્રીજા ક્રમે કેમ છે પરંતુ એકંદરે છઠ્ઠા ક્રમે છે. રેન્કિંગમાં યુનાઈટેડ સ્ટેટ્સને એક જ એન્ટ્રી તરીકે ગણવામાં આવતું નથી. તેના બદલે, દરેક લશ્કરી ઉડ્ડયન શાખાને અલગથી ક્રમ આપવામાં આવે છે, જેનો અર્થ છે કે યુએસ એરફોર્સ, યુએસ નેવી, યુએસ આર્મી અને યુએસ મરીન કોર્પ્સ દરેકને પોતાનું વ્યક્તિગત સ્થાન મળે છે.પરિણામે, ભારત એકંદરે છઠ્ઠા સ્થાને છે. તે ચાર યુએસ શાખાઓ અને રશિયન વાયુસેના પાછળ છે. જો કે, જ્યારે રેન્કિંગની ગણતરી વ્યક્તિગત સેવા શાખાઓ દ્વારા નહીં, દેશ દ્વારા કરવામાં આવે છે, ત્યારે અમેરિકાના તમામ લશ્કરી ઉડ્ડયનને એક તરીકે ગણવામાં આવે છે, ત્યારે ભારત ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને રશિયા પછી વૈશ્વિક સ્તરે ત્રીજા સ્થાને આવે છે.

## ઈથેનોલના કારણે કાર બંધ થવાનો એકેય કેસ નથી: ગડકરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં ઈથેનોલ મિક્સ પેટ્રોલ અને તેની ગાડીઓના પરફોર્મન્સ પર પડનારી અસર વિશે મોટી ચર્ચા છેડાયેલી છે. સોશિયલ મીડિયા ઉપર ભાત ભાતના દાવા થઈ રહ્યા છે. લોકોમાં વધતી આશંકાઓ અને ચર્ચાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સ્થિતિ સ્પષ્ટ કરી છે. ગડકરીએ કહ્યું કે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાની ટકાવારી વધ્યા બાદ ગાડીઓની માઈલેજમાં થોડો ઘટાડો આવી શકે છે. તેમણે જણાવ્યું કે ઈથેનોલની કેલોરીફિક વેલ્યૂ (calorific value) પેટ્રોલની સરખામણીએ ઓછી હોય છે. તેમણે એવો ભરોસો અપાવ્યો કે મોટાભાગના કેસોમાં ગાડીઓની માઈલેજ પર તેની અસર ખુબ મામૂલી કે નહિંવત પડશે. સોશિયલ મીડિયા પર છેલ્લા કેટલાક સમયથી વાયરલ વીડિયોમાં દાવો થઈ રહ્યો છે કે E20 ફ્યૂલ યૂઝ કરવાથી ગાડીઓના એન્જિન અને બીજા પાર્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. તેમણે આ દાવા સંપૂર્ણ રીતે ફગાવી દીધા છે અને કહ્યું કે સોશિયલ મીડિયા પર જે પણ ચલાવવામાં આવી રહ્યું છે તે પૂરેપૂરું વધારી ચડાવીને રજૂ કરાયું છે. તેમણે કહ્યું કે દેશમાં E20 બ્લેન્ડ (૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ) ને આમ જ કઈ લાગૂ કરાયું નથી.

# પૂ. જયશ્રીદીદીનો જન્મદિન : પ્રભુકાર્ય માટે સંકલ્પિત થવાનો દિવસ...




પ્રાસંગિક
-બાલકૃષ્ણ મહેતા


દેશવિદેશના યુવાનો અને કૃતિશીલો સહિત સ્વાધ્યાય પરિવારના લાખો ભાઈબહેનો માટે ૧૨મી જુલાઈ એ, જીવનવિકાસ સાધીને પ્રભુકાર્ય માટે એક કદમ આગળ વધવાની સમજણ દૃઢ કરવાનો દિવસ છે. પ્રત્યેક સ્વાધ્યાયી દંપતિ પોતાના ઘરના વાડામાં કે ઘરમાં કુંડાની અંદર તુલસી, ડમરો, ગુલાબ કે મોગરા જેવો કોઈ રોપ વાવીને, દરરોજ સવારે છોડ ઉપર જલાભિષેક કરતાં કરતાં નારાયણોપનિષદનું ભાવપૂર્વક પારાયણ કરશે. ૧૦૦ દિવસ સુધી સાતત્યપૂર્વક ચાલનારા આ પવિત્ર પ્રયોગથી ઘરની અંદર જ નહીં પણ પ્રત્યેકના દિલમાં અનોખા પાવિત્ર્ય અને ભાવનું દિવ્ય વાતાવરણ સર્જાશે. ૧૨મી જુલાઈ, એ સ્વાધ્યાય કાર્યને વૈશ્વિક ફલક ઉપર દેશવિદેશમાં લઈ જનાર આદરણીય પૂજનીય જયશ્રી આઠવલે તળવલકરજીનો ૬૯મો જન્મદિન વિશ્વભરમાં ઊજવાશે. આ દિવસ માધવવૃંદ દિન, યુવાદિન અને વૃક્ષમંદિર દિન તરીકે ઊજવાય છે. કૃતિશીલો અને યુવાનોની સ્પષ્ટ સમજણ છે કે, જે પૂજનીયના પ્રવચનો વિડીયો કૅસેટ દ્વારા સાંભળીએ છીએ તે પૂજનીયના જીવનમાં, વિચારમાં, કૃતિમાં અને વિશિષ્ટ અભિગમમાં જીવંત જોવા મળે છે. પૂજનીયનું જીવન સૌ કૃતિશીલો માટે પવિત્ર આદર્શ સમાન છે. સ્વાધ્યાયી મહિલાઓને પૂજનીયના જીવન અને વિચારોથી નવું ચૈતન્ય અને જીવનદર્શન સાંપડ્યા છે. અસત્ય વિચારો અને અવ્યવસ્થાઓ કે અગવડોની સામે ઝૂકી જઈને તેમાં ગોઠવાઈ જવાને બદલે ધીરજથી તેનો સામનો કરવાનો અને તેને સુધારવાનો પ્રયત્ન કરવાનું ખમીર પૂજનીયએ મહિલાઓમાં પૂર્યું છે. ઉચ્ચ શિક્ષણ પામેલી બુદ્ધિશાળી બહેનો પાર્ટટાઈમ કામ કરીને થોડું રળી લેવાની વૃત્તિ રાખવાને બદલે ઈશ્વરની પૂજા ગણીને બાલસંસ્કાર કેન્દ્ર, યુવતીકેન્દ્ર કે મહિલાકેન્દ્રનું સંચાલન કરીને જીવનની ધન્યતા અનુભવે છે. પૂજનીયએ મહિલાઓનું ચૈતન્ય જાગૃત કરીને મૈં કુછ કર સકતી હૂં એ વૃત્તિનો પ્રાણવાયુ પૂર્યો છે. ઘરની જવાબદારી સાંગોપાંગ રીતે સંભાળીને પ્રભુકાર્યમાં સાતત્યપૂર્વક દોડતી, પતિની સાથે ભક્તિફેરીમાં જતી કે એકાદશીમાં પૂજનીયના વિચારો લઈ ગામડે જતી બહેનોએ સાબિત કરી દીધું છે કે, યોગ્ય વિચાર અને માર્ગદર્શનથી તેઓ ધારે તે કરી શકવા શક્તિમાન છે. જન્મથી જ જેમને સ્વાધ્યાય અને પ્રભુકાર્યનું દર્શન મળ્યું છે તેવા પૂજનીયના વિચારમાં, જીવનમાં, આચારમાં અને અભિગમમાં પૂજનીયના કાર્યની જ ઝાંખી થતી હોય છે. ૧૪ વર્ષની ઉંમરે તેમનું રચેલું ભાવગીત સૌના છતાંય એ તો મારા છે પ્રાણ જાણે કાર્યકરોની ભાવનાને વાચા આપે છે. ૧૯ વર્ષની ઉંમરે તેમણે ૧૯૭૬માં ભાવમિલન સમારોહમાં સુંદર સ્વાગત પ્રવચન કર્યું હતું. ૨૯ વર્ષની ઉંમરે તેમણે રચેલું નિર્ધારગીત, ૧૯૮૬ની સાલના તીર્થરાજ મિલનની યાદ અપાવી જાય છે. સાથે સાથે આ ગીત કૃતિશીલોમાં જોમ અને જોશ પૂરે છે. પૂજનીયને psychology નો વિષય લઈને M.A. કરવું હતું, પરંતુ પૂજનીયના મનની વાત કળી જઈને તેમણે Philosophy સાથે M.A. કર્યું.

પૂજનીયની કલ્પના મુજબ ત્રણ દિવસમાં ગીતાના ૧૮ અધ્યાયનું સિંહાવલોકનરૂપે ગીતાવ્યહ કરવાનું હતું. અભ્યાસુ સમક્ષ આ એક મૂંઝવણ હતી. ત્યારે પૂજનીય એ સ્વયંભૂ ઉત્સાહથી છતાં નમ્રતાપૂર્વક તેની તૈયારી બતાવી અને ખૂબ પ્રભાવી રીતે ગીતાના અઘરા વિષયોની સરળ છણાવટ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વિશ્વનો સ્વાધ્યાય પરિવાર અનેક રીતે પૂજનીયનો હૃદયપૂર્વક કૃતજ્ઞી છે.

કૃતિશીલોની નાનીશી કૃતિની વાતો પણ વિશ્વમાં કરનારાં પૂજનીય આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં રજુ કરતાં રહ્યાં છે. રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં જીવનભર ઘૂમટામાં જીવનારી બહેનોનું પૂજનીયના વિચારો અને પૂજનીયના પ્રયોગોથી જીવન બદલાયું છે. હવે બહેનોને ભાવફેરી કરવાની અને ચિંતનીકા દ્વારા વિચારો સમાજમાં લઈ જવાની તક મળી છે. સમાજમાંથી ઊંચનીચના ભેદભાવ, અસ્પૃશ્યતા નિવારણ કે સંપન્ન-વિપન્ન વચ્ચેની વિષમતા દૂર કરવાનું અને કૌટુંબિક જીવનમાં, સમાજમાં જે ભાવજીવનનો દુષ્કાળ દૂર થવો વિગેરે, આ બધું પૂજનીયના ભક્તિમૂલક કાર્યનું લક્ષ્ય જરૂર નથી જ, છતાં કાર્યવૃક્ષને તેમના પ્રયોગોથી, આવેલા આ મધુર ફળો છે.


કૉલેજકાળ દરમ્યાન તેમના અધ્યાપકોનો આગ્રહ હતો કે, ઉત્કૃષ્ટ અને તેજસ્વી શૈક્ષણિક કારકીર્દિવાળા જયશ્રીકૉલેજમાં અધ્યાપન કાર્ય કરે અને સાથે સાથે Ph.D. ની ઉપાધિ મેળવે. પૂજનીય આ બધું નકારીને પૂજનીયના કાર્ય માટે જ સંપૂર્ણ સમર્પિત બન્યા. પૂજનીયના ૧૦૫માં જન્મવર્ષમાં ક્ષણક્ષણ પ્રભુકાર્ય માટે અવિશ્રાંત દોડતા રહેલા પૂજનીયને તેમના ૭૦ માં જન્મદિને પ્રભુ યોગેશ્વરને તેમના નિરામય સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે નમ્ર પ્રાર્થના અને પૂજનીય ની આ મહાન ચૈતન્ય શક્તિને પરિવારના અનંત પ્રણામ.

# હડકાયા કૂતરા જ હોંશિયારી કરે ને અંતે ભૂંડે હાલે મરે !


સતરંગી શમણાં
-નીતા પી. જાદવ, રાજકોટ


શીર્ષક વાંચીને વિચાર આવ્યો હશે ને કે, અહીં દુઃખી કરવા અદેખા માણસો ઓછા હતા કે, હવે હડકાયા કૂતરા પણ મેદાનમાંઉતરી આવ્યા કે શું ? ચિંતા કરવાની જરૂર નથી દોસ્તો કારણકે, બર્ડ ફ્લૂ કે કોરોના જેવી કોઈ ગંભીરબીમારી આવી નથી રહી, પણ રોજબરોજની જિંદગીમાં જે કારણ વગર હડકાયા થાય છે એને આ શીર્ષક સમર્પિત છે.

આજની ભાગદોડભરેલી જિંદગીમાં તમે ઘર - પરિવારની જવાબદારી વચ્ચે એટલા વ્યસ્તરહેતા હશો કે, સમયસર ખાવાનું પણભૂલાઈ જતું હશે. એક ફાઈલ પૂરી કરીને પછી જમું કે એક Excel sheet ભરી પછીપાણી પીવ... એવી જ રીતે કાળી મજૂરી કરતા ગરીબો પણ એક આટલું પતાવીને પછી જમવા બેસુ એમ વિચારી વ્યસ્તતામાં ખોવાઈ જતા હોય છે. ઘરે બાળકોને સાચવતી ગૃહિણી પણ પળ બે પળની નવરાશ માટે તરસતી હોય છે એમાં ઑફિસે જતી સ્ત્રીને તો ફુરસદ ક્યાં મળવાની ? હા, ખાસ નોંધ લેજોં કામ કરવા જતી દરેક સ્ત્રી કામની જગ્યાએ કામને બદલે આખા ગામની પંચાત કરે એની વાત નથી થઈ રહી... એ લોકોના ઘરવાળા તો એનાં એટલા કંટાળેલા હોય કે, એ જાય એટલી વાર જ ઘરમાંશાંતિ રહેતી હોય છે. અહીં કર્મનિષ્ઠ સ્ત્રી અને પુરુષો અને એમની સારપનેબિરદાવવાની વાત છે.



પણ આજે શિક્ષિત ખહુરિયાઓની વાત થઈ રહી છે. શિક્ષણનો હેતુ વ્યક્તિને સત્યનિષ્ઠ, ઈમાનદાર, ઉદાર, મિલનસારઅને માણસાઈની રખેવાળબનાવવાનો હતો, એને બદલે માણસ બીજા માણસને શબ્દો અને વર્તનથી કરડવા લાગ્યો છે.આ ઈર્ષાનો હડકવા એટલો ખતરનાક છે કે, આવી હડકાઈ વ્યક્તિ જેની પણ ટોળીમાં ભળે એને એના જેવા હડકાયા બનાવી દઈ ખુદને જંગલનો રાજા સમજવા લાગે છે.

સારાલોકો આવા લોકોથી દૂર રહી પોતાનું જીવન શાંતિથી જીવવા માંગતા હોય છે,પણ હડકાઈવ્યક્તિ અભિમાન કરવા લાગે કે, બધામારાથીડરેછે- મારા કાબુમાં છે અને હું કહું એમજ કરે છે. આ હડકાઈવ્યક્તિ એની સંગતમાં આવે એ બધાને એના જેવા હડકાયા કરીને મજા લેતા હોય છે.

એ લોકો એમ સમજતા હોય કે, અમારાથીવધારે સમજદાર અને હોશિયાર આખી દુનિયામાં કોઈ નથી, પણ હકીકતમાં બોસની કે અધિકારીની ચાટુકારી કરીને ઘણી વાર સજામાંથી અને દરેકવખતે કામમાંથી છટકીને રાવણની જેમ અભિમાનમાં છકી જતા હોય છે.

સારા લોકો ભગવાનને ન્યાય કરવાનું સોંપીપોતે ખુદના કામમાં પરોવીને સમયની રાહ જોતા હોય છે. કર્મ કોઈને છોડતા નથી. વગર કારણે કોઈ નિર્દોષના જીવને દુભાવીને આજ દિનસુધી બચી શક્યું નથી. સમય નબળો હતો તો સતીસીતાને રાવણ ઉપાડી ગયો અનેસતી દ્રૌપદીનું ભરી સભામાં ચીરહરણ થયું.... ત્યારે પાપી જીવોનું અભિમાન સાતમા આસમાને હતું.

પછી સમયનું ચક્ર ફર્યું ત્યારે રાવણનો લંકા સહિત અને દુર્યોધનનો આખા કુળ સહિત સર્વનાશ થયો. એ જ રીતે તમે જોયું હશે કે, હડકાયા કૂતરા પેલા આખા ગામને કારણ વગર કરડવા નીકળે અને અંતે ભૂંડે હાલેમરે છે અને એને મરી ગયાપછી કોઈ અડકવા પણ માંગતું નથી.એ રીતે હડકાયા થયેલા માણસો પણભૂંડા હાલે જ મરેછે. જેને આખી જિંદગી અભિમાનમાં બીજા લોકોના જીવ બાળેલા હોય એ ઠાઠડીએ પણ ઠરતા નથી. આવા જીવ અવગતિએ જઈ ભૂત બની ભટકતા રહેછે. આવા પાપી લોકોને ભગવાન પણબીજી વાર મનુષ્યદેહ આપતા નથીઅને એટલે પ્રેતાત્મા બની રિબાઈને પોતાના કુકર્મ ભોગવે છે એનો ઉલ્લેખ આપણા ધર્મગ્રંથોમાં જોવા મળે છે.

જો તમારી આસપાસ કૂતરા હડકાયા થાય તોડરવું નહિ, સમયની રાહ જોવો અને નિશ્ચિંત રહો.

પોતાના સત્ય, ઈમાનદારી અને કર્મો પરવિશ્વાસ રાખો,,, બાકી અતિશય ત્રાસવધી ગયો હોય તો હડકવાની રસી મુકાવીદેજો એનો અર્થ તમારાપરિપ્રેક્ષ્યમાં કરી લેવું.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વલસાડમાં કલેકટર દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** નગરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોનું કડકપણે પાલન થાય તે માટે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા એક સંયુક્ત મેગા ડ્રાઈવ યોજવામાં આવી હતી. વલસાડ કલેક્ટર ના સીધા માર્ગદર્શન હેઠળ ઉચ્ચ અધિકારીઓના કાફલાએ વલસાડ નગરપાલિકા અબ્રામા, ધરમપુર રોડ વિસ્તારમાં ઓચિંતું ચેકિંગ હાથ ધરતાં વેપારીઓ અને નિયમભંગ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.આ વિશેષ તપાસ અભિયાનમાં કલેક્ટર, આસીસ્ટંટ કલેકટર, પ્રાંત અધિકારી, ચીફ ઓફિસર તેમજ વલસાડ નગરપાલિકાના આરોગ્ય ચેરમેન સહિત પાલિકાના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પ્રત્યક્ષ રીતે જોડાયા હતા. ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને સ્વચ્છતાની સ્થિતિ અને કચરાના નિકાલની વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન જે સંસ્થાઓ, દુકાનદારો કે વ્યક્તિઓ દ્વારા સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું હતું અને ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોને નેવે મૂકવામાં આવ્યા હતા, તેમની સામે સ્થળ પર જ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. નિયમોનો ભંગ કરનારા એકમો પાસેથી કાયદાકીય જોગવાઈઓ અનુસાર જરૂરી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.વલસાડ નગરપાલિકા દ્વારા તમામ વેપારી મિત્રોને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૯૨ અને કલમ-૧૮૫ હેઠળ સ્વચ્છતા જાળવવા, કચરાનું નિયમ મુજબ સૂકો અને ભીનો કરવા તેમજ ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા જણાવાયું છે. આ સાથે જ રસ્તાઓ કે, ફૂટપાથ પર બિનજરૂરી દબાણ ન કરવા પણ સખત તાકીદ કરવામાં આવી છે.

## સેગવા-ખેરગામ રોડ પર લીમડાનું વૃક્ષ ધરાશાયી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ તાલુકાના સેગવા-ખેરગામ મુખ્ય માર્ગ પર એક રસ્તાની બાજુમાં આવેલું એક વર્ષો જૂનું લીમડાનું વૃક્ષ અચાનક ધરાશાયી થઈને મુખ્ય માર્ગ પર આવી પડ્યું હતું. વૃક્ષ રસ્તાની વચ્ચે જ પડવાને કારણે આ વ્યસ્ત માર્ગ પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો, જેને પગલે મુસાફરો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.આ ઘટના બની તે સમયે રસ્તા પરથી કોઈ વાહન કે, રાહદારી પસાર થઈ રહ્યા ન હતા. સામાન્ય રીતે સતત વાહનોથી ધમધમતા આ રોડ પર વૃક્ષ પડવા છતાં કોઈ તેની ઝપેટમાં ન આવતા તંત્ર અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને એક મોટી જાનહાનિ ટળી હતી.ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો અને સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વહીવટી તંત્રની રાહ જોયા વિના જ સ્થાનિક યુવાનો અને લોકોએ ભારે જહેમત ઉઠાવીને રસ્તા પરથી વૃક્ષની ડાળીઓ અને લાકડા હટાવવાની કામગીરી જાતે જ હાથ ધરી હતી.

## તિસ્કરીતલાટમાં મૃતદેહ મળ્યાના ૨૪ કલાકમાં પત્નીને રૂા. ૪ લાખનો ચેક અર્પણ કરાયો



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટ ગામે મધળદેવી ફળિયા તરફ જતા રોડની કિનારે ઉખડીયા ખાડીમાં ભારે વરસાદના કારણે પૂર આવ્યા હોવાથી અજયભાઈ ઉર્ફે ધીરુભાઈ ગાંવિત તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૪૫ વાગ્યે ખાડીના વહેણમાં તણાઈ ગયા હતા. સ્કૂલ વર્દીનો ધંધો કરતા અજયભાઈ ગાંવિતની શોધખોળ કરતા તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૪.૩૦ વાગ્યે તુંબી ગામે ડુંગરી ફળિયામાં પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ પટેલના ખેતરની બાજુમાંથી પસાર થતી ઉખડીયા ખાડીમાંથી અજયભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળવાના ૨૪ કલાકની અંદર વહીવટી તંત્રે સંવેદનશીલતા દાખવી આજરોજ તેમના પત્ની સુશીલાબેન અજયભાઈ ગાંવિતને રૂ. ૪ લાખની સહાયનો ચેક ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

## ધામણીમાં મકાન ધરાશાયી થતાં ભોગ બનેલા પરિવારને સહાય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૦ :** ધરમપુર તાલુકાના ધામણી ગામે તાજેતરમાં સતત વરસી રહેલા ભારે વરસાદ દરમિયાન કાચું મકાન ધરાશાયી થતાં વૃદ્ધ ધાકલભાઈ ધવળુભાઈ કેસરે ઉં. આશરે ૬૮ વર્ષ નું કરુણ મોત નિપજ્યું હતું. આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી -સરી હતી.રાજ્ય સરકારની કુદરતી આપત્તિ સહાય યોજના હેઠળ મૃતકના પરિવારને આર્થિક સહાયરૂપે રૂ. ૪,૦૦,૦૦૦ની મૃત્યુ સહાય મંજૂર કરવામાં આવી હતી. જે અંતર્ગત આજ રોજ ધરમપુર તાલુકા પંચાયત ખાતે તાલુકા વિકાસ અધિકારી કૃષ્ણપાલ મકવાણાના હસ્તે મૃતકની પત્ની કાકડુબેન ધાકલભાઈ કેસરેને સહાયની રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી સહિત કર્મચારીઓએ પરિવારને સાંત્વના પાઠવી રાજ્ય સરકાર દ્વારા કુદરતી આપત્તિમાં મૃત્યુ પામેલા વ્યક્તિના આશ્રિતોને નિયમ મુજબ સહાય આપવામાં આવતી હોવાનું જણાવ્યું હતું.

## વાપી જી.આઈ.ડી.સી.ના ૯ વર્ષ જૂના મોબાઇલ સ્નેચિંગ કેસમાં બાળ આરોપી ઝડપાયો

### વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે ગુનાના સમયે બાળ કિશોર રહેલા આરોપીને શોધી કાર્યવાહી હાથ ધરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપી જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૮માં નોંધાયેલા મોબાઇલ સ્નેચિંગના ગુનામાં છેલ્લા નવ વર્ષથી નાસતા ફરતા ગુનાના સમયે બાળ કિશોરને વલસાડ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાંચે શોધી કાઢ્યો છે. જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ અને સુરત રેન્જના અધિકારીઓના સુચન અનુસાર એલસીબીની ટીમ દ્વારા વોન્ટેડ આરોપીઓની શોધખોળ દરમિયાન આ સફળતા મળી હતી.

તપાસ દરમિયાન એલસીબીના એએસઆઈ અજયભાઈ અમલાભાઈ નાયકોને મળેલી બાતમીના આધારે વાપી જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના નં. ૧૩૧/૨૦૧૮, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૩૫૬ અને ૧૧૪ હેઠળના ગુનામાં સંડોવાયેલા આરોપીને વાપી વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે ગુનો બન્યો ત્યારે આરોપી બાળ કિશોર હતો. જેથી હાલ તેની વિરુદ્ધ કિશોર ન્યાય અધિનિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કામગીરી એલસીબીના પીઆઈ જે.બી. ધનેશા, સ્ટાફના એએસઆઈ અબ્દુલ અમીરભાઈ તથા એએસઆઈ અજયભાઈ અમલાભાઈ નાયક સહિતની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

### CHANGE OF NAME

OLD NAME: SHAMIN RAMANLAL DAMANIA NEW NAME: SHAMIN PRAMODBHAI KAMLI ADDRESS: 440-1, BHURI FALIA, VARKUND, NANI DAMAN, DAMAN- 396 210

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM GEETA RAMAN PATEL & GITABEN RAMANBHAI PATEL TO GITABEN PATEL ADDRESS: - 93/4, MOTA GHERE FALIYA, MARWAD, NANI DAMAN-396210.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME TARNNUMFATIMA KASIMALI KAMANI TO NEW NAME TARNNUM KASIMALI KAMANI AS PER DOCUMENTS

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM SHITALBEN GANPATBHAI PATEL TO SHITALBEN PRAFULBHAI KAMLI ADDRESS: - 14/2, RINGANWADA, NANI DAMAN-396210

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM PATEL DOLATBHAI CHHOTUBHAI & DOULAT CHHOTU PATEL TO DOLATKUMAR CHHOTUBHAI PATEL ADDRESS: - 93/4, MOTAGHAR FALIA, MARWAD, NANI DAMAN-396210.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM MY OLD NAMES ADITIBEN AND VAIDYA ADITIBEN PADMESHKUMAR TO MY NEW NAME ADITI KISHAN PANDYA. I WILL BE KNOWN AS MY NEW NAME ADITI KISHAN PANDYA FOR ALL FUTURE PURPOSES AS PER MY DOCUMENTS. VIDE AFFIDAVIT (SERIAL NO. 3656) DATED 18/03/2026 SWORN BEFORE NOTARY AMI J. SHAH AT SILVASSA.“?ADDRESS: FLAT NO. 704, PRAMUKH GARDEN BUILD-J-2, YOGI HOSPITAL, AMLI, SILVASSA, UT OF DNH & DD.

### NOTICE

This is to inform the general public that my name is Bharatkumar Mohanbhai Patel, residing at Patel Faliya, jani Vankad, Daman.““My son's correct Name is Veer Bharatkumar Patel. However, in some of his school documents his name has been recorded as Veer Bharatbhai Patel, whereas in his Aadhaar Card it is recorded as Veer Bharatkumar Patel. Therefore "Veer Bharatbhai Patel" and "Veer Bharatkumar Patel" refer to one and the same person. The general public is hereby requested to take note of this.

**Sd :** Bharatkumar Mohanbhai Patel

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૩૭/૨૦૨૬

**અરજદાર : શ્રી પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ**
**ઉ.વ.આ.૭૮, ધંધો - ખેતી, રહે.** સરીગામ, બોંડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ** રહે. સરીગામ, બોંડ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **સ્વ. ભીવાભાઈ ભિકુભાઈ બોંડનું** મરણ તા.૧૯-૦૪-૧૯૬૪ના રોજ મોજે - સરીગામ, બોંડ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૫/૨૦૨૬

**અરજદાર : શ્રી ગુલાભાઈ રવિયાભાઈ નીમલા**
**ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો - ખેતી, રહે.** નંદીગામ, પટેલપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી નંદીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગુલાભાઈ રવિયાભાઈ નીમલા** રહે. નંદીગામ, પટેલપાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **લખીયાભાઈ હોલીયાભાઈ નીમલાનો** મરણ તા.૦૮-૦૫-૧૯૯૧ના રોજ મોજે - નંદીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૬૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૭/૨૦૨૬

**અરજદાર : શ્રી ઈશ્વરભાઈ બાબુભાઈ બારીયા**
**ઉ.વ.આ.૭૧, ધંધો - નિવૃત, રહે.** બારિયાવાડ, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈશ્વરભાઈ બાબુભાઈ બારીયા** રહે. બારિયાવાડ, નારગોલ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **નંદીબેન ગોવનભાઈ બારીનું** મરણ તા.૦૫-૦૧-૧૯૬૫ના રોજ મોજે - બારિયાવાડ, નારગોલ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૮૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૩૫/૨૦૨૬

**અરજદાર : શ્રી પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ**
**ઉ.વ.આ.૭૮, ધંધો - ખેતી, રહે.** સરીગામ, બોંડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ** રહે. સરીગામ, બોંડ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. પાતેરીબેન ભિવાભાઈ બોંડનું** મરણ તા.૦૩-૦૪-૧૯૮૪ના રોજ મોજે - સરીગામ, બોંડ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૩૬/૨૦૨૬

**અરજદાર : શ્રી પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ**
**ઉ.વ.આ.૭૮, ધંધો - ખેતી, રહે.** સરીગામ, બોંડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ** રહે. સરીગામ, બોંડ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પરદાદા **સ્વ. ભિકુભાઈ ધાકલાભાઈ બોંડનું** મરણ તા.૧૬-૦૯-૧૯૬૦ના રોજ મોજે - સરીગામ, બોંડ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૬૧૬/૨૦૨૬

**અરજદાર : વનિતાબેન કિકાભાઈ પટેલ તે ડાહ્યાભાઈની પત્ની,**
**રહે.** ચિખલા, કાંપરી ફળિયું, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ઓલગામ, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વનિતાબેન કિકાભાઈ પટેલ તે ડાહ્યાભાઈની પત્ની**, રહે. ચિખલા, કાંપરી ફળિયું, તા.જી. વલસાડ તા.જી. વલસાડએ તેમના પોતાનો વનિતાબેન કિકાભાઈ પટેલનો જન્મ તા.૦૨/૦૬/૧૯૬૯ના રોજ મોજે ઓલગામ, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૬૧૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૩૮/૨૦૨૬

**અરજદાર : શ્રી પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ**
**ઉ.વ.આ.૭૮, ધંધો - ખેતી, રહે.** સરીગામ, બોંડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પુનીયાભાઈ ચંદુભાઈ બોંડ** રહે. સરીગામ, બોંડ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકી **સ્વ. માહીબેન દેવજીભાઈ બોંડનો** મરણ તા.૨૦-૦૯-૧૯૮૦ના રોજ મોજે - સરીગામ, બોંડ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**













Saturday 11, July 2026

# દમણગંગા ટાઈમ્સ

## વાપીમાં વેચેલી કારના પૈસા ન આપતાં ફરિયાદ

**વાપી, તા.૧૦ :** વાપીના છરવાડા રોડ ખાતે રહેતા વેપારી દર્શક અજીત ગાંધીએ ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તેણે પોતાની બીએમડબલ્યુ કાર ડુંગરાના આરીફ કાલેખાન કાદરી નામના વ્યક્તિને વેચાણ દસ્તાવેજથી આપી હતી. રૂપિયા ૨૪.૫૦ લાખની કિંમતની આ કાર પેટે આરોપીએ દોઢ વર્ષ નિયમિત પૈસા ચૂકવ્યા બાદ પૈસા આપવાનું બંધ કરી દીધુ હતું. જે બાદ તેણે બાકીના રૂા. ૬.૭ લાખ રૂપિયાનો ચેક ફરિયાદીને આપ્યો હતો. જે તા.૭-૭-૨૬ના રોજ ડિપોઝિટ કરતા તે બ્રિટન થયો હતો. જેને લઈ તેણે રોકડ માંગ કરી હતી જે ન આપતા ફરિયાદીએ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો ડુંગરા પોલીસમાં નોંધાવ્યો છે.

## મોરાઈથી ગાંજા સાથે એક ઝડપાયો

**વાપી, તા.૧૦ :** સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ વલસાડ પોલીસે પૂર્વ બાતમીના આધારે ગત રાત્રે વાપીના મોરાઈ ગામે આવેલી વેસ્પન કંપની સામે નવા બની રહેલા ઓવરબ્રિજ નીચે એક પાનના ગલ્લા પર છાપો મારી તપાસ કરતાં પાનના ગલ્લામાંથી પ્રતિબંધિત ગાંજાના પડીકીયો મળી આવતાં પાનનો ગલ્લો ચલાવનાર આરોપી રતન પરમેશ્વર શાહ મૂળ રહેવાસી મુંબઈની અટકાયત કરી તેની પાસેથી પડીકીમાં બાંધેલો ૦.૭૪૫ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી આવતા તેની સામે એનડીપીએસ ગુનો દાખલ કરી વાપી ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધ તપાસ હાથ ધરાઈ છે.

## પારડી-નાનાપોંઢા માર્ગ પર રાત્રે ઈકો કારને પિકઅપે ટક્કર મારતા એકનું મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૦ :** પારડીથી નાનાપોંઢા જતાં રોડ પર રાત્રિના સમયે એક બેકાબૂ મહેન્દ્રા પિકઅપ ટેમ્પો ચાલકે ઈકો કારને જોરદાર ટક્કર મારી હતી. આ કાળમુખા અકસ્માતમાં ઈકો કારમાં સવાર પિંકલ પટેલનો જીવ ગયો હતો. જ્યારે કારમાં સવાર અન્ય લોકોને ઈજાઓ પહોંચી છે.

પારડી તાલુકાના પંચલાઈ ગામે રહેતા પિંકલ પટેલ ગત રાત્રિના તેના મિત્ર નીલ પટેલની ઈકો કાર નં. GJ-15-CD-9492 લઈને વલસાડ રેલ્વે સ્ટેશન ખાતે અન્ય સંબંધીઓને લેવા માટે ગયા હતાં. ત્યાંથી પરત ફરતી વખતે રાત્રિના આશરે એક વાગ્યાના સુખેશ રામપોર સાઈબાબા મંદિરની સામે નાનાપોંઢા જતાં રોડ પર સામેથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક મહેન્દ્રા પિકઅપ ગાડી નં. MH-13-DQ-0283ના ચાલકે ઈકો કારને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માતમાં ઈકો કારમાં સવાર પિંકલ પટેલ ઉ.વ. ૨૬ને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે કારમાં બેસેલા પાયલબેન, રીયાબેન અને સુહાનીબેનને પણ નાની મોટી ઈજાઓ થઈ હતી. ઘટના બાદ અકસ્માત સર્જીને પિકઅપ ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ ઈજાગ્રસ્ત પિંકલને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પારડી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને આજે વહેલી સવારે ૫.૪૫ વાગ્યે મૃત જાહેર કર્યો હતો. આ સમગ્ર ઘટના અંગે મૃતકના પિતા રાજેશભાઈ પટેલે પીકઅપ ચાલક વિરુદ્ધ પારડી પોલીસમાં ફરિયાદ આપતા પારડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સેગવીની વાંકી નદી પુલ પાસે ગેસ લાઈનમાં ભંગાણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૦ :** વલસાડ તાલુકાના સેગવી ગામની વાંકી નદીના પુલ નજીક ચાલી રહેલા જેસીબી ખોદકામ દરમિયાન અચાનક મુખ્ય ગેસ લાઈનમાં મોટું ભંગાણ પડ્યું હતું. ગેસ લાઈન તૂટતાની સાથે જ મોટા પાયે ગેસ લીકેજ થવા લાગ્યો હતો, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. આટલી ગંભીર દુર્ઘટના સર્જાઈ હોવા છતાં, સંબંધિત વિભાગની ઘોર બેદરકારી સામે આવી છે.

જ્યારે આ ગેસ લીકેજની ઘટના બની ત્યારે કંપની કે તંત્રનો એકપણ જવાબદાર કર્મચારી સ્થળ પર ડોકાયો ન હતો. ગેસ લીકેજ જેવી સંવેદનશીલ અને જોખમી બાબતમાં પણ તંત્રની આવી નિષ્કાળજીને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વાંકી નદીના પુલ પાસે અચાનક ગેસ લીકેજનો અવાજ આવતા જ લોકો જીવ બચાવવા ભાગવા લાગ્યા હતા. ગેસ હવામાં પ્રસરવાને કારણે મોટી દુર્ઘટના થવાનો ડર હતો, છતાં કોઈ કર્મચારી સમયસર મદદે ન પહોંચ્યો. સદનસીબે, ગેસ લીકેજ દરમિયાન કોઈ સ્પાર્ક કે આગ ન લાગવાને કારણે એક મોટી હોનારત ટળી ગઈ છે.

જો સમય રહેતા આ લીકેજને સંપૂર્ણપણે બંધ કરવામાં નહીં આવે, તો આસપાસના રહેણાંક વિસ્તારો માટે મોટું જોખમ ઊભું થઈ શકે છે. હાલમાં સ્થાનિક લોકો દ્વારા આ અંગે ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવી હોવાના અહેવાલ છે.

## ભીમપોરમાં ગોડાઉનમાં ધમધમતું જુગારખાનું ઝડપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૧૦ :** કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ગેરકાયદેસર -વૃત્તિઓને રોકવા માટેના અભિયાનના ભાગ રૂપે, દમણ પોલીસે શુક્રવારે ભીમપોરના એક ગોદામમાં મોટો દરોડો પાડ્યો હતો અને ગેરકાયદેસર જુગાર રમતા ૧૬ લોકોની ધરપકડ કરી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ૩,૭૧,૦૨૦ રૂપિયા રોકડા, ૧૩ મોબાઈલ ફોન, પત્તા અને બે કાર જપ્ત કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડૈયાની એક ટીમે શુક્રવારે બપોરે ભીમપોરમાં એક ગોદામ પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન, ૧૬ લોકોને પત્તા સાથે જુગાર રમતા રંગે હાથે પકડવામાં આવ્યા હતા. ન્યાયાધીશોની હાજરીમાં જરૂરી કાનૂની -ક્રિયાઓ પૂર્ણ કર્યા પછી તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન પોલીસે ૩,૭૧,૦૨૦ રૂપિયા રોકડા, ૧૩ મોબાઈલ ફોન, બે પત્તાના પેકેટ, ૧૦૯ છૂટા રમતા પત્તા, બે મારુતિ સુઝુકી કાર અને જુગાર માટે વપરાતી અન્ય સામગ્રી જપ્ત કરી હતી.

આ સંદર્ભે, કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડાયા ખાતે ગુનો નંબર ૧૫/૨૦૨૬ નોંધવામાં આવ્યો છે. આરોપીઓ સામે ગોવા, દમણ અને દીવ જાહેર જુગાર અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૩, ૪ અને ૭ અને ભારતીય દંડ સંહિતા (ૐફ૯), ૨૦૨૩ ની કલમ ૧૧૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા એક આરોપી સામે જુગાર કાયદા હેઠળ અગાઉના કેસ નોંધાયેલા છે. વિગતવાર તપાસ ચાલી રહી છે.

## ઉમરગામ પાલિકાના નવી સમિતિના અધ્યક્ષો સાથે સંકલન બેઠક યોજાઈ


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૧૦ :** ઉમરગામ શહેરના સર્વાંગી વિકાસના સંકલ્પ ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવની અધ્યક્ષતામાં ઉમરગામ નગરપાલિકામાં નવી સમિતિના અધ્યક્ષઓ તથા નગરપાલિકાના એસ.આઈ. સાથે પ્રથમ સંકલન બેઠક યોજાઈ હતી.




બેઠક દરમિયાન શહેરના વિકાસને વધુ ગતિ આપવા, સ્વચ્છતા, પીવાના પાણીની સુવિધા, રસ્તાઓ સહિતની પ્રાથમિક નાગરિક સુવિધાઓમાં સુધારો લાવવા અને કામગીરીને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તમામ સમિતિઓ વચ્ચે સંકલન અને ટીમવર્કથી શહેરના વિકાસને વેગ આપવા પર ભાર મૂકાયો હતો. નગરપાલિકા પ્રમુખ ખુશ્બુ શૈલેષ જાદવે જણાવ્યું હતું કે, સૌના સહકારથી ઉમરગામને વધુ સ્વચ્છ, સુંદર અને વિકસિત બનાવવાનો સંકલ્પ વધુ મજબૂત બન્યો છે. તેમણે જનસેવા એ જ અમારું પ્રથમ કર્તવ્ય હોવાનું જણાવી વિકાસલક્ષી કામગીરીને પ્રાથમિકતા આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

## ધરમપુરના બરૂમાળમાં વીએચપીના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષે મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૦ :** વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોકકુમાર ચાર દિવસીય દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમિયાન બરૂમાળ સ્થિત શ્રી સદગુરુધામ પહોંચ્યા હતાં. અહીં તેમણે પરમપૂજ્ય આચાર્ય મહામંડલેશ્વર સ્વામી વિદ્યાનંદ સરસ્વતી મહારાજના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા તેમજ શ્રી સદગુરુધામ ખાતે ચાલી રહેલી ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી.



ત્યારબાદ તેમણે વિશ્વ હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને આનુષંગિક સંગઠનોના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન અયોધ્યાના શ્રી રામજન્મભૂમિ મંદિર, ધર્માંતરણના પડકારો તેમજ હિંદુ સમાજને સંગઠિત અને સશક્ત બનાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી કાર્યકર્તાઓને સંગઠન મજબૂત બનાવવા, ધાર્મિક જાગૃતિ અને સેવા પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવાના માર્ગદર્શન આપ્યા હતા. આ પ્રસંગે સંતો, સ્થાનિક પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં હિંદુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## છીરીના એટીએમ સેન્ટર પર મજુરને ગઠીયો ભેટી ગયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૦ :** વાપીના છીરી રામનગર વિસ્તારમાં રહેતા એક મજૂર ગત ૦૫ જુલાઈએ અહીંના એચડીએફસી બેન્કના એટીએમ ઉપર પૈસા ઉપાડવા ગયો હતો. જ્યાં એક ઠગ સામે તેને નજર ચૂકવી કાર્ડ બદલી પિન નંબર જોઈ લીધા બાદ ખાતામાંથી ૭૨ હજાર ૯૯૮ રૂપિયા ઉપાડી લીધા હતાં. ઘટના અંગે ભોગ બનનાર મજુર રામ સ્વર્ગ ભારદ્વાજએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એટીએમ પર લાગેલા સીસીટીવી કેમેરાના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

## ચલામાં પાલતુ બિલાડીને પકડવા જતાં મહિલા સાતમા માળે પટકાતાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૦ :** ચલામાં પાળેલી બિલાડી પકડવા જતાં સાતમા માળેથી પટકાયેલી મહિલાનું મોત નિપજ્યું હતું. વાપીના ચલા મુકતાનંદ માર્ગ પર આવેલી એક સોસાયટીમાં સાતમા માળે રહેતી એક મહિલા પાળેલી બિલાડી ઘરમાંથી મેસેજમાં ભાગી જતાં તેને પકડવા જતાં સાતમા માળેથી પટકાતા મોત થયું છે.

બનાવની પ્રાપ્ત મુજબ વાપી ચલા મુક્તાનંદ માર્ગ પર આવેલી ઓરો પ્રમુખ રેસિડેન્સીમાં પાંચમાં માળે રહેતી મહિલા વિજ્યાલક્ષ્મી ક્રિષ્ના નાયક ઉંમર વર્ષ ૩૭ ગત તા.૦૭ની રાત્રે ઘરમાં પાળેલી એક બિલાડી ફલેટમાંથી બહાર નીકળી પેસેજમાં ઘૂસી જતાં તેને પકડવા પાછળ દોડી હતી. આ બિલાડી સાતમા માળે જતી રહેતા તેને પકડવામાં મહિલા સાતમાં માળેથી દાદરના પેસેજમાં નીચે પટકાઈ હતી. ત્યાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ સોસાયટીના રહીશ કાર્તિક પંકજ મહેતાએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં કરતા પોલીસે અકસ્માત મોતનો મોદી આગળ તપાસ હાથ ધરી છે.

## દાનહમાં મતદારયાદી સુધારણા અભિયાનમાં ૨૨.૧૦ ટકા મતદારો ગેરહાજર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૧૦ :** ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન દાદરા અને નગર હવેલી સંસદીય મતવિસ્તારમાં દર પાંચમાંથી એક મતદારનું સ્થળ પર ચકાસણી દરમિયાન સત્યાપન થઈ શક્યું નહોતું. શુક્રવારે જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદી મુજબ કુલ ૨,૯૧,૬૭૨ નોંધાયેલા મતદારોમાંથી ૬૪,૪૭૩ મતદારો (૨૨.૧૦ ટકા) ગેરહાજર અથવા શોધી શકાયા નહીં તેવી શ્રેણીમાં નોંધાયા છે.



ચૂંટણી વિભાગના આંકડા મુજબ અભિયાન દરમિયાન ૨,૦૫,૯૯૮ મતદારો (૭૦.૬૩ ટકા) દ્વારા એન્યુમરેશન ફોર્મ જમા કરાવવામાં આવ્યા હતાં. ઉપરાંત ૧૩,૧૧૮ મતદારો (૪.૫૦ ટકા) કાયમી રીતે અન્યત્ર સ્થળાંતર કરેલા હોવાનું સામે આવ્યું, ૫,૫૮૧ મતદારો (૧.૯૧ ટકા) મૃત હોવાનું નોંધાયું જ્યારે ૨,૦૮૪ મતદારો (૦.૭૧ ટકા)ના નામ એકથી વધુ સ્થળે નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું.

આ મુદ્દે યોજાયેલી પત્રકાર પરિષદમાં આરડીસી (મુખ્યાલય) તથા ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર અમિત કુમારે જણાવ્યું હતું કે ડ્રાફ્ટ મતદાર યાદીમાં નામ ન હોય તો કોઈએ ગભરાવાની જરૂર નથી.

તેમણે કહ્યું, જો કોઈનું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં નથી તો તેઓ દાવા અને વાંધાની પ્રક્રિયા દરમિયાન અરજી કરી શકે છે. તે ઉપરાંત ચૂંટણી વિભાગમાં મતદાર નોંધણી સતત ચાલતી પ્રક્રિયા છે. જ્યાં સુધી કોઈ ચૂંટણી જાહેર કરવામાં આવી નથી ત્યાં સુધી પાત્ર નાગરિકો નવા મતદાર ઓળખપત્ર માટે અરજી કરી શકે છે.

## કોષમપાડાથી રૂા.૯.૫૦ લાખનો લીલા ગાંજા સાથે એક ઝડપાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૦ :** વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસને મળેલી બાતની આધારે ધરમપુર તાલુકાના કોષપાડા ગામમાં એક ઈસમના ત્યાં છાપો મારતા તેના ઘરેથી લીલા ગાંજાનો ૧૯ કિલો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત રૂા.૯,૫૦,૦૦૦ થાય છે. પોલીસે આ ગાંજાના જથ્થા સાથે આરોપી અજય શંકર કુંવર રહેવાસી કોષપાડાની એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

### માત્ર ૫ સેકન્ડમાં આઠ ગ્રહોના નામ બોલી બતાવશો ?

## વલસાડની બે વર્ષની ભૂલકીએ એ કડકડાટ બોલી રેકર્ડ કર્યો

**વલસાડ, તા.૧૦ :** કહેવાય છે કે ઉંમર માત્ર એક આંકડો છે અને જો અસાધારણ બુદ્ધિ પ્રતિભા હોય તો નાનપણમાં પણ રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડી શકાય છે. વલસાડના તિથલ રોડ પર આવેલા પાલિહીલ વિસ્તારમાં રહેતી માત્ર ૨ વર્ષ અને ૨ મહિનાની નાનકડી બાળકી ખ્યાના સોહમ પટેલે આ વાતને અક્ષરશઃ સાબિત કરી બતાવી છે. આ નાની દીકરીએ પોતાની અદભુત અને તીવ્ર યાદ શક્તિના જોરે પ્રતિષ્ઠિત 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ ૨૦૨૬' (India Book of Records 2026) માં પોતાનું સ્થાન સુરક્ષિત કરીને સમગ્ર વલસાડ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.




ખ્યાનાએ આંખના પલકારામાં એટલે કે માત્ર ૫ સેકન્ડથી પણ ઓછા સમયમાં સૌરમંડળના તમામ ૮ ગ્રહોના નામ બિલકુલ યોગ્ય અને સચોટ ક્રમમાં વાંચી તથા બોલી બતાવ્યા હતા. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સના ઈતિહાસમાં આટલી નાની ઉંમરે આ પ્રકારે વીજળીક ઝડપે રેકોર્ડ નોંધાયો હોય તેવી આ પ્રથમ જ અનોખી ઘટના છે. તેણીની આ અસાધારણ યાદશક્તિ અને બૌદ્ધિક કૌશલ્યને ધ્યાનમાં રાખીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સત્તાવાર રીતે તેને IBR એચીવર (IBR Achiever)નું ગૌરવપૂર્ણ બિરુદ એનાયત કરવામાં આવ્યું છે. આ અદભુત સિદ્ધિ બદલ દેશભરમાંથી તેની પ્રશંસા થઈ રહી છે.

બાળકી ખ્યાનાને વારસામાં જ બૌદ્ધિક સમૃદ્ધિ મળી છે કારણ કે તેના માતા-પિતા બંને તબીબી ક્ષેત્રે ખૂબ જ જાણીતું નામ છે, પિતા ડૉ. સોહમ કલ્પેશ પટેલ, જેઓ વલસાડ અને વાપી ખાતે ન્યૂરો સર્જન (Neuro Surgeon) તરીકે ફરજ બજાવે છે. જ્યારે માતા ડૉ. રુચિ સોહમ પટેલ (શાહ), જેઓ વલસાડની કસ્તુરબા હોસ્પિટલ માં ગાયનોકોલોજીસ્ટ તબીબ તરીકે સેવારત રહીને લોકોની સેવા કરી રહ્યાં છે.

આ તબીબ દંપતીએ પોતાના વ્યસ્ત સમયપત્રક વચ્ચે પણ પુત્રીના આંતરિક કૌશલ્યોને ઓળખી તેને સાચું માર્ગદર્શન આપ્યું છે, જેના કારણે આજે આ નાની ઉંમરે ખ્યાનાએ રાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધિ હાસિલ કરી છે. તિથલ રોડ સ્થિત પાલિહીલ નિવાસસ્થાને હાલ આ ખુશીના સમાચારથી કુટુંબ અને સ્નેહીજનોમાં ભારે આનંદનો માહોલ છે. તારાઓ સુધી પહોંચતા રહો, નાની ખ્યાના! આ આકાશ તો તારા માટે માત્ર એક શરૂઆત છે.

## વાપી આનંદનગર માર્ગ ઉપર ભર ચોમાસામાં વૃક્ષોની ડાળીઓ કાપવાનું શરૂ

**વાપી, તા.૧૦ :** વાપીના આનંદનગર-છરવાડા માર્ગ પર ભર ચોમાસા દરમિયાન જોખમી બની ગયેલી વૃક્ષોની ડાળીઓ કાપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં અસંખ્ય વૃક્ષોની ડાળખીઓ કાપી નાંખવામાં આવતા રસ્તા ઉપર ઠેર ઠેર લાકડા જોવા મળ્યા હતાં.



વાપી વન વિભાગની કચેરી અને આરજીએએસ હાઈસ્કુલથી આસોપાલવ સોસાયટીથી ભોલે બાબા આશ્રમ સુધીના માર્ગ પર બંને બાજુ આવેલા વૃક્ષોની મોટી થયેલી ડાળીઓ વાહનચાલકો તથા રાહદારીઓ માટે જોખમરૂપ બનતા ફાયર વિભાગની ટીમે જરૂરી સાધનો સાથે કામગીરી હાથ ધરી હતી.

તાજેતરમાં પવન અને વરસાદના કારણે ડાળીઓ તૂટી પડવાની સંભાવના વધતા સલામતીના હેતુથી આ કામગીરી કરવામાં આવી રહી છે. જોકે સ્થાનિક રહેવાસીઓએ સવાલ ઉઠાવ્યો છે કે આવી કામગીરી પ્રી-મોન્સૂન આયોજન દરમિયાન કેમ કરવામાં આવી નહીં. આનંદનગર તેમજ આસોપાલવ સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ ચોમાસા પહેલાં જોખમી ડાળીઓ દૂર કરવામાં આવી હોત તો હાલ વરસાદ વચ્ચે કામગીરી કરવાની જરૂરિયાત ઉભી ન થાત અને અકસ્માતનું જોખમ પણ ઓછું રહેત અને ઘર ચોમાસે વીજ કાપથી સ્થાનિક લોકોને રાહત થતે જોકે હાલમાં વીજ પુરવઠો બંધ કરી ઝાડની ડાળખીઓ કાપવાથી લોકો પરેશાન બન્યા હતાં.

## ડુંગરા એનડીપીએસ અને આર્મ્સ એક્ટનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**વાપી, તા.૧૦ :** ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આર્મ્સ એક્ટ તેમજ એનડીપીએસ એક્ટના ગુનામાં વોન્ટેડ જાહેર કરાયેલા આરોપીને વલસાડ એસઓજીની ટીમે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. વલસાડ એસઓજીના પીઆઈ ડી.ડી. પરમાર તથા પીએસઆઈ ધાનેરાના માર્ગદર્શન હેઠળ ટીમે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન વિશાલ જીંપુ ગંજુ (ઉં. ૨૫), હાલ રહે વડિયાવાડ, કોચરવા, વાપી અને મૂળ વતની દહાણુ (મહારાષ્ટ્ર)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી સામે ડુંગરા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ અને એનડીપીએસ એક્ટ હેઠળ ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આરોપીની ધરપકડ બાદ તેને ડુંગરા પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે અને અન્ય કોઈ ગુનામાં તેની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

## ફ્લેટ વેચવાનો છે

વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ. હાઉસીંગ સોસાયટીમાં

2 BHK ફ્લેટ વેચવાનો છે

Area : 1240 Sq.ft.

Mo. :98259 90770

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**